
સંક્ષિપ્ત

# બાપુની ઝાંખી

કાકાસાહેબ કાલેલકર



GJ
891.474
G 151 K

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

संक्षिप्त

# बापुनी झांखी

काकासाहेब कालेलकर

नवजीवन प्रकाशन मंदिर
अहमदाबाद-३८० ०१४

Acc. No. 130371
Date 15/9/2010

દસ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૨૦૦૪

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, એપ્રિલ ૨૦૦૪
બીજું પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૧૩,૦૦૦

ISBN 81-7229-338-0

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.474 G 151 K
00130371

# प्रसंग

સ્વાતંત્ર્યયુદ્ધની સન ૧૯૪૨ની 'હિંદ છોડો' લડતમાં અમને બધાયને જેલમાં પૂરવામાં આવ્યા ત્યારે ત્યાં પણ અમને આખર સુધી એક જગ્યાએ નહોતા રાખ્યા. તે દિવસોમાં મેં બધી મળીને છ જેલો જોઈ! પરદેશી સરકારે પ્રથમ માન્યું કે પ્રતિષ્ઠિત લોકોને તેમના પોતાના પ્રાંતમાં રાખવામાં જોખમ છે. તેથી, મધ્ય પ્રાંતના મુખ્ય મુખ્ય માણસોને દૂર મદ્રાસ પ્રાંતની વેલોર જેલમાં રાખ્યા. ત્યાં મધ્ય પ્રાંતના અનેક પ્રમુખ કૉંગ્રેસી આગેવાનો સાથે મારે પરિચય થયો.

જ્યારે પરિસ્થિતિ કાબૂમાં આવી અને સરકારની ગભરામણ ઓછી થઈ ત્યારે અમને વેલોરથી મધ્ય પ્રાંતની સિવની જેલમાં મોકલવામાં આવ્યા. ત્યાં લેખન, વાચન અને ચર્ચામાં અમારા દિવસ સારી રીતે જતા હતા. બપોરે જમ્યા પછી જબલપુરવાળા ઠાકુર લક્ષ્મણસિંહ ચૌહાણ, અમરાવતીના ડૉ. શિવાજીરાવ પટવર્ધન, હું અને બીજા થોડા ભાઈઓ એક મોટા ઓરડામાં સાથે બેસી અમસ્તી વાતો કરતા. ઓસરી કરતાં ત્યાં ગરમી પણ જરા ઓછી રહેતી.

કુદરતી રીતે જ લોકો મને ગાંધીજી વિશે પૂછતા. હું પણ વાતચીતમાં આશ્રમજીવનના કોઈ કોઈ પ્રસંગો કહી સંભળાવતો. એક દિવસ ઠાકુર લક્ષ્મણસિંહે કહ્યું, 'બાપુ વિશે આપની પાસે આટલી બધી વાતો છે ત્યારે તે લખી કેમ નથી કાઢતા?' મેં કાંઈક વિનોદમાં જવાબ આપ્યો, 'મારી દશા શ્રી વ્યાસજી જેવી છે. તેમના મગજમાં મહાભારતનો આખોયે ઇતિહાસ ભરેલો હતો, પણ તે લખાય કોને હાથે? તે બધું લખી શકે એવું આ દુનિયામાં કોઈ

હતું નહીં (परं न लेखकः कश्चित् अेतस्य भुवि विद्यते) જ્યારે ગણેશજી જેવા ચાર હાથવાળા બુદ્ધિમાન લેખક તેમને મળ્યા ત્યારે મહાભારત દુનિયામાં પ્રગટ થયું !' શ્રી લક્ષ્મણસિંહ હસીને બોલ્યા, 'ઠીક ત્યારે, હું આપનો ગણેશ બનવા તૈયાર છું.' મેં કહ્યું, 'રાતદિવસ લખ લખ કરવાની વાત નથી. જમ્યા પછીનો ગપ્પાં મારવાનો વખત આમાં આપવો છે. એકબે સંસ્મરણ લખ્યાં એટલે તે દિવસનું કામ પૂરું થયું. આમ કરવાથી બીજા કામમાં વિક્ષેપ પડ્યા વગર રોજ નિયમિતપણે કંઈ ને કંઈ લખી શકાશે. આ જ કામમાં બધો વખત કાઢીએ તો બાકીનાં બીજાં કામ રહી જાય અને પછી તેના પસ્તાવામાં આ કામ પણ રહી જાય.' આખરે રોજ થોડું થોડું લખવાનું નક્કી થયું. અને ધીરે ધીરે કિસ્સાઓની સંખ્યા વધતી ગઈ. લખેલું બીજા સાથીઓએ પણ વાંચ્યું ને તેમણે પ્રોત્સાહન આપ્યું કે 'લખાવવાનું ચાલુ રાખજો.'

પછી રાજદ્વારી કેદીઓના છૂટવાના દિવસો આવ્યા. મોટા મોટા સરકારી અધિકારીઓ કોઈ કોઈ વાર જેલ જોવા આવતા. એક દિવસ એવા એક અધિકારીએ ખાનગી રીતે કહ્યું, 'બીજા તો બધા છૂટી જશે. પણ કાકા અને વિનોબા જલદી છૂટવાના નથી. તેમાંય વિનોબા કદાચ છૂટી જાય. તેમની વિરુદ્ધ અમારી પાસે કશો પુરાવો નથી. પણ કાકાસાહેબના લેખોએ બહુ ઉત્પાત મચાવેલો એટલે તેમના છૂટવાની આશા જરાયે નથી.'

મેં મારા પ્રસંગો લખાવવાનું નિરાંતે ચાલુ રાખ્યું. પ્રસંગોની સંખ્યા સારી સરખી વધી ત્યારે વિચાર આવ્યો કે ઓછામાં ઓછા ૧૦૮ પ્રસંગો તો થવા જ જોઈએ. પછી જ્યારે આંકડો ૧૦૦ની નજીક પહોંચતો દેખાયો ત્યારે રોજ બબ્બે પ્રસંગ લખાવવાનું શરૂ કર્યું. આમ, સો ઉપર એક પ્રસંગ થયો ત્યાં અચાનક વિનોબા અને હું બંને સાથે જ છૂટી ગયા !

આ લખાયા ત્યારે પૂ. બાપુ જીવતા હતા. દીર્ઘકાળ સુધી જીવવાનો તેમનો સંકલ્પ હતો ને રાષ્ટ્રની પ્રાર્થના પણ તે જ હતી. હું જાણતો હતો કે મારે આ સંસ્મરણો સંયમપૂર્વક રજૂ કરવાં જોઈએ, કેમ કે ક્યાંક જો એ બાપુના જોવામાં આવે અને તેમાં શ્રદ્ધાભક્તિની વધારેપડતી ઊર્મિ દેખાય તો તેમને ગમે નહીં. પણ એક બાજુ આની હસ્તલિખિત નકલ મેં **નવજીવન**ને આપી અને બીજી

બાજુ પૂજ્ય બાપુને આપણે ખોયા. પછી એક વાર વિચાર પણ કર્યો કે હવે આ સંસ્મરણોમાં કંઈક ફેરફાર કરું; પણ પાછો મનમાં એવો નિશ્ચય થયો કે જેવાં લખાયાં છે તેવા જ સ્વરૂપમાં રહેવા દેવાં સારાં.

આ પ્રસંગો કોઈ ખાસ ઉદ્દેશ મનમાં રાખી પસંદ કર્યા નથી. કાંઈક ચર્ચા નીકળી ને તેમાં જે પ્રસંગ યાદ આવ્યો તે તે દિવસે બપોરે લખાવી દીધો.

આ સંસ્મરણોમાં પૂજ્ય બાપુના સંપૂર્ણ દર્શનની આશા વાચકો ન રાખે. પરંતુ એમના સમૃદ્ધ અને તેજસ્વી જીવનનાં કેટલાંક પાસાંઓનું યથાર્થ દર્શન એમને અહીં જરૂર થશે. ગાંધીજીની વિભૂતિની પૂરેપૂરી ભવ્યતા આમાં પ્રતિબિંબિત થઈ નથી. ગાંધીજીના ચરિત્રનું મારા મન પરનું સંપૂર્ણ ચિત્ર દોરવા બેસત તો બીજી રીતે લખત.

પૂ. બાપુજી વિશે જે કાંઈ વાંચવાને મળે તે લોકોને આનંદદાયક હોય જ છે. મને પોતાને આ ચોપડીથી સંતોષ નથી. જે સંસ્મરણો અહીં આપ્યાં છે તે આના કરતાં વધારે સારી રીતે જરૂર આપી શકાત. પણ પૂ. બાપુજીએ જ એક વખતે મને કહેલું : "જે વસ્તુ જે વખતે, જેમ આપી શકાય તેમ આપી છૂટવું, વધારે અનુકૂળ પ્રસંગની રાહ જોતાં કશું થાય જ નહીં." એમની એ શિખામણ મેં સ્વીકારી તેથી જ થોડુંઘણું લખી શક્યો. અનુકૂળ સંજોગોની રાહ જોવા બેસત તો નદી આખી વહી ગયા પછી સામે કાંઠે ચાલી જવાની મુરાદ સેવવા બરાબર થાત !

આ પ્રસંગો મૂળે હિંદીમાં લખાયા હતા અને **बापूकी झाँकियाँ**ને નામે પ્રસિદ્ધ થયા હતા. એ ચોપડીનો આ ગુજરાતી અનુવાદ છે.

મારી ગુજરાતી ભાષાની શૈલી સાથે જેમને સારો પરિચય છે એવા અનુવાદકો મને મળ્યા છે એ સંતોષની વાત છે. મૂળ સંસ્મરણો જેમ સૂઝ્યાં તેમ લખાવ્યાં હતાં. એ બધાં કાલક્રમે ગોઠવવામાં મને શ્રી જેઠાલાલ ગાંધીની ઘણી મદદ થઈ છે. મારાં બધાં જ પ્રકાશનો પાછળ તેઓ પ્રેમથી મહેનત કરતા આવ્યા છે. આટલી આત્મીયતાથી મદદ કરનારનો આભાર શબ્દોથી કેમ મનાય ?

મૂળ હિંદુસ્તાની પુસ્તકના ગુજરાતી ઉપરાંત મરાઠી, બંગાળી, અંગ્રેજી વગેરે અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે એ આનંદની વાત છે.

ગાંધીયુગમાં જીવવાનું સદ્ભાગ્ય જેમને મળ્યું, એટલું જ નહીં પણ જેઓ ગાંધીજીના પ્રસંગમાં આવવા જેટલા ભાગ્યશાળી થયા તેમનું પરમ કર્તવ્ય છે કે તેમણે પૂ. બાપુજી સાથેના નાનામોટા બધા પ્રસંગો, સ્મૃતિ દગો દે તે પહેલાં, લખી કાઢવા. તેમાં એટલી વાત યાદ રાખવી કે જે લખીએ તે પોતાના સ્મરણ પ્રમાણે તદ્દન સાચું જ હોય અને એમાં બાપુ કરતાં પોતાની જાતને વધુ પ્રગટ કરવાની ભૂલના ભોગ થઈ પડવું નહીં.

નવી દિલ્હી

૩૦-૧-'૫૭

काका कालेलकर

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | प्रसंग — काका कालेलकर | ३ |
| ૧. | ભગવાન પર ભરોસો | ૩ |
| ૨. | મોહન અને ચાર્લી | ૪ |
| ૩. | માતૃભાષાનો આગ્રહ | ૬ |
| ૪. | માના જેવું વહાલ | ૬ |
| ૫. | બે મહાપુરુષોનું પ્રથમ મિલન | ૮ |
| ૬. | હિંદુસ્તાનને સંદેશ | ૧૦ |
| ૭. | વિશ્વજિત યજ્ઞ | ૧૨ |
| ૮. | પગરખાં ન પહેરવાનું વ્રત | ૧૩ |
| ૯. | પરસ્પર નિષ્ઠા | ૧૪ |
| ૧૦. | અવળચંડી પેન્સિલ | ૧૭ |
| ૧૧. | સત્યનિષ્ઠની પૂજા | ૧૮ |
| ૧૨. | ભગવાં ઉતારવાં પડશે | ૧૮ |
| ૧૩. | આશ્રમનો ભાત | ૨૦ |
| ૧૪. | બે આત્માઓનું મિલન | ૨૧ |
| ૧૫. | ભયગ્રસ્ત માણસ અહિંસક થઈ જ ન શકે | ૨૩ |
| ૧૬. | વાછરડાને મરણદાન | ૨૪ |
| ૧૭. | કોઈની આબરૂને જોખમ ન પહોંચે | ૨૬ |
| ૧૮. | આશ્રમમાં શાળાનો આરંભ | ૨૮ |
| ૧૯. | ગાંધીજી – લોકમાન્યની દૃષ્ટિએ | ૨૯ |
| ૨૦. | સાપ ખભા પર ચડ્યો | ૩૦ |
| ૨૧. | હરિજનસેવાનો આરંભ | ૩૨ |
| ૨૨. | સન્નિપાત પણ કેવો ! | ૩૩ |
| ૨૩. | નાની નાની બાબતોની કાળજી | ૩૪ |
| ૨૪. | સાદાઈ, સ્વાવલંબન અને બ્રહ્મચર્ય | ૩૫ |
| ૨૫. | સાંઢની પેઠે શીંગડાં પર | ૩૭ |
| ૨૬. | તેથી એકલો આવ્યો છું | ૩૮ |
| ૨૭. | ચાળીસ હજાર પાછા આપ્યા | ૩૮ |
| ૨૮. | શાળા મારી નથી, તમારી છે | ૩૯ |
| ૨૯. | પોલીસ કમિશનરને આશ્ચર્ય થયું | ૪૦ |

| | | |
|---|---|---|
| ૩૦. | જાગરૂકતા | ૪૧ |
| ૩૧. | અંધ અનુયાયી | ૪૨ |
| ૩૨. | મજૂર નેતા તરીકે | ૪૩ |
| ૩૩. | સાચો ગુરુ ભગવાન | ૪૬ |
| ૩૪. | વચન પર વિશ્વાસ | ૪૯ |
| ૩૫. | કેવી લગની ! | ૫૦ |
| ૩૬. | રાજનૈતિક ચારિત્ર્યનો પ્રશ્ન | ૫૧ |
| ૩૭. | સ્વરાજ્યના અખંડ જપનું વ્રત | ૫૩ |
| ૩૮. | 'ગાંધીટોપી' કેવી રીતે સૂઝી ? | ૫૪ |
| ૩૯. | અસ્પૃશ્યતાની શરતે સ્વરાજ્ય પણ નહીં | ૫૫ |
| ૪૦. | અટળ નિયમ | ૫૬ |
| ૪૧. | સ્વદેશી ધર્મ – પડોશીધર્મ | ૫૭ |
| ૪૨. | ઝેર ચૂસી લીધું | ૫૮ |
| ૪૩. | શિસ્તપાલન | ૫૯ |
| ૪૪. | કરોડો ગરીબોની દૃષ્ટિએ | ૬૦ |
| ૪૫. | 'હું જ એનો ગેરસપ્પા છું' | ૬૧ |
| ૪૬. | **जिन तनु दियो ताहि बिसरायो !** | ૬૩ |
| ૪૭. | સંયમનો પાઠ | ૬૪ |
| ૪૮. | મનોમંથન કેમ નહીં ? | ૬૬ |
| ૪૯. | ગરીબો માટે માન | ૬૭ |
| ૫૦. | મૌનવ્રતમાં અપવાદ | ૬૮ |
| ૫૧. | સેવામય પ્રેમ | ૬૯ |
| ૫૨. | બુદ્ધ ભગવાન સાથે તાદાત્મ્ય | ૭૧ |
| ૫૩. | દક્ષિણા આપો એટલે આશીર્વાદ મળશે | ૭૨ |
| ૫૪. | દિવ્ય કામના | ૭૩ |
| ૫૫. | આશાનું પ્રતીક | ૭૪ |
| ૫૬. | અનોખી પ્રશ્નોતરી | ૭૫ |
| ૫૭. | કેદી રસોઈયો દત્તોબા | ૭૬ |
| ૫૮. | આ પણ અપરિગ્રહમાં આવે | ૭૮ |
| ૫૯. | ઉત્કટ સાધના | ૭૯ |
| ૬૦. | દાક્તર પાસે ફી લીધી ! | ૮૦ |

# બાપુની ઝાંખી

# ૧. ભગવાન પર ભરોસો

દક્ષિણ આફ્રિકામાં પઠાણોએ બાપુ પર હુમલો કર્યો અને મારથી બાપુ મરી ગયા એમ સમજી તેઓ તેમને પડતા મૂકી ત્યાંથી ચાલ્યા ગયા. બાપુ ફક્ત બેહોશ થઈ ગયા હતા. હોશ આવતાં પહેલી વાત તેમણે એ કહી કે જેમણે મારા પર હુમલો કર્યો છે તેમને સજા ન થવી જોઈએ. હું મારા તરફથી એમને માફી આપું છું.*

તે દિવસથી બાપુના પરમ મિત્ર કૅલનબૅક બાપુને ક્યાંય એકલા જવા દેતા નહીં. કૅલનબૅકનું કદ ઊંચું ને શરીર ઘડાયેલું હતું. કુસ્તી, મુક્કાબાજી એ બધું તેમને સરસ આવડતું હતું. બાપુ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેમના અંગરક્ષકની પેઠે કૅલનબૅક પણ સાથે જતા.

એક દિવસ બાપુ એક સભામાં ગયા હતા. કૅલનબૅકને ખબર મળી કે ત્યાં ગોરાઓ બાપુ પર હુમલો કરવાના છે. એટલે સભામાં જતી વખતે તેઓ પોતાના પાટલૂનના ખિસ્સામાં રિવૉલ્વર લઈને ચાલ્યા. બાપુને આ વાતની ખબર પડી એટલે તેઓ બહુ ગુસ્સે થયા ને કહેવા લાગ્યા : 'ફેંકી દો રિવૉલ્વર. તમને ભગવાન પર ભરોસો છે કે રિવૉલ્વર પર ? મારા રક્ષણ માટે મારી સાથે આવવાની પણ શી જરૂર ? ભગવાનના હાથમાં હું સલામત નથી શું ? મારી પાસે કામ લેવું હશે ત્યાં સુધી તે અવશ્ય મારી રક્ષા કરશે.'

* * *

ત્યાર પછી બનેલી બીજી એક ઘટના છે. ગોરા લોકોની સભા હતી. કૅલનબૅક ત્યાં ગયેલા. સભામાં એક છેડે ઊભા હતા. ત્યાં કોઈ વક્તા કે શ્રોતા સાથે ચર્ચા કરતાં ઝઘડો થયો. અંગ્રેજો એવા જ હોય છે. તાકાત હોય કે ન હોય, દમદાટી જરૂર આપે. પેલા અંગ્રેજે કૅલનબૅકને પડકાર

---

* આ આખો કિસ્સો બાપુએ **आत्मकथा**માં પોતે આપ્યો જ છે.

કર્યો : 'કમ એલૉંગ, લેટ અસ ફાઈટ-ઈટ આઉટ' (આવ, આપણે એ મુદ્દો લડી પતાવીએ). કૅલનબૅકે ઠંડે અવાજે જવાબ આપ્યો : 'બટ આઈ એમ નૉટ ગોઈંગ ટુ ફાઈટ યૂ' (પણ હું તારી સાથે લડવાનો નથી). બધા લોકો દિંગ થઈને જોઈ રહ્યા. કૅલનબૅકની તાકાત ને કુસ્તીની કુશળતા સૌ જાણતા હતા. કોઈ તેમને કાયર કહી શકે તેમ નહોતું; અને પડકાર્યા પછી કોઈ કાયર પણ આમ લડવાની ના ન પાડે ! સૌને નવાઈ થઈ.

પણ કૅલનબૅક હવે શૂરની અહિંસા કેળવી ચૂક્યા હતા.

આ વાત મેં શ્રી મગનલાલભાઈ પાસે શાંતિનિકેતનમાં સાંભળી હતી.

## ૨. મોહન અને ચાર્લી

શ્રી ઍન્ડ્રૂઝ એક અજોડ વ્યક્તિ હતા. તેમની વિદ્વત્તા અસાધારણ હતી. મિશનરી બનીને આ દેશમાં આવ્યા તે પરથી તેમના ત્યાગ ને સેવાભાવની પૂરેપૂરી પ્રતીતિ થાય છે. અહીં આવીને એમણે જોયું કે ભારતવર્ષની સેવા કરવામાં પોતાનું મિશનરીપણું અંતરાયરૂપ છે. અને મિશનરી સંસ્થાનો કાબૂ પણ એક નકામું બંધન જ છે. એટલે એમણે પોતાની રેવરંડની પદવી છોડી દીધી અને સાદા મિ. ઍન્ડ્રૂઝ થઈને રહ્યા. એમની હૃદયની નમ્રતા અસાધારણ હતી. એક દિવસ મારી સાથે અંગત વાત કરતાં કહે, 'હું હિંદુસ્તાનની સેવા અહીંના લોકોની ઈચ્છાનુસાર કરવા માગું છું. અંગ્રેજો અહીં આવી ગુરુ થઈ બેસે, એ રીતે મારે કામ નથી કરવું (કદાચ શ્રીમતી એની બિસેંટ વિશે ઈશારો હશે). અને હિંદુ બનીને હિંદુઓને તેમનો ધર્મ શીખવવા પણ નહીં માંડું (કદાચ સિસ્ટર નિવેદિતા તેમની નજરમાં હશે). હું તો હિંદીઓનો સેવક થઈને રહેવા માગું છું.' અને ખરેખર તેઓ સેવક જ થઈને રહ્યા.

દક્ષિણ આફ્રિકામાં બાપુના સત્યાગ્રહે ઉગ્ર સ્વરૂપ લીધું ત્યારે ગોખલે વગેરેએ શ્રી ઍન્ડ્રૂઝને તેમની મદદમાં મોકલવાનું ઠરાવ્યું. પોતપોતાની

શુભેચ્છા સાથે શ્રી ઍન્ડ્રૂઝને વિદાય આપવા તેમના મિત્રો એકઠા થયા. દરેકે તેમને યાદગીરી તરીકે કંઈ ને કંઈ ભેટ પણ આપી. તેમના મિત્ર પિયર્સન પણ એક ભેટ લાવ્યા. હસતાં હસતાં કહેવા લાગ્યા, 'હું તમારા માટે એક અજબ ભેટ લાવ્યો છું.' શ્રી ઍન્ડ્રૂઝ સમજી ન શક્યા કે શું હશે. શ્રી પિયર્સને કહ્યું, 'હું મારા પંડની જ તમને ભેટ ધરું છું. તમારી સાથે આવીશ અને બનશે તેટલી તમને મદદ કરીશ.'

બંને દક્ષિણ આફ્રિકા ગયા. અંગ્રેજો સાથે રહેતા હોવાથી બાપુ અંગ્રેજોને તરત ઓળખી જાય છે. આફ્રિકા જતાંવેંત આ બંને મિત્રો ગાંધીજીના મિત્ર બની ગયા. ઍન્ડ્રૂઝે ગાંધીજીને કહ્યું, 'હવેથી હું તમને મોહન કહીશ, તમે મને ચાર્લી કહેજો.' ત્યારથી એ બે જણનો સંબંધ માજણ્યા ભાઈઓ જેવો રહ્યો. જ્યારે જ્યારે શ્રી ઍન્ડ્રૂઝ પરદેશથી હિંદ આવતા ત્યારે થોડા દિવસ આગળ નજીકના બંદરેથી 'ટુ મોહન લવ ફ્રૉમ ચાર્લી' (મોહનને ચાર્લીનો પ્રેમ) એવો તાર કર્યા વગર તેમનાથી રહેવાતું નહીં. તેઓ આવી રીતે પૈસા ખરચતા એ બાપુને ખૂંચતું, પણ એમને ના પાડવાની એમણે કદી હિંમત ન કરી.

શ્રી ઍન્ડ્રૂઝનો સ્વભાવ કંઈક ભુલકણો હતો. નાહવા જાય ત્યાં ઘડિયાળ ભૂલી આવે. કોઈની પાસેથી કંઈ લે અથવા કોઈને કંઈ આપે તે પણ ઘણુંખરું ભૂલી જાય. આથી જ્યારે બાપુ એમને ક્યાંય મોકલતા ત્યારે વધારે પૈસા આપીને જ મોકલતા અને હસીને કહેતા, 'ખોવા માટે પણ થોડા પૈસા જોઈશે ખરા ને !' તેઓ કદી પૈસાનો હિસાબ નહોતા રાખતા. આવે ત્યારે ખિસ્સામાં કંઈ પૈસા બચ્યા હોય તો પોતાના મોહનને પાછા આપી દેતા.

આગળ જતાં ઍન્ડ્રૂઝ બાપુને મોહન કહેવાનું ચાલુ ન રાખી શક્યા. અમારું જોઈને અમારી સાથે તેમણે પણ ગાંધીજીને બાપુ કહેવા માંડ્યું.

## ૩. માતૃભાષાનો આગ્રહ

સન ૧૯૧૫ના પ્રારંભની વાત છે. દક્ષિણ આફ્રિકાનું કાર્ય પૂરું કરી વિલાયત થઈને મહાત્માજી હિંદુસ્તાન આવ્યા. મુંબઈ બંદરે ઊતર્યા ત્યારે દક્ષિણ આફ્રિકાના આ વિજયી બૅરિસ્ટરની મુલાકાત લેવા માટે એક પારસી ખબરપત્રી છેક બંદર પર પહોંચી જઈને તેમને મળ્યો. મુલાકાતીઓમાં સૌથી પહેલાં પહોંચી જવાની તેની હોંશ હતી.

તેમણે પૂછેલા સવાલનો જવાબ આપતાં પહેલાં બાપુએ કહ્યું : 'ભાઈ, તમે હિંદી છો, હું પણ હિંદી છું. તમારી માતૃભાષા ગુજરાતી છે, મારી પણ ગુજરાતી છે, તો પછી તમે મને અંગ્રેજીમાં કેમ સવાલ પૂછો છો ? તમે શું એમ માનો છો કે દક્ષિણ આફ્રિકામાં રહી આવ્યો એટલે મારી જન્મભાષા ભૂલી ગયો ? અથવા એવું તો માનતા નથી ને કે મારા જેવા બૅરિસ્ટર સાથે અંગ્રેજીમાં વાત કરવી જ શોભે ?'

ખબરપત્રી શરમાયો કે નહીં એ હું જાણતો નથી, પણ એને નવાઈ થઈ ખરી. પોતાની મુલાકાતના હેવાલમાં બાપુના આ જવાબને જ તેણે અગ્રસ્થાન આપ્યું હતું.

તેણે બીજા સવાલો શા પૂછ્યા અને બાપુએ જવાબો શા આપ્યા એ હું ભૂલી ગયો છું. પણ આપણા દેશના નેતાઓમાં એક નેતા એવા છે જે માતૃભાષામાં બોલવાની સ્વાભાવિકતાનું મહત્ત્વ સમજે છે એ જાણી સૌને સંતોષ થયો.

## ૪. માના જેવું વહાલ

મેં જણાવ્યું જ છે કે બાપુ વિલાયતથી હિંદ આવ્યા ત્યારે હું શાંતિનિકેતનમાં હતો. એ સંસ્થાનો પરિચય મેળવવા ખાતર થોડા મહિના ત્યાં રહી ભણાવવાનું કામ કરી ત્યાંનું આંતરિક વાતાવરણ કેવું છે તે મારે

સમજી લેવું હતું. એ માટે રવિબાબુએ બહુ ઉદારતાથી મને સગવડ કરી આપી હતી.

બાપુના ફિનિક્સ આશ્રમમાંથી આવેલી મંડળી પણ ત્યાં મહેમાન તરીકે રહેતી હતી. દક્ષિણ આફ્રિકાથી બાપુ વિલાયત ગયા ત્યારે પોતાના આશ્રમવાસીઓને તેમણે શ્રી ઍન્ડ્રૂઝ પાસે મોકલ્યા. શ્રી ઍન્ડ્રૂઝે તેમને થોડા દહાડા હરદ્વારમાં મહાત્મા મુનશીરામના ગુરુકુળમાં રાખ્યા અને પછી એમને શાંતિનિકેતનમાં લાવ્યા.

છાપાં વાંચતો હોવાથી હું દક્ષિણ આફ્રિકાના આપણા લોકોનો તાજો ઇતિહાસ જાણતો હતો. ગાંધીજીના આફ્રિકાના ફિનિક્સ આશ્રમ વિશે પણ મારા એક સ્નેહી ભાઈ કોતવાલ પાસેથી મેં સાંભળ્યું હતું. સંભવ છે કે એ મિત્રની મારફતે આશ્રમવાસીઓએ પણ મારું નામ સાંભળ્યું હોય. શાંતિનિકેતન જતાંની સાથે જ હું આ ફિનિક્સની મંડળીમાં લગભગ ભળી ગયો. સવારસાંજની પ્રાર્થના તેમની સાથે જ કરવા લાગ્યો ને સાંજનું ભોજન પણ તેમની સાથે જ લેવા માંડ્યું. આ આશ્રમવાસીઓ રોજ સવારે ઊઠી એક કલાક મજૂરી કરતા. શાંતિનિકેતનવાળાઓએ તેમને એક કામ સોંપી દીધું હતું. પાસે એક તલાવડી હતી ને નજીકમાં એક ટેકરી હતી. એ ટેકરી ખોદીને પેલી તળાવડી પૂરવાનું એ કામ હતું. અમે દસવીસ જણ રોજ એક કલાક કામ કરત તો એ કામ પૂરું કરતાં કોણ જાણે કેટલોય વખત લાગત. પણ અમારે તો નિષ્કામ કર્મ કરવું હતું ! રોજ ખૂબ ઉત્સાહપૂર્વક અમે અમારું કામ કર્યે જતા. શ્રી પિયર્સન પણ આમાં અમારી સાથે આવતા.

બાપુ શાંતિનિકેતન આવ્યા (તે પ્રસંગનું વર્ણન હું બીજી જગાએ જુદું આપીશ) તે રાત્રે મોડે સુધી અમે એમની સાથે વાતો કરતા બેઠા. સવારે ઊઠીને પ્રાર્થના કર્યા બાદ અમે મજૂરીએ ગયા, ત્યાંથી પાછા આવીને જોઈએ તો અમારે માટે ફળ વગેરે બધું રીતસર સમારીને અલગ અલગ થાળીઓમાં પીરસી રાખેલું ! અમે તો બધા જ કામે ગયેલા. ત્યારે માની

પેઠે આ બધી મહેનત કોણે લીધી હશે ? મેં બાપુને પૂછ્યું (તે વખતે હું બાપુ જોડે અંગ્રેજીમાં જ બોલતો) : 'આ બધું કોણે કર્યું ?' તેમણે કહ્યું: 'કેમ, મેં કર્યું.' મેં સંકોચપૂર્વક કહ્યું: 'આપે શું કામ કર્યું? આપ બધી તૈયારી કરો ને અમે બેઠા ખાઈએ, એ મને સારું નથી લાગતું.' 'કેમ, એમાં શો વાંધો છે?' તેઓ બોલ્યા. મેં કહ્યું: 'આપ જેવાની સેવા લેવા જેટલી લાયકાત અમારામાં હોવી જોઈએ ને !'

આનો બાપુએ જે જવાબ આપ્યો તેને સારુ હું તૈયાર નહોતો. મેં કહેલું : 'વુઈ મસ્ટ ડિઝર્વ ઇટ' (અમારામાં એની યોગ્યતા હોવી જોઈએ.) એ સાંભળતાં જ સાવ સ્વાભાવિક રીતે તેમણે કહ્યું: 'વિચ ઇઝ એ ફૅક્ટ' (તમારી વાત સાચી છે). હું તેમના તરફ જોઈ જ રહ્યો. તેમણે હસતાં હસતાં કહ્યું: 'તમે ત્યાં કામે ગયા હતા અને નાસ્તો કરીને પાછા કામે જશો. મને ફુરસદ હતી, એટલે મેં તમારો વખત બચાવ્યો. એક કલાક કામ કર્યા પછી આવો નાસ્તો મેળવવાની લાયકાત તો તમે પામ્યા જ છો ને ?'

'અમારામાં એની યોગ્યતા હોવી જોઈએ' એમ મેં કહેલું તેમાં મારા કહેવાનો ભાવ એવો હતો કે આવા મોટા નેતા અને સત્પુરુષની સેવા લેવા જેટલી લાયકાત તો અમારામાં હોવી જોઈએ ને ? પણ મારો આ ભાવ તેમને વરતાયો જ નહીં. તેમના મનમાં તો સૌ સરખા. તેથી એમની નજરે તો મેં અમુક સેવા કરી એટલે તેમની સેવા લેવાને હું અધિકારી બની ગયો !

## ૫. બે મહાપુરુષોનું પ્રથમ મિલન

બાપુ બ્રહ્મદેશથી પાછા આવ્યા ત્યારે રવિબાબુ શાંતિનિકેતનમાં હતા. ભારતના બે મહાન પુત્રો એકબીજા સાથે કેવી ઢબે મળે છે, એ જોવા અમે બધા અધ્યાપકો બહુ આતુર હતા. અમારી આ ઉત્કંઠા શ્રી ઍન્ડ્રૂઝ શું જાણે ! તેમણે તો પોતાના ગુરુદેવ અને પોતાના મોહનનો જાણે ઇજારો

જ લઈ લીધો હતો! અમારામાંથી કોઈને ઓરડામાં પેસવા જ ન દે. જૂના અધ્યાપકો આથી ગુસ્સે થયા અને અંદર ઘૂસી ગયા. પછી ક્ષિતિબાબુએ એમને સમજાવ્યું કે આ મહાન પુરુષોનું મિલન અમારે માટે એક પુણ્ય-પ્રસંગ (સૅકામેન્ટ) જેવું છે. એમની ખાનગી વાતો અમે જરાય સાંભળવા માગતા નથી. થોડી વાર બેસી અમે ચાલ્યા જઈશું. આટલું કહ્યું ત્યારે મોહનના ચાર્લીને કંઈક શાતા વળી!

બાપુ સાથે અમે દીવાનખાનામાં ગયા. રવિબાબુ એક મોટા કોચ ઉપર બેઠા હતા તે ઊભા થઈ ગયા. રવિબાબુની ઊંચી, ભવ્ય મૂર્તિ, સફેદ વાળ, લાંબી દાઢી, અને ભવ્યતામાં વધારો કરનાર ઝભ્ભો, બધું પીઢ અને સુંદર હતું. તેમની સામે ટૂંકું ધોતિયું, પહેરણ, ને કાશ્મીરી ટોપી પહેરીને ગાંધીજી ઊભા રહ્યા ત્યારે જાણે સિંહ સામે ઉંદર ઊભો હોય તેવું લાગ્યું.

બંનેના મનમાં એકબીજા પ્રત્યે અંતરનો આદર હતો. રવિબાબુએ ગાંધીજીને પોતાની સાથે કોચ પર બેસવા ઇશારો કર્યો. જોયું હશે કે જમીન પર ગાલીચો છે જ, પછી આટલા લોકોને ઊભા રાખીને કોચ ઉપર શા સારુ બેસવું? તેઓ જમીન પર જ બેસી ગયા, એટલે રવિબાબુને પણ ભોંય પર બેસવું પડ્યું. અમે બધા થોડી વાર સુધી આજુબાજુ બેસી રહ્યા. સામાન્ય કુશળસમાચાર પુછાયા પછી અમે ચાલ્યા ગયા.

* * *

આ પછી એ બંને અનેક વાર મળ્યા, એક દિવસ સંતોષબાબુએ મને કહ્યું:

'એમની વચ્ચે એક દિવસ ખોરાક વિશે પણ ચર્ચા થઈ હતી. ગાંધીજી ફળાહારી રહ્યા. પૂરી વિશે વાત કરતાં તેમણે કહ્યું, ઘી કે તેલમાં તળીને પૂરી બનાવો છો એથી અનાજનું ઝેર બની જાય છે. એ સાંભળીને રવિબાબુએ ગંભીરતાથી જવાબ આપ્યો: એ બહુ ધીમું ઝેર હોવું જોઈએ! હું મારી આખી જિંદગી પૂરી ખાતો આવ્યો છું પણ હજી એથી મને કશું નુકસાન થયું નથી!'

# ૬. હિંદુસ્તાનને સંદેશ

આખા હિંદુસ્તાનના લોકો જાણતા હતા કે બાપુ કેવળ ફળાહાર કરે છે. હિંદુઓની દૃષ્ટિએ દૂધ ફળાહારમાં ગણાય. બાપુ એ વાતનો સખત વિરોધ કરતા. તેઓ કહેતા કે દૂધનો આહાર એ ફળાહાર તો નથી એટલું જ નહીં, ચોખ્ખો માંસાહાર છે. રક્ત, માંસ અને મજ્જાના સત્ત્વમાંથી દૂધ બને છે. એ ફળાહારમાં ન આવે. એમાં હિંસા ભલે ન હોય, પણ એ માંસાહાર જ છે.

.બાપુ એક વાર કલકત્તે ગયા હતા અને ત્યાં ભૂપેન્દ્રનાથ વસુને ત્યાં ઊતરેલા. બંગાળીઓની આગતાસ્વાગતા જાણીતી છે. લીલો ને સૂકો મેવો જેટલો મળ્યો તેટલો ભેગો કર્યો અને તેમાંથી જેટલી વાનગીઓ બનાવી શકાય તેટલી બનાવરાવીને બાપુ આગળ મૂકવામાં આવી. બાપુ આ જોઈને ચોંક્યા. કહેવા લાગ્યા, 'આ શું ? મારા જેવા સાદાઈ પસંદ કરનારને માટે આટલી બધી માથાકૂટ !' બાપુએ તરત વ્રત લીધું, 'હું હવે રોજ કુદરતી પાંચ વસ્તુઓ ઉપરાંત એક પણ વધારે ચીજ ખાઈશ નહીં.'

પછી અમારી વચ્ચે શાસ્ત્રાર્થ શરૂ થયો. લીંબુ, સંતરાં, મોસંબી એક જ ચીજ ગણાય કે નહીં ? ગોળ, સાકર ને ખાંડ એક જ વસ્તુ ગણાય કે નહીં ? આવા સવાલોની ચર્ચામાં બાપુ એક સ્મૃતિકારના જેટલો રસ લે છે અને ગમે તેટલું ઝીણું પીંજતાં પણ કંટાળતા નથી.

હવે સવારે તેમણે શું ખાધું તે યાદ રાખીને સાંજની તૈયારી કરવી પડતી. સવારના ભોજનમાં તેઓ ઘણુંખરું ત્રણ જ ચીજો લેતા જેથી સવારવાળી ચીજો સાંજે ન મળે તો બે નવી ચીજો લઈ શકાય. સાંજનું ભોજન સૂર્યાસ્ત પહેલાં કરી લેવાનો નિયમ તો હતો જ. સાંજની સભાઓનો સમય સાચવવાની સાથે તેમના ભોજનનો સમય સાચવવો એ તેમના સાથીઓને માટે યોગસાધનના જેવું કઠણ થઈ પડતું.

* * *

થોડા દિવસ પછી બાપુને સમજાયું કે હિંદુસ્તાન એ દક્ષિણ આફ્રિકા નથી. ને અહીં ફળ સહેલાઈથી નથી મળતાં. દક્ષિણ આફ્રિકામાં કેળાં, અનેનાસ, સફરજન, સંતરાં, વગેરે ફળ સહેલાઈથી મળતાં અને તેઓ ધરાઈને ખાતા. ચિલગોજા પણ પુષ્કળ મળતાં. બાપુ ખાવામાં પાછા પડે એવા નહોતા, એટલે તેમણે જોયું કે હિંદુસ્તાનમાં ફળાહાર નહીં ચાલી શકે, ત્યારે જ્યાં જાય ત્યાં શેકેલી મગફળી સાથે લઈ જવા લાગ્યા. નાળિયેર મળે તો તેનું પણ દૂધ લેતા. પણ અંતે ઘણો વિચાર કર્યા પછી ઠરાવ્યું કે હિંદુસ્તાનમાં અનાજ લીધા વગર નહીં ચાલે. ત્યારથી ભાત, રોટલી કે ખીચડી ખાવા લાગ્યા. પછી એમને લાગ્યું કે હવે અનાજ લઈએ છીએ તો મીઠું પણ લેવું જોઈએ, એટલે તે પણ શરૂ કર્યું.

ખેડા જિલ્લામાં રંગરૂટ ભરતીનું કામ કર્યું ત્યારે તેમને પગે ચાલીને ખૂબ ફરવું પડ્યું. ખોરાકમાં ઘણો ફેરફાર થયો અને તે બિલકુલ માફક ન આવ્યો. પછી માંદા પડ્યા. એટલે આશ્રમમાં આવીને રહ્યા. એક રાત્રે પેટમાં એટલું બધું દુખાવું ઊપડ્યું કે તેમણે માની લીધું, હવે આ શરીર નહીં ટકે. તે જ દિવસે બાપુના સૌથી નાના દીકરા દેવદાસ મદ્રાસથી સાબરમતી આવવા નીકળ્યા હતા. આખી રાત બાપુએ

विहाय कामान् यः सर्वान् पुमांश् चरति निस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिम् अधिकच्छति ।।

એ શ્લોકનું રટણ કરતાં કરતાં પૂરી કરી. બીજે દિવસે સવારે ઊઠી રાતનો અનુભવ કહેવા લાગ્યા: 'એ સ્થિતિમાં એક કામના મનમાં રહેતી: દેવદાસ મદ્રાસથી આવે છે. તેના આવ્યા પહેલાં આ શરીર છૂટી જશે તો તેને કેટલું દુઃખ થશે ? તેના આવતાં સુધી શરીર રહે તો તેને એટલો બધો આઘાત નહીં લાગે.'

ગીતાના શ્લોકે તેમને શાંતિ આપી અને રાત વીતી ગઈ.

સવારે અમને શિક્ષકોને બોલાવ્યા. મારા સાથીઓએ માન્યું કે બાપુ અમારી સાથે અલગ અલગ વાત કરવા માગે છે. તેમણે સૌથી પહેલાં મને

બાપુ પાસે મોકલ્યો. હું જઈને ચૂપચાપ બેઠો. બાપુએ કહ્યું : 'બધાને બોલાવો.' સૌ એકઠા થયા એટલે તેમણે આગલી રાતનો અનુભવ કહ્યો ને બોલ્યા, મને વિશ્વાસ નથી કે મારું શરીર ટકશે. તમે હિંદુસ્તાનને મારો છેવટનો સંદેશો પહોંચાડજો કે, **हिंदुस्तानको उद्धार अहिंसाथी ज थशे अने अहिंसा मारफते हिंदुस्तान जगतनो उद्धार करी शकशे**. બસ એટલું કહીને ચૂપ થઈ ગયા. અમે ધારેલું કે આશ્રમ વિશે કંઈક કહેશે, અમને દરેકને કંઈ ને કંઈ કહેશે, પણ કશું ન કહ્યું. પાછા ગીતાના પેલા શ્લોકમાં જ લીન થઈ ગયા. ઘણી વાર સુધી ત્યાં બેસીને અમે ચાલ્યા આવ્યા.

એમની બીમારી વધતી ગઈ. અમે સૌ ચિંતામાં પડ્યા. એટલામાં સરકારે રૉલેટ કાયદાનો ખરડો જાહેર કર્યો અને ગાંધીજીના જીવવાની ઇચ્છા જાગી. તેઓ કહેવા લાગ્યા, 'હું સારો હોત તો આખા દેશમાં ફરી લોકોને જગાડત. યુદ્ધમાં સરકારને આપણે મદદ કરી તેના બદલામાં આપણને આ કાયદો મળે છે !!'

મુંબઈ અને મહારાષ્ટ્રથી કેટલાક દેશસેવક બાપુને મળવા આવ્યા હતા. રૉલેટ કાયદાના વિરોધમાં છેલ્લી હદ સુધી જવાને માટે કોણ કોણ તૈયાર છે તેની એક યાદી બાપુએ તૈયાર કરાવી. તેમનો એવો વિચાર હતો કે પથારીમાં પડ્યા પડ્યા એવા લોકોને સલાહસૂચના આપતા રહેવું. પણ આ કાર્યના મહત્ત્વે દવાની ગરજ સારી. તેઓ તદ્દન સાજા થઈ ગયા અને પોતે જ ચળવળ શરૂ કરી.

## ૭. વિશ્વજિત યજ્ઞ

બાપુ દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન પાછા આવવા તૈયાર થયા ત્યારે તેમણે વિચાર્યું કે મારે આ દેશમાંથી કંઈ ધન ન લઈ જવું જોઈએ. અંગ્રેજો પોતે ભેગું કરેલું ધન હિંદમાંથી વિલાયત લઈ જાય છે ત્યારે આપણને કેવું લાગે છે ? આપણે એને અન્યાય અને લૂંટ કહીએ છીએ. તો દક્ષિણ

આફ્રિકાનું ધન હિંદ લઈ જવાનો આપણને શો અધિકાર ?

આ વિચારથી પ્રેરાઈને પોતે દક્ષિણ આફ્રિકામાં જે કાંઈ કમાયા હતા તેનું ત્યાં જ એક ટ્રસ્ટ સ્થાપ્યું અને ત્યાંના જાહેર કાર્યમાં તેનો ઉપયોગ થાય એવી ગોઠવણ કરી. ત્યાંથી નીકળતી વખતે તેમણે ફક્ત પોતાને મળેલાં માનપત્રો અને ભેટ મળેલાં પુસ્તકો સાથે લીધાં. સત્યાગ્રહ આશ્રમની સ્થાપના થતાં પુસ્તકો બધાં આશ્રમને આપી દીધાં અને આશ્રમનું વિસર્જન થયું ત્યારે અમદાવાદની મ્યુનિસિપાલિટીને આપી દીધાં. લગભગ વીસ હજાર પુસ્તકો હશે. માનપત્ર બિચારાં આમતેમ ગમે ત્યાં રઝળતાં પડ્યાં રહ્યાં ને આખરે નાશ પામ્યાં.

* * *

હિંદુસ્તાન આવ્યા પછી બાપુની સામે પોતાના બાપદાદાની મિલકતના ભાગનું શું કરવું એ સવાલ ઊભો થયો. પોરબંદર અને રાજકોટમાં તેમનાં ઘર હતાં. તેમાં ગાંધી કુટુંબનાં માણસો રહેતાં હતાં. બાપુએ એ બધાં સગાંસંબંધીઓને બોલાવીને કહ્યું કે બાપદાદાની મિલકતમાં મારો જે કંઈ હિસ્સો છે તે હું તમને આપી દઉં છું.

એટલેથી જ ન અટકતાં તેમણે પોતે જે ત્યાગપત્ર લખ્યું તેના પર પોતાના ચાર પુત્રોની પણ સહી કરાવી લીધી કે આથી અમે પણ સૌ અમારા હક છોડી દઈએ છીએ.

આમ બાપુએ પોતાને અને પોતાના પુત્રોને પૈતૃકસંપત્તિના મોહમાંથી મુક્ત કર્યા !

## ૮. પગરખાં ન પહેરવાનું વ્રત

શાંતિનિકેતનથી ગાંધીજી પોતાના મિત્ર ડૉ. મહેતાને મળવા બ્રહ્મદેશ ગયા. થોડા દિવસ પછી ત્યાંથી શાંતિનિકેતન પાછા આવ્યા. સ્વાવલંબી રસોડું ચલાવવાનો અમારો પ્રયોગ ચાલુ હતો. એટલામાં પૂનાથી

ગોખલેજીના અવસાનનો તાર આવ્યો (ફેબ્રુઆરી ૧૯૧૫). ગાંધીજીએ તરત જ પૂના જવાનું નક્કી કર્યું. પહેલેથી ગોખલેજી ગાંધીજીને હિંદ સેવક સમાજના સભ્ય થવાનું કહ્યા કરતા હતા, પણ ગાંધીજીએ નિર્ણય નહોતો કર્યો. હવે પોતાના રાજદ્વારી ગુરુના મૃત્યુ પછી તેમની અંતિમ ઈચ્છા ગાંધીજી માટે આજ્ઞા સમાન થઈ પડી. તેઓ પૂના પહોંચ્યા અને હિંદ સેવક સમાજમાં દાખલ થવા તેમણે અરજી કરી.

અરજી જોઈ ગોખલેજીના બીજા શિષ્યો ગભરાઈ ગયા. એ આખો બનાવ નામદાર શાસ્ત્રીએ પોતાની બેનમૂન ભાષામાં બેત્રણ ઠેકાણે વર્ણવ્યો છે. અહીં એ ઉતારવાની જરૂર નથી. સાર એટલો જ કે એ બધા જાણતા હતા કે ગાંધીજીને આપણે હજમ નહીં કરી શકીએ. પણ ગોખલેજીની ક્રીડ(રાજકીય સિદ્ધાંત)ને જ ગાંધીજી માનતા હતા. એ પરિસ્થિતિમાં તેમની અરજી નામંજૂર પણ કેમ થાય, એવી વિમાસણમાં તેઓ પડ્યા. પરંતુ પરિસ્થિતિ સમજી લઈને ગાંધીજીએ જ પોતાની અરજી પાછી ખેંચી લીધી અને પોતાના ગુરુભાઈઓને ધર્મસંકટમાંથી ઉગાર્યા. છતાં સમાજની સભાઓમાં તેઓ અવિધિસર હાજરી આપતા અને એ સંસ્થાને તેમણે વખતોવખત મદદ પણ ઘણી કરી.

ગોખલેજીના અવસાનના સમાચાર સાંભળતાંવેંત ગાંધીજીએ એક વરસ સુધી પગરખાં ન પહેરવાનું વ્રત લીધું. એ વ્રતને લીધે એમને ઘણી તકલીફ પડી પણ તેમણે એ બરાબર પાળ્યું.

## ૯. પરસ્પર નિષ્ઠા

શાંતિનિકેતનમાં હું બાપુના ખૂબ પરિચયમાં આવ્યો હતો. ત્યાં તેમના આશ્રમવાસીઓ રહેતા હતા. તેમની સાથે રહીને હું પણ જાણે આશ્રમનો બની ગયો હતો. તે દિવસોમાં બાપુના મોટા પુત્ર હરિલાલ તેમને મળવા આવ્યા હતા. તેમની સાથે પણ મારે સારી પિછાન થઈ ગઈ.

* * *

મુંબઈ કૉંગ્રેસ વખતે (૧૯૧૫ ડિસેમ્બર) મારવાડી વિદ્યાલયમાં સાંજની પ્રાર્થના પછી બાપુ કંઈક લખવા બેઠા હતા. હું પણ પાસે બેસીને કંઈક વાંચતો હતો. એટલામાં હરિલાલ મારી પાસે આવીને બેઠા ને મને પૂછવા લાગ્યા, 'કાકા, શાંતિનિકેતનમાં તમે બાપુના એટલા બધા પરિચયમાં આવ્યા હતા અને ફિનિક્સ પાર્ટી સાથે એટલા હળીમળી ગયા હતા કે ગાંધીજીના આશ્રમમાં ક્યારના દાખલ થઈ ગયા હશો એમ અમે માનતા હતા. હજી સુધી તમે અળગા છો એ નવાઈ કહેવાય!' મેં જવાબ આપ્યો, 'બાપુ તરફનું મારું આકર્ષણ તમે જાણો છો. પણ તેમની પાસે હું કેવી રીતે જઈ શકું? હિમાલયની યાત્રાએ નીકળ્યો તે પહેલાં જેમની સાથે રહી હું રાષ્ટ્રસેવાનું કામ કરતો હતો તેમનો મારા પર હક છે. તે લોકો કાંઈ નવું કામ શરૂ કરે તો તેમાં મારે જોડાવું જોઈએ. નહીં તો તેમને નવા નવા માણસ શોધવાના રહે ને હું જ્યાં ખેંચાણ થાય ત્યાં નવા **बॉस**-(ઉપરી)ને વળગતો ફરું એવું થાય. એ કંઈ સારું કહેવાય?'

બાપુ પોતાના લેખનકાર્યમાં તલ્લીન હતા અને અમે ધીમે ધીમે વાત કરતા હતા. બાપુએ અચાનક અમારી વાતો સાંભળી લીધી અને તેમનાથી રહેવાયું નહીં એટલે બોલ્યા, 'કાકા, તમારો વિચાર સોનામહોર જેવો છે.' પછી હરિલાલ તરફ જોઈને કહેવા લાગ્યા, 'હિંદુસ્તાનના બધા કાર્યકર્તાઓ આવી રીતે પરસ્પર વફાદારીથી વર્તે તો આપણો બેડો પાર થઈ જાય!'

આ સાંભળી મેં નીચું જોયું. મનમાં જોકે ખૂબ રાજી થયો! અને કંઈક અભિમાન પણ થયું કે મારામાં પણ કંઈક છે. તે ક્ષણથી હું સંપૂર્ણ રીતે બાપુનો બન્યો.

* * *

મુંબઈ કૉંગ્રેસ પૂરી થયા પછી હું વડોદરા ગયો અને ત્યાં ચારપાંચ માઈલ પર આવેલા સયાજીપુરા નામના ગામડામાં ગ્રામસેવાનું કામ કરવા લાગ્યો. બાપુને ખબર પડી કે હું કેશવરાવ દેશપાંડેના હાથ નીચે કામ કરું

છું પણ મારે માટે ત્યાં કંઈ ખાસ કામ નથી એટલે તેમણે પોતે શ્રી દેશપાંડેને પત્ર લખ્યો, 'તમે કાકા પાસેથી કાંઈ ખાસ કામ લેતા નથી. અમે આશ્રમમાં એક રાષ્ટ્રીય શાળા ખોલવા માગીએ છીએ, એટલે કાકાને અમને સોંપી દો.'

દેશપાંડેસાહેબ મને અમદાવાદ લઈ ગયા અને કહ્યું, 'આપણે જે ગંગનાથ રાષ્ટ્રીય શાળા ચલાવતા હતા તેનું જ આ વ્યાપક સ્વરૂપ માનો અને અહીં રહી જાઓ.' માતાપિતા જેમ દીકરીને સાસરે વળાવે તેવી રીતે તેઓ મને ગાંધીજીના આશ્રમમાં સોંપી ગયા.

હું આશ્રમમાં આવ્યો ત્યાર પછી ગાંધીજી એકાએક ચંપારણ તરફ ચાલ્યા ગયા. વડોદરાનું કામ બગડે નહીં તે માટે છેવટની વ્યવસ્થા કરી આપવા હું ચાર દિવસ માટે પાછો વડોદરા ગયો. આશ્રમના વ્યવસ્થાપકોએ ગાંધીજીને લખ્યું હશે કે કાકા વડોદરા ગયા છે. એટલે તરત તેમના તરફથી બે કાગળો છૂટ્યા. એક મારા પર અને બીજો દેશપાંડેસાહેબ પર. દેશપાંડેસાહેબને તેમણે લખ્યું હતું કે, 'તમે કાકાને અમને આપી દીધા છે. હવે એમના પર તમારો કશો હક રહ્યો નથી. એટલે તમે એમને આવી રીતે ત્યાં ન બોલાવી શકો.' મને લખ્યું, 'માણસ બે જવાબદારીઓ એકીસાથે ન ઉપાડી શકે.'

મને બહુ ખોટું લાગ્યું. મેં મારો ખુલાસો તો મોકલ્યો પણ વિચાર કર્યો કે આટલું પૂરતું નથી. લગભગ એક વરસ લગી આશ્રમભૂમિ છોડીને ક્યાંય બહાર ન ગયો. સાંજે ફરવા માટે જે બહાર નીકળું તે જ. ગાંધીજીને હવે વિશ્વાસ બેઠો કે આની નિષ્ઠામાં એકાગ્રતા છે અને પછી તો પોતે જ મને એકબે જગ્યાએ પોતાની સાથે મુસાફરીમાં લઈ ગયા.

* * *

ગાંધીજીએ ચંપારણમાં સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે મારાથી ન રહેવાયું. મેં તેમને લખ્યું કે મને ત્યાં આવવા દો. હું ત્યાંની ચળવળમાં ને સત્યાગ્રહમાં ભાગ લઈશ. જવાબ આવ્યો, 'તમે તો જૂના જોગી. રાષ્ટ્રસેવાનું કામ

તમારે માટે નવું નથી. ત્યાંનું કામ છોડીને અહીં આવી જેલમાં જઈને બેસો એ તમારે માટે તપસ્યા નહીં, સ્વચ્છંદ ગણાય. હું જેલ જવાની તક નવા માણસોને આપવા માગું છું. તમારું કામ તમે ત્યાં એકાગ્રતાથી કર્યા કરો.'

## ૧૦. અવળચંડી પેન્સિલ

૧૯૧૫નો ડિસેમ્બર હશે. મુંબઈમાં કૉંગ્રેસની બેઠક હતી. બાપુ પોતાના આશ્રમવાસીઓ સાથે સ્થાનિક મારવાડી વિદ્યાલયમાં ઊતર્યા હતા. હું બીજી જગ્યાએ ઊતર્યો હતો પણ ઘણોખરો વખત બાપુની પાસે ગાળતો. એક દિવસ તેમને ક્યાંક જવું હતું. મેજ પરની બધી વસ્તુઓ તેઓ સંભાળીને મૂકવા લાગ્યા. મેં જોયું કે તેઓ કંઈક શોધતા હતા અને કંઈક વ્યાકુળ જણાતા હતા. મેં પૂછ્યું, 'બાપુજી, શું શોધો છો ?'

'મારી પેન્સિલ. નાનકડી છે.'

એમનો સમય અને તકલીફ બચાવવા મેં મારા ખિસ્સામાંથી એક પેન્સિલ કાઢીને આપવા માંડી. બાપુ બોલ્યા, 'નહીં નહીં, મારી એ નાની પેન્સિલ જ મારે જોઈએ.' મેં કહ્યું, 'આપ આ પેન્સિલ લો, આપની પેન્સિલ હું શોધી રાખીશ. નાહક આપનો સમય બગડે છે.' એટલે બાપુ કહે, 'એ નાની પેન્સિલ મારાથી ખોઈ ન શકાય. તમને ખબર છે, એ પેન્સિલ મને મદ્રાસમાં નટેશનના નાના દીકરાએ આપી હતી. કેટલા પ્રેમથી એ પેન્સિલ લાવેલો ! એ મારાથી કેમ ખોવાય !'

પછી તો અમે બંનેએ મળીને એ અવળચંડી પેન્સિલની શોધ કરી. ક્યાંક સંતાઈ ગઈ હતી. એ મળી ત્યારે બાપુને શાંતિ થઈ. મેં જોયું કે બે ઈંચથીયે નાનો ટુકડો હતો. આટલી નાની પેન્સિલ પ્રેમપૂર્વક બાપુને આપનાર પેલા બાળકનું ચિત્ર હું મનમાં દોરવા લાગ્યો.

## ૧૧. સત્યનિષ્ઠની પૂજા

આશ્રમની સ્થાપનાના દિવસો હતા. અમે કોચરબના બંગલામાં રહેતા હતા. અધ્યાપક કર્વે પોતાની સંસ્થા માટે ફાળો ઉઘરાવવા અમદાવાદ આવ્યા હતા. તેઓ બાપુને મળવા આશ્રમમાં આવ્યા.

બાપુએ સૌ આશ્રમવાસીઓને એકઠા કર્યા અને સૌને તેમને સાષ્ટાંગ પ્રણામ કરવા કહ્યું. પછી સમજાવવા લાગ્યા, 'ગોખલેજી દક્ષિણ આફ્રિકા આવ્યા હતા ત્યારે મેં તેમને પૂછેલું કે આપના પ્રાંતમાં સત્યનિષ્ઠ માણસો કોણ કોણ છે ? તેમણે કહ્યું હતું કે હું મારું પોતાનું નામ આપી ન શકું. હું સત્યને માર્ગે ચાલવાની કોશિશ કરું છું ખરો; પણ રાજદ્વારી બાબતમાં કોઈ વાર મોઢામાંથી અસત્ય નીકળી જાય છે. હું જેમને જાણું છું તેમાં ત્રણ માણસ પૂરેપૂરા સત્યવાદી છે: એક અધ્યાપક કર્વે, બીજા શંકરરાવ લવાટે (તેઓ દારૂનિષેધનું કાર્ય કરતા હતા) અને ત્રીજા...' પછી બાપુ કહે, 'સત્યનિષ્ઠ લોકો આપણે માટે તીર્થરૂપ છે. સત્યાગ્રહ આશ્રમની સ્થાપના સત્યની ઉપાસના માટે છે. એવા આશ્રમમાં કોઈ સત્યનિષ્ઠ મૂર્તિ પધારે તે દિવસ આપણે માટે મંગળ દિન છે.'

બિચારા કર્વે ગળગળા થઈ ગયા. કંઈ જવાબ જ ન આપી શક્યા. એટલું જ બોલ્યા કે, 'ગાંધીજી, આપે મને ઠીક શરમાવ્યો. આપની આગળ મારી શી વિસાત ?'

## ૧૨. ભગવાં ઉતારવાં પડશે

આશ્રમની શરૂઆતના દિવસોની વાત છે. તે વખતે સત્યાગ્રહ આશ્રમ અમદાવાદ પાસેના કોચરબ ગામમાં હતો. ત્યાં સ્વામી સત્યદેવ આવ્યા. તેમને હું પહેલાં ૧૯૧૧-૧૨માં અલમોડામાં મળ્યો હતો. ત્યારે તેઓ અમેરિકાથી નવા નવા આવ્યા હતા. ત્યાર પછી દેશની આઝાદીને ખાતર

તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો.

આશ્રમમાં આવ્યા તે પહેલાં તેઓ અનેક ગ્રંથો લખી ચૂક્યા હતા. તેમનું પ્રસિદ્ધ નામ સત્યદેવ પરિવ્રાજક હતું. આશ્રમમાં તેઓ આવ્યા કે તરત રાત્રે પ્રાર્થના પછી અમે તેમની પાસે તુલસીકૃત રામાયણ સાંભળવા લાગ્યા. હિંદી પ્રત્યે તેમનો પ્રેમ જોઈને બાપુએ તેમને હિંદી પ્રચાર માટે મદ્રાસ મોકલ્યા. મદ્રાસના હિંદીપ્રચારનું પ્રહેલું પુસ્તક સત્યદેવજીએ લખ્યું હતું.

અમારો આશ્રમ કોચરબનો ભાડાનો બંગલો છોડીને સાબરમતીને કિનારે પોતાની જમીન પર આવી ગયો. ત્યાં પણ એક વાર સ્વામી સત્યદેવ આવ્યા. દેશની આઝાદીને માટે બાપુ જે કાર્ય કરી રહ્યા હતા તે જોઈ તેઓ બહુ પ્રસન્ન થયા. તેઓ આશ્રમના મહેમાન હતા. અમે શક્તિ પ્રમાણે એમની સેવા કરતા હતા. એમને માટે ખાવાપીવાનો કંઈક વિશેષ બંદોબસ્ત કરવો પડતો. એમને સંતુષ્ટ રાખવામાં અમારો પરમ સંતોષ હતો.

એક દિવસ સ્વામીજી બાપુ પાસે જઈ કહેવા લાગ્યા, 'હું આપના આશ્રમમાં દાખલ થવા માગું છું. આશ્રમવાસી થઈને રહીશ.'

બાપુ કહે, 'બહુ સારું. આશ્રમ તમારા જેવાને માટે જ છે. પણ આશ્રમમાં દાખલ થાઓ એટલે આપને આ ભગવાં કપડાં ઉતારવાં પડશે.

આ સાંભળીને સ્વામી સત્યદેવજીને ઘણો આઘાત લાગ્યો. બહુ ગુસ્સે થયા. પણ બાપુ આગળ પોતાનું દુર્વાસારૂપ બતાવી શકતા નહોતા. તેમણે કહ્યું, 'એ તો કેમ બને ? હું સંન્યાસી છું ને ?'

બાપુએ કહ્યું: 'હું સંન્યાસ છોડવાનું નથી કહેતો. મારું શું કહેવું છે તે બરાબર સમજી લો.'

પછી બાપુએ તેમને શાંતિથી સમજાવ્યું, 'આપણા દેશમાં ભગવાં કપડાં જોતાં જ લોકો તે ઓઢનારની ભક્તિ અને સેવા કરવા મંડી પડે છે.

હવે આપણું કામ સેવા લેવાનું નહીં, સેવા કરવાનું છે. આપણે લોકોની જેવી સેવા કરવા માગીએ છીએ તેવી સેવા તેઓ તમારાં આ ભગવાંને લીધે તમારી પાસે નહીં લે. ઊલટા તમારી સેવા કરવા દોડશે. ત્યારે જે વસ્તુ સેવા કરવાના આપણા સંકલ્પની આડે આવે તે કેમ રાખીએ? સંન્યાસ માનસિક વસ્તુ છે, સંકલ્પની બાબત છે, બાહ્ય પોશાક સાથે તેને શો સંબંધ ? ભગવાં છોડવાથી સંન્યાસ ઓછો જ છૂટે છે ? કાલે ઊઠીને આપણે ગામડામાં જઈને ત્યાં જાજરૂ સાફ કરવા માંડીએ તો આ કપડાં સાથે તમને કોઈ એ કામ નહીં કરવા દે.'

સત્યદેવને વાત સમજાઈ તો ખરી પણ ગળે ન ઊતરી. મારી પાસે આવીને કહેવા લાગ્યા – 'આ તો મારાથી નહીં બને. જે વસ્ત્રો મેં સંકલ્પપૂર્વક ગ્રહણ કર્યાં છે તે છોડી નહીં શકું.'

## ૧૩. આશ્રમનો ભાત

બાપુના બધા વિચારો મૂલગ્રાહી હોય. જીવનનું એક પણ અંગ કે જીવનનો એક પણ અંશ એવો નથી કે જે વિશે તેમણે વિચાર ન કર્યો હોય. તેમના મિત્ર કૅલનબૅક જે જર્મન યહૂદી હતા અને સ્થપતિ હોવાથી ખૂબ કમાતા. તેઓ હંમેશાં બાપુને કહેતા, 'તમારી વાત કોઈ સ્વીકારે કે ન સ્વીકારે પણ દરેક માણસ એટલું જોઈ શકે છે કે આપ જે કંઈ કહો તેની પાછળ આપનું ચિંતન હોય છે.'

આ વાતનો અનુભવ મને પણ આશ્રમમાં જતાંવેંત થયો હતો. આશ્રમનો ભાત મને બિલકુલ ગમતો નહીં. એક દિવસ મેં બાપુને કહ્યું, 'આ તે ભાત છે કે ગારો ? અમે આવો ભાત કદી નથી ખાતા.' બાપુએ હસીને કહ્યું, 'એ હું જાણું છું. પણ પહેલાં એ ચાખો તો ખરા.'

પછી પ્રવચન શરૂ થયું,

'લોકોને મોગરાની કળીઓ જેવા ભાત જોઈએ છે. પહેલાં તો તેઓ મિલના પાલીસ કરેલા ચોખા ખરીદે છે. એમાંથી બધું પૌષ્ટિક તત્ત્વ નીકળી ગયું હોય છે. જ્યાંથી ફણગો ફૂટે છે એ ભાગ વધારેમાં વધારે પૌષ્ટિક હોય છે. તે ભાગ પણ પાલીસ કરવામાં ચાલ્યો જાય છે. પછી ભાત સફેદ થાય એટલા માટે રાંધતાં પહેલાં તેને એટલી વાર ધોવામાં આવે છે કે જે થોડાંઘણાં તત્ત્વો બાકી રહ્યાં હોય તે પણ નીકળી જાય છે. પછી તેને ઉકાળીને તેનું ઓસામણ પણ ફેંકી દે છે. આ પ્રમાણે એ લોકો ચોખાને બિલકુલ નિ:સત્ત્વ બનાવીને ખાય છે. તે પણ સારી રીતે ચડી ગયા ન હોય તો બરાબર ચવાતા નથી ને જરૂર કરતાં વધારે ખવાય છે. એ ભાત ખાતાં જ ઊંઘ આવવા માંડે છે ને ગણેશના જેવી ફુંદ નીકળે છે. આશ્રમમાં અમે આવા ચોખા નથી વાપરતા. એક તો અમારા ચોખા હાથછડના હોય છે. તેને થોડા ધોઈને પછી પાણીમાં પલાળી રાખીએ છીએ. પછી તેને ઓસાવ્યા વગર રાંધીએ છીએ જેથી એનાં બધાં પૌષ્ટિક તત્ત્વો સચવાઈ રહે છે. ચડી ગયા પછી તેને ઘૂંટીને માવા જેવા બનાવી દઈએ છીએ. આ રીતે રાંધેલો ભાત સ્વાદમાં સારો હોય છે. ખાંડ નાખ્યા વગર પણ મીઠો લાગે છે. ઓછો ખવાય છે. વધારે પૌષ્ટિક છે ને તે ખાવાથી ફાંદ નથી વધતી.'

આ બધી દલીલો સાંભળી મારા મનમાં પણ શ્રદ્ધા જાગ્રત થઈ અને હું પણ એ ભાતમાં રસ લેવા લાગ્યો. પછી એ જ ભાતમાં મને પણ બધા ગુણો જાણવા લાગ્યા અને હું તેનો હિમાયતી બની ગયો !

## ૧૪. બે આત્માઓનું મિલન

ગોધરામાં પરિષદ ભરાઈ તે પહેલાં થોડા દિવસ પર જ મહાદેવભાઈ ગાંધીજી પાસે આવી ગયેલા. તે પહેલાં તેમના એક ગાઢ મિત્ર નરહરિ પરીખ આશ્રમની શાળામાં જોડાયા ... તેમણે બંનેએ મળીને



Institut ... Acc. No. 130371 Date

રવિબાબુની એકબે બંગાળી કૃતિઓનો ગુજરાતી અનુવાદ કર્યો હતો.

મહાદેવભાઈએ એલએલ.બી.ની પરીક્ષા પાસ કરી પણ વકીલાત શરૂ ન કરી. થોડો વખત મુંબઈની ઓરિયેન્ટલ ટ્રાન્સ્લેટરની ઑફિસમાં કામ કર્યું. ત્યાર પછી સર લલ્લુભાઈ શામળદાસની ભલામણથી કો-ઑપરેટિવ સોસાયટીના ઇન્સ્પેક્ટર થયા. પછી કોઈના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે કામ કર્યું. ત્યાર પછી તેઓ બાપુ તરફ ખેંચાયા, ને તેમને મળવા ગોધરા આવ્યા. બાપુને કહેવા લાગ્યા, 'મને આપની સાથે રાખો તો હું આપના મંત્રીનું કામ કરી શકીશ.' તેમણે પોતાના જૂના बॉस(ઉપરી)ને માટે તૈયાર કરેલું એક અંગ્રેજી વ્યાખ્યાન પણ ગાંધીજીને બતાવ્યું. તેમના અક્ષર તો મોતીના દાણા જેવા હતા. તેમના ચહેરા પરથી જુવાની ને નિર્મળતા ટપકી રહ્યાં હતાં. બાપુ સાથે તેમની વાતચીત દસપંદર મિનિટ ચાલી હશે.

કોણ જાણે, બાપુ પર આ વાતચીતની અસર થઈ કે પછી તેમણે મહાદેવભાઈના વિરલ આત્માનું ઝવેર જોઈ લીધું, પણ તે જ વખતે કહી દીધું, 'તમે મારી સાથે આવી શકો છો.' મહાદેવભાઈએ વીસ વરસ સુધી સેવા કરવાનું વચન આપ્યું. બસ, આટલામાં જ બે આત્મા એકરૂપ થઈ ગયા. મહાદેવભાઈએ પૂછ્યું, 'હું ક્યારથી કામ શરૂ કરું ?'

બાપુએ કહ્યું, 'તમારું કામ શરૂ થઈ ગયું. અહીંથી જ મારી સાથે મુસાફરીમાં ચાલો.' મહાદેવભાઈએ કહ્યું કે ઘેર જઈને આવું તો ઠીક. બાપુએ કહ્યું, 'નહીં, કંઈ જરૂર નથી. એ બધું પાછળથી થઈ રહેશે.'

થોડા દિવસ પછી હું ને મહાદેવભાઈ વાત કરતા બેઠા હતા. તેમણે કહ્યું, ''એક વાર બાપુ એક જણને મળવા ગયા. હું પણ સાથે હતો. બાપુ ખુરશી પર બેઠા. હું નીચે બેઠો. બાપુ બોલ્યા, 'આ ઠીક નથી. મારી પાસે બીજી ખુરશી લઈ બેસો.' મારી હિંમત ન ચાલી. એટલે એમણે મને ઠપકો આપીને કહ્યું, 'જમાનાની રીતભાત પણ તમારે શીખવી જોઈએ. ઊઠો, આ ખુરશી પર બેસો.' હું શરમાતો શરમાતો ઊઠી ખુરશી લઈને બેઠો.''

મેં હસતાં હસતાં કહ્યું, 'નવવધૂની પેઠે ને ?'

## ૧૫. ભયગ્રસ્ત માણસ અહિંસક થઈ જ ન શકે

સાબરમતીને કાંઠે નવા વાડજ પાસે આશ્રમની સ્થાપના થઈ. શરૂઆતમાં અમે બેચાર તંબૂઓમાં રહેતા હતા. ઝૂંપડાં પાછળથી બંધાયાં.

અમે આશ્રમભૂમિ પર આવી પહોંચ્યા તેની ખબર સૌથી પહેલી આસપાસના ચોરોને મળી. તેઓ અમારું સ્વાગત કરવા રાત્રે આવવા લાગ્યા. સારા લોકો મળવા આવે ત્યારે ભેટસોગાત આપી જાય. ચોરોનો કાયદો એથી ઊલટો છે. તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે કંઈ ને કંઈ ભેટ લઈ જાય! પરિણામે અમે રાત્રે પહેરો ભરવાનું શરૂ કર્યું. હું ઘણુંખરું રાતના એકથી ત્રણ વાગ્યા સુધી પહેરો ભરતો. આગલી રાતે થોડું ઊંઘી લીધા પછી શરીર પ્રસન્ન રહેતું અને પાછલી રાતની ગંભીર શાંતિ ધ્યાન માટે અનુકૂળ હતી. ઉપનિષદના મંત્રો બોલતો બોલતો હું આશ્રમની આજુબાજુ ચક્કર માર્યા કરતો.

થોડા દિવસ પછી બાપુ પ્રવાસેથી પાછા આવ્યા. સાંજની પ્રાર્થના પછી તેમણે ચોરોના સવાલની વાત કાઢી. ઘણી ચર્ચા થઈ. પછી બાપુ બોલ્યા, ''મગનલાલ (ગાંધીજીના ભત્રીજા ને આશ્રમના વ્યવસ્થાપક) ઇચ્છતા હોય તો સરકાર પાસે લાઇસન્સ લઈને બંદૂક ખરીદી આપું. લોકો ટીકા કરે કે આ 'અહિંસક લોકો બંદૂક કેમ રાખે છે' તો તેમને જવાબ આપવાવાળો હું અહીં બેઠો છું.''

આને વિશે પણ થોડી ચર્ચા થઈ. બાપુએ કહ્યું, 'આપણે બધાં સ્ત્રી-પુરુષ-બાળકો અહીં ભયભીત દશામાં રહીએ તે કરતાં બહેતર છે કે બંદૂકથી આપણો બચાવ કરીએ. ભયગ્રસ્ત માણસ અહિંસક થઈ જ ન શકે. મનની નિર્વીર્ય હિંસા કરતા રહીએ તે કરતાં ચોરોને ડર બતાવવો એ સારું છે.'

આને વિશે અભિપ્રાય માગવામાં આવ્યો. મેં એનો વિરોધ કર્યો. સૌને આશ્ચર્ય થયું. 'શું આ મહારાષ્ટ્રી પ્રત્યક્ષ બાપુ કરતાં દોઢો અહિંસક થઈ

ગયો !' એવો ભાવ સૌના મોઢા પર વંચાતો હતો. મેં કહ્યું, 'અહિંસાની દૃષ્ટિએ હું વિરોધ નથી કરતો. મારી દલીલ એ છે કે આજે સરકારના દરબારમાં બાપુજીની ઈજ્જત ને કિંમત છે, તે બાપુજીને પોતાના શુભેચ્છક માને છે, એટલે આપણને એકને બદલે ચાર રાઈફલો મળી શકશે. પણ દેશના કરોડો ખેડૂતોને આવાં હથિયારો ક્યાંથી મળે ? આપણા ખેડૂતોને જ્યાં સુધી પોતાનું રક્ષણ બંદૂક વગર કરવું પડે છે ત્યાં સુધી આપણે પણ એ મર્યાદામાં રહીને જ આપણું રક્ષણ કરવું જોઈએ.'

બાપુને મારી દલીલ મનમાં વસી હશે કેમ કે બંદૂકની દરખાસ્ત જેમની તેમ રહી ગઈ.

ત્યાર પછી જ્યારે સરકારે યુદ્ધકાર્યમાં બાપુની મદદ માગી ને બાપુએ ખેડા જિલ્લામાં રંગરૂટની ભરતી કરવાનું શરૂ કર્યું ત્યારે સરકાર સાથે પત્રવ્યવહાર કરીને ખેડા જિલ્લાના ખેડૂતોને મોટી સંખ્યામાં બંદૂકનાં લાઈસન્સ તેમણે અપાવ્યાં. આ વાત જ્યારે મેં સાંભળી ત્યારે હું ઘણો રાજી થયો.

## ૧૬. વાછરડાને મરણદાન

સાબરમતીમાં આશ્રમની શરૂઆતના દિવસોમાં અમને આસપાસ સારું દૂધ મળતું નહોતું. તેથી અમે અમારી ગોઠવણ કરી લીધી. સારી સારી ગાયો ને ભેંસો રાખી.

થોડા દિવસ પછી બાપુએ અમને સમજાવ્યું કે, 'આપણે ગોરક્ષા કરવી છે. ભેંસ રાખી આપણે ગાયને નહીં બચાવી શકીએ. બંનેને આશ્રય આપી આપણે બંનેનો નાશ કરીશું. ગાયની સૌથી મોટી હરીફ ભેંસ છે. બળદ પોતાની સેવાને જોરે બચી જાય છે અને ભેંસ પોતાનાં દૂધઘી વધારે હોવાને કારણે બચે છે. બાકી રહી ગાય અને ભેંસના પાડા. તેમાં ગાય કતલખાને જાય છે અને ભેંસના પાડા બચપણમાં જ સંભાળ વગર

મરવા દેવામાં આવે છે.'

પરિણામે આશ્રમમાંથી ભેંસોને રુખસદ મળી. કેવળ ગૌશાળા રહી.

* * *

એક દિવસ ગાયનો એક વાછરડો બીમાર પડ્યો. તેના ઉપચારો માટે અમે થઈ શકે એટલો પ્રયત્ન કર્યો. ગામડામાંથી ઢોરોના રોગોના જાણકાર આવ્યા. ઢોરોના દાકતર પણ આવ્યા. જે થઈ શકે તે બધું કર્યું પણ વાછરડો સાજો ન થયો.

વાછરડાનું કષ્ટ જોઈને બાપુએ અમારી આગળ દરખાસ્ત મૂકી કે આ મૂંગા જાનવરને આમ પીડા સહન કરતું રાખવું એમાં હિંસા છે. તેને મૃત્યુનો વિશ્રામ આપવો જ જોઈએ.

આ વિશે ઘણી ચર્ચા ચાલી. શ્રી વલ્લભભાઈ અમદાવાદથી આવ્યા. તેમણે કહ્યું, 'આ વાછરડો તો બેત્રણ દિવસમાં એની મેળે મરી જશે. પણ એને મારી નાખશો તો નાહકનો ઝઘડો વહોરી લેશો. આખા દેશના હિંદુ સમાજમાં ખળભળાટ મચી જશે. હમણાં ફાળો ઉઘરાવવા માટે મુંબઈ જવાનું છે. ત્યાં આપણને કોઈ પાઈયે નહીં આપે. આપણું ઘણું કામ અટકી પડશે.'

બાપુએ બધું ધ્યાનપૂર્વક સાંભળ્યું અને પોતાની મુશ્કેલી રજૂ કરતાં કહ્યું, 'તમારી વાત સાચી છે. પણ વાછરડાનું દુઃખ જોતાં બેસી કેમ રહેવાય ? આપણે તેની જે આખરની સેવા કરી શકીએ તે ન કરીએ તો આપણો ધર્મ ચૂકીએ.'

આવી બાબતોમાં વલ્લભભાઈ બાપુ સાથે કદી વાદવિવાદ કરતા નહીં. તેઓ કંઈ પણ બોલ્યા વગર ચાલ્યા ગયા. પછી બાપુએ અમને સૌ આશ્રમવાસીઓને બોલાવ્યા ને અમારો અભિપ્રાય પૂછ્યો. મેં કહ્યું, 'આપ જે કરો છો તે યોગ્ય છે. પણ મારે મારો અભિપ્રાય આપવાનો હોય તો હું ગૌશાળામાં જઈને વાછરડાને જાતે જોઈ લઉં તો જ આપી શકું.'' હું ગૌશાળામાં ગયો. વાછરડો બેભાન પડ્યો હતો. હું મારો

અભિપ્રાય નક્કી ન કરી શક્યો એટલે ત્યાં થોડી વાર રોકાયો. પછી જોયું કે વાછરડો જોરથી ટાંટિયા ઘસે છે ત્યારે મેં બાપુ પાસે જઈને કહ્યું કે, 'હું આપની સાથે પૂરેપૂરો સંમત છું.' બાપુએ કોઈને ચિઠ્ઠી લખી બંદૂકવાળાને બોલાવ્યા. તેમણે કહ્યું કે, 'ગોળીથી મારવાની જરૂર નથી, દાક્તરો પાસે એવું ઈંજેક્ષન હોય છે કે તે આપતાંની સાથે પ્રાણી શાંત થઈ જાય છે.' એટલે પછી પારસી ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. તેમણે એ પીડાતા વાછરડાને **મરણ** આપ્યું.

આથી દેશમાં ખૂબ ખળભળાટ મચ્યો. બાપુને કેટલાયે લેખ લખવા પડ્યા. આખો હિંદુ સમાજ જડમૂળથી હાલી ઊઠ્યો. એ ચળવળમાંથી બાપુ પોતાની અનન્ય ધર્મનિષ્ઠા અને ગોભક્તિને કારણે જ આબાદ ઊગરી ગયા.

## ૧૭. કોઈની આબરૂને જોખમ ન પહોંચે

**आत्मकथा** વિશે એક દિવસ ચર્ચા નીકળતાં મેં કહ્યું, 'બાપુજી, **आत्मकथा**માં આપે બહુ કંજૂસાઈ કરી છે. કેટલીયે સારી સારી વાતો છોડી દીધી છે. આપે **आत्मकथा** જ્યાં પૂરી કરી છે ત્યાંથી આગળની વાતો આપ ભાગ્યે જ લખશો. પણ ફક્ત છોડી દીધેલી બાબતો લખો તોય **आत्मकथा** જેવડો જ એક મોટો ગ્રંથ તૈયાર થાય.' બાપુ કહેવા લાગ્યા, 'બધી વાતો મારે પોતે લખવી એવું થોડું છે! તમે જાણતા હો તે તમે લખો.' મેં કહ્યું, 'કોઈ કોઈ જગ્યાએ તો એમ લાગે છે કે આપે જાણી જોઈને કેટલીક વાતો છોડી દીધી છે. આપની વિરુદ્ધની વાતો આપે જાણે ચાહીને લખી છે પણ બીજાઓની બાબતમાં એમ નથી કર્યું. દાખલા તરીકે દક્ષિણ આફ્રિકામાં આપને ત્યાં રહેતો એક મિત્ર આપની ગેરહાજરીમાં ઘરમાં વેશ્યાને લાવેલો તેનું વર્ણન આપે બરાબર કર્યું છે, પણ એમ નથી કહ્યું કે આ માણસ પેલો જ મુસલમાન મિત્ર હતો જેણે

હાઈસ્કૂલના દિવસોમાં આપને માંસ ખાવામાં ખેંચ્યા હતા અને જે માટે આપે ઘરમાં ચોરી કરી હતી.'

બાપુ બોલ્યા, તમારી વાત સાચી છે. એ મેં જાણી જોઈને જ નથી લખ્યું. મારે આત્મકથા લખવી હતી. તેમાં આ વાતનો ઉલ્લેખ જરૂરી નહોતો. બીજી વાત એ કે એ માણસ હજી જીવે છે. કેટલાક લોકો મારો ને એનો સંબંધ જાણે પણ છે. બંને પ્રસંગો ભેગા થવાથી એના તરફ લોકોની ઘૃણા વધે એવો સંભવ ઊભો થાય.'

દરેક માણસ માટે બાપુના મનમાં કેટલી કરુણા વસે છે એ જોઈને મને એક જૂની વાત યાદ આવી.

* * *

બનારસ હિંદુ યુનિવર્સિટીવાળા બાપુના ભાષણ પછી છાપામાં બાપુ અને શ્રીમતી બિસેન્ટની બાબતમાં લાંબી ને તીખી ચર્ચા ચાલી હતી. એ સંબંધમાં મુંબઈના **इन्डियन सोशियल रिफॉर्मर**માં શ્રી નટરાજને બાપુને વિશે લખ્યું હતું: એવરી વન્સ ઑનર ઈઝ સેફ ઈન હિઝ હૅન્ડ્ઝ – બાપુના હાથમાં સૌની આબરૂ સલામત છે.

બાપુના ચારિત્ર્યની આ બાજુ નટરાજને બહુ સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે.

આ પ્રસંગની સાથે એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે.

એક મુખ્ય મુસ્લિમ કાર્યકર્તા વિશે વાત ચાલતી હતી. મેં એના કોઈ અનુચિત જાહેર વહેવારની વાત કરી. બાપુ દુ:ખી થઈને બોલ્યા, 'ત્યારથી મારા મનમાં તેની પહેલાં જેવી કિંમત નથી રહી. પણ તેથી શું? તેને કશું નુકસાન નહીં થાય. મારા મનમાં કોઈની કિંમત વધી તોયે શું ને ઘટી તોયે શું ? મારો પ્રેમ થોડો જ ઓછો થવાનો હતો ?'

# ૧૮. આશ્રમમાં શાળાનો આરંભ

બાપુએ મને આશ્રમમાં આશ્રમવાસી તરીકે નહીં પણ રાષ્ટ્રીય શાળા ચલાવનાર એક શિક્ષક તરીકે બોલાવેલો. શ્રી કિશોરલાલ મશરૂવાળા અને શ્રી નરહરિ પરીખ પણ એ જ રીતે આવેલા. મામાસાહેબ ફડકે અને શ્રી વિનોબા ભાવે આશ્રમવાસી થવાને માટે આશ્રમમાં આવ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષકો પર આશ્રમનાં બંધનો નહોતાં. આશ્રમનાં વ્રતો પાળવાનું પણ અમારે માટે ફરજિયાત નહોતું. છતાં આસ્તે આસ્તે, અમે આશ્રમવાસી બની ગયા અને તે ક્યારે ને કેમ તેનોય અમને ખ્યાલ ન રહ્યો!

મને આશ્રમમાં બોલાવ્યો તે જ વખતની વાત છે. બાપુ અમદાવાદથી ચંપારણ જતા હતા. હું વડોદરા સ્ટેશને તેમને મળ્યો. તેમણે મને પૂછ્યું, 'ચંપારણ ક્યાં આવ્યું જાણો છો?'

આ સવાલનો જવાબ આપી શકે એવા લોકો બિહાર બહારના હિંદુસ્તાનમાં તે વખતે ઘણા ઓછા હશે. પણ હું રહ્યો રાષ્ટ્રીય શિક્ષક. હું જવાબ ન આપી શકત તો મારે માટે તે ઘણી શરમની વાત ગણાત. હું જ્યારે મુઝફ્ફરપુર થઈને નેપાલને પ્રવાસે ગયો હતો ત્યારે સદ્‌ભાગ્યે ત્યાં મેં ચંપારણનું નામ સાંભળ્યું હતું. મેં કહ્યું, 'હું ચોક્કસ કહી ન શકું, પણ ઉત્તર બિહારમાં ક્યાંક છે. ચંપારણ શહેર છે કે જિલ્લો એ હું ન કહી શકું. પણ એટલું જાણું છું કે નૈમિષારણ્ય અથવા દંડકારણ્ય જેવું એ કોઈ જંગલ નથી.' (વેદારણ્યનું નામ મેં ત્યારે સાંભળ્યું નહોતું.)

બાપુ ખુશ થઈ ગયા. પછી મેં કહ્યું, 'આપ આશ્રમમાં રાષ્ટ્રીય શાળા ખોલાવવા માગો છો અને પોતે ચંપારણ જાઓ છો. રાષ્ટ્રીય શાળાનો પાયો આપે જ નાખવાનો છે. દરેક બાબતમાં આપની સલાહની જરૂર રહેશે.' બાપુએ જવાબ આપ્યો, 'હમણાં આરંભ જ કરવાનો છે. એને વ્યાપક રૂપ આપવાનું નથી. કાંઈ બગડ્યું તોયે તેને સુધારતાં કેટલી વાર?' આટલા જવાબથી મને સંતોષ ન થયો. બાપુ બોલ્યા, 'હજી આશ્રમની

શરૂઆતના દિવસો છે એટલે હું ઝાઝા દિવસ આશ્રમથી દૂર ન રહી શકું. દર પખવાડિયે એક વાર આશ્રમમાં આવતો રહીશ.' આ સાંભળીને મને જેટલો સંતોષ થયો તેટલું જ આશ્ચર્ય થયું. ક્યાં અમદાવાદ અને ક્યાં ચંપારણ ! આવા મોટા રાજદ્વારી નેતા પોતાના નાનકડા આશ્રમ માટે અને અમારી નાનકડી શાળા માટે આટલું ખરચ કરી અને આટલી તકલીફ વેઠી દર પખવાડિયે ઠેઠ ચંપારણથી આશ્રમમાં આવી શકે એ વાત મારી કલ્પનામાં આવી નહીં. હું ઘણો રાજી થયો. મારા મનમાં મેં કહ્યું કે, 'આશ્રમજીવન તથા શાળાની વ્યવસ્થાનું આપના મનમાં આટલું મહત્ત્વ છે તો પછી મને જરાયે ફિકર નથી. અમે તનતોડ કામ કરીશું.'

બાપુએ કહેલું તે કરી બતાવ્યું. તેઓ દર પખવાડિયે આશ્રમમાં આવતા.

## ૧૯. ગાંધીજી – લોકમાન્યની દષ્ટિએ

માંડલેથી આવ્યા પછી લોકમાન્ય તિલકે કૉંગ્રેસમાં ફરીથી જોડાવાનું નક્કી કર્યું. પોતાના પક્ષના લોકોને સમજાવવાને તેમણે બેલગામ પ્રાંતિક પરિષદમાં કોશિશ કરી. મારા આગ્રહથી ને શ્રી ગંગાધરરાવ દેશપાંડેના આમંત્રણથી બાપુ પણ એ પરિષદમાં આવ્યા હતા.

અમે લોકો લોકમાન્ય તિલકના અનુયાયી હતા, પણ બાપુની તેજસ્વિતા, રાષ્ટ્રભક્તિ ને ચારિત્ર્યશુદ્ધિ પર મુગ્ધ હતા. હું હૃદયથી તેમનો બની ચૂક્યો હતો અને ગંગાધરરાવને એ તરફ ખેંચવાનો પ્રયત્ન કરતો હતો.

તિલક અને ગાંધી એકબીજાને મળે ને એકબીજાને ઓળખે એમ અમે ઇચ્છતા હતા. એમ થાય તો દેશનું એક મોટું કામ થાય. અમે એવી ગોઠવણ કરવાને વિચાર્યું કે લોકમાન્ય ને બાપુ તદ્દન એકાંતમાં એકબીજાને મળી શકે. પણ લોકમાન્યને મુકામે એ બને તેમ નહોતું એટલે

ગંગાધરરાવ લોકમાન્યને બાપુને ઉતારે લઈ આવ્યા. તેમને બાપુના ઓરડામાં મૂકી ગંગાધરરાવ પોતે પણ બહાર ચાલ્યા આવ્યા. ત્યાં બંને વચ્ચે શી વાતચીત થઈ તેની અમને પાછળથી પણ ખબર ન પડી. ઓરડામાંથી બહાર આવી લોકમાન્યે ગંગાધરરાવને ફક્ત એટલું કહ્યું કે, 'આ માણસ આપણો નથી. એનો માર્ગ જુદો છે. પણ એ સોએ સો ટકા સાચો માણસ છે. એને હાથે કદી હિંદુસ્તાનનું અહિત નહીં થાય. આપણે એટલી સાવધાની રાખવી જોઈશે કે એની સાથે ક્યાંય આપણો વિરોધ ન થાય. એને આપણે આપણાથી થઈ શકે તેટલી મદદ કરવી જોઈશે.'

બાપુએ એ પરિષદમાં એટલું જ કહ્યું હતું કે તમે લોકો કૉંગ્રેસમાં પાછા આવો છો તે સારી વાત છે પણ તમારે વકીલ તરીકે નહીં પણ સિપાઈ તરીકે આવવું જોઈએ.

બીજે કે ત્રીજે દિવસે બેલગામના એક આગેવાન શ્રી બેળવી વકીલ કંઈક કામ પ્રસંગે ત્યાંના કલેક્ટર પાસે ગયા હતા. કલેક્ટર કહેવા લાગ્યો, 'કેમ ? તમે લોકોએ બૅરિસ્ટર ગાંધીને બોલાવ્યા પણ તેણે તમને કડવી કડવી વાતો સંભળાવી ખરું ને ? તેમને લાગ્યું હશે કે ક્યાં આને બોલાવ્યા ?' શ્રી બેળવીએ જવાબ આપ્યો, 'તમે લોકો અમ હિંદુસ્તાનીઓનો સ્વભાવ જાણતા નથી. ગાંધીજી અમારે મન પૂજ્ય વ્યક્તિ છે. અમને શીખ આપવાનો એમને અધિકાર છે. અમે એમનો ઉપદેશ આદરપૂર્વક સાંભળ્યો છે અને અમે તેમની કેવી કદર કરીએ છીએ તે તમે જોશો.' કલેક્ટર બિચારો ચૂપ થઈ ગયો.

## ૨૦. સાપ ખભા પર ચડ્યો

સન ૧૯૧૭ની વાત હશે. આશ્રમમાં સાંજની પ્રાર્થના પછી બાપુ તકિયાને અઢેલીને બેઠા બેઠા વાતો કરતા હતા. બાપુને ઠંડી ન લાગે તેટલા માટે પૂજ્ય બાએ એક ચાદર ચોવડી કરીને બાપુના વાંસા પર

ઓઢાડી હતી. આશ્રમવાસી શ્રી રાવજીભાઈ પટેલ સાથે બાપુ વાતો કરતા હતા. રાવજીભાઈને ચાદર પર કાળા લીટા જેવું જણાયું. ધ્યાનપૂર્વક જોતાં ખબર પડી કે એક મોટો કાળો સાપ પાછળથી આવીને બાપુના ખભા સુધી ચડી ગયો છે અને આગળ જવાને આમતેમ જુએ છે. રાવજીભાઈનું ધ્યાન વાતમાં ન રહ્યું તથા તેઓ પોતાના ખભા તરફ તાકી રહ્યા હતા તે જોઈ બાપુએ પૂછ્યું: 'શું છે, રાવજીભાઈ?' બાપુને પણ પોતાની પીઠ પર કંઈક ભાર લાગવા માંડ્યો હતો. રાવજીભાઈમાં સમયસૂચકતા સારી હતી. તેમણે વિચાર કર્યો કે મોટેથી બોલીશ તો બા, વગેરે સૌ ગભરાઈ જશે. અને ધમાલ થશે અને સાપ પણ ગભરાઈ જશે. તેમણે કહ્યું, 'કંઈ નહીં બાપુ, એક સાપ આપની પીઠ પર છે. આપ બિલકુલ સ્થિર બેસી રહેજો.' બાપુએ કહ્યું, 'હું સ્થિર બેસી રહીશ. પણ તમે શું કરવા માગો છો?' રાવજીભાઈ બોલ્યા, 'હું ચાદરને ચારે ખૂણેથી પકડીને સાપ સાથે ઉપાડી લઉં છું.' બાપુ કહે: 'હું તો જરાયે હાલ્યાચાલ્યા વગર બેસી રહીશ પણ તમે સંભાળજો.'

રાવજીભાઈ ચાદર ઉપાડીને દૂર લઈ ગયા અને સાપ ચાદરમાંથી નીકળ્યો તેવો તેને દૂર ફેંકી દીધો.*

બીજે દિવસે છાપાંમાં ખબર આવી કે એક નાગે આવીને બાપુના માથા ઉપર ફેણ કરી હતી. હવે બાપુ ચક્રવર્તી રાજા થશે. એક મિત્રે મને કહ્યું, 'નાગ એમના ખભા સુધી ચડ્યો હતો. માથા સુધી ચડી ગયો હોત તો જરૂર તેઓ હિંદુસ્તાનના ચક્રવર્તી સમ્રાટ થઈ જાત!'

એક દિવસ આ બનાવ યાદ આવતાં મેં બાપુને પૂછ્યું કે આપના શરીર પર સાપ ચડ્યો ત્યારે આપના મનમાં કેવી લાગણી થઈ હતી? તેઓ બોલ્યા, 'એક ક્ષણ તો હું ગભરાઈ ગયો; પણ કેવળ તે એક ક્ષણ પૂરતો જ. પછી તરત જ સ્વસ્થ થઈ ગયો. પછી વિચાર આવ્યો કે આ સાપ

* શ્રી રાવજીભાઈએ પોતાના પુસ્તક **જીવનનાં ઝરણાં**માં આ વાત વિસ્તારપૂર્વક વર્ણવી છે. મને જેવી યાદ હતી તેવી મેં અહીં આપી છે.

મને કરડશે તો હું સૌને કહીશ કે આ સાપને તો ન જ મારશો. કોઈ પણ સાપને જોતાં તમે તેને મારવા તૈયાર થઈ જાઓ છો; મેં પણ આજ સુધી કોઈને તેમ કરતાં રોક્યા નથી. પણ આ સાપ મને કરડ્યો છે માટે એને તો અભયદાન મળવું જ જોઈએ.'

## ૨૧. હરિજનસેવાનો આરંભ

ગુજરાતમાં ગાંધીજી પાસે જે કાર્યકર્તાઓ સૌથી પહેલા આવ્યા તેમાં શ્રી શંકરલાલ બૅંકર અને શ્રી વલ્લભભાઈ પટેલ મુખ્ય હતા. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પણ શરૂઆતથી જ ગાંધીજી પાસે આવતા પણ તેમના નિકટ સહવાસમાં નહોતા આવ્યા.

ગોધરામાં પહેલી રાજકીય પરિષદ ભરાઈ તેની સાથે શ્રી ઠક્કરબાપાએ એક અસ્પૃશ્યતાનિવારણ પરિષદ ભરવાની તૈયારી કરી હતી. (બાપા હિંદ સેવક સમાજના જૂના સભાસદ તરીકે સ્વાભાવિક રીતે જ ગાંધીજીના સંપર્કમાં આવ્યા હતા અને તેમની સાથે ગાઢો સંબંધ બંધાયો હતો.) બાપુએ કહ્યું, 'અસ્પૃશ્યતાનિવારણ પરિષદ તો અહીં ઢેડવાડામાં જ ભરી શકાય.' તેમના કહેવા પ્રમાણે પરિષદ ઢેડવાડે ભરવાનું નક્કી થયું. રાજકીય પરિષદમાં એ પરિષદની જાહેરાત કરવામાં આવી; તારીખ, સમય તથા સ્થળ જાહેર કરવામાં આવ્યાં. સૌને આમંત્રણ પણ આપવામાં આવ્યું. લોકો મોટી સંખ્યામાં આવ્યા. પરિષદને બહાને ઢેડવાડામાં સારી સફાઈ પણ થઈ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પણ પરિષદમાં આવ્યા હતા. તેમનો સ્વભાવ આમેય કંઈક નાટકી તો ખરો જ. તેઓ લુંગી, લાંબો ઝભ્ભો અને બાવા જેવી કાનટોપી પહેરીને આવ્યા. સભામાં વ્યાસપીઠ નહોતું બનાવવામાં આવ્યું. પ્રમુખ તરીકે ગાંધીજી એકાદ ખુરશી કે પેટી પર ઊભા થયા. તેમને ટેકો દેવા શ્રી વિઠ્ઠલભાઈ ઊભા થયા. તેમના ખભા પર હાથ મૂકતાં બાપુ બોલ્યા, 'ઉપરનો વેશ જોઈને મારા પર છાપ પડતી

નથી. મને ખભા પર હાથ મૂકવા દો છો પણ હું તો તમારું અંતર પણ પારખી લઈશ.'

એ સભામાં મહારાષ્ટ્રના સૌથી પહેલા ને સૌથી શ્રેષ્ઠ હરિજનસેવક વિઠ્ઠલ રામજી શિંદે પણ આવ્યા હતા. મારે તેમની સાથે થોડો જૂના વખતનો પરિચય હતો. સભા પૂરી થયા પછી અમે વાતે વળગ્યા. શિંદે કહેવા લાગ્યા, 'તમારા ગાંધીજી અમને અહીં ટકવા દે એવી આશા નથી. હું ક્યારનો તેમની સાથે વિચારની આપલે કરવા માગું છું. મારો અનુભવ તેમની આગળ મૂકવા માગું છું. પણ મારું સાંભળે તો ને? તેમને પુરઝડપે આગળ વધવું છે. પોતાનું એક સંગઠન ઊભું કરવા માગે છે. કામ પણ એટલું તાકીદનું છે કે એમની વિરુદ્ધ કશી ફરિયાદ પણ ન થાય. અમારે માટે અહીં સ્થાન નથી. અમે તો અહીંથી ચાલ્યા.'

અંત્યજસેવા માટે ગોધરામાં એક આશ્રમ ખોલવો એવું પરિષદમાં નક્કી થયું.

આશ્રમ ખૂલ્યો. પણ તેને માટે યોગ્ય સંચાલક ન મળ્યો. એ વાત સાંભળતાં જ મેં મારા મિત્ર મામા ફડકેને ત્યાં જવા સૂચવ્યું. તેઓ મારી પહેલાં આશ્રમના સભ્ય બની ચૂક્યા હતા.

ત્યારથી માંડીને આજ સુધી મામાસાહેબ ગોધરામાં જ કામ કરતા આવ્યા છે. તપસ્વી નામને કોઈ લાયક હોય તો તેઓ છે.

## ૨૨. સન્નિપાત પણ કેવો !

બાપુને દક્ષિણ આફ્રિકાથી હિંદુસ્તાન આવ્યે ઝાઝા દિવસ નહોતા થયા. કોઈ કારણે એમને મુંબઈ જવાનું થયું. ત્યાં તાવ આવ્યો. તેઓ શ્રી રેવાશંકરભાઈના મણિભવનમાં ઊતર્યા હતા. મહાદેવભાઈ એમની સેવામાં હતા. એક દિવસ તાવ સનેપાત સુધી પહોંચ્યો. તેમાં જ રાત્રે મહાદેવભાઈને જગાડીને કહેવા લાગ્યા, 'મહાદેવ, આ બંગાળીઓ

કલકત્તામાં કાલીને નામે કાલીઘાટના મંદિરમાં પશુહત્યા કરે છે. એમને કેવી રીતે સમજાવી શકાય કે એ ધર્મ નથી, મહા અધર્મ છે ? ચાલ, આપણે બંને જઈને ત્યાં સત્યાગ્રહ કરીએ ને એમને પશુહત્યા કરતાં અટકાવીએ. પછી ચિડાયેલા બંગાળી બ્રાહ્મણો આપણા પર તૂટી પડશે ને આપણા ટુકડેટુકડા કરી નાખશે. આ પશુહત્યા અટકાવવામાં આપણા પ્રાણ જાય તોયે શું ?'

આ વાત મેં ખુદ મહાદેવભાઈને મોઢે સાંભળી હતી.

## ૨૩. નાની નાની બાબતોની કાળજી

એક દિવસ ચંપારણથી બાપુનો પત્ર આવ્યો. અમારો આશ્રમ તે વખતે કોચરબમાં ભાડાના બંગલામાં હતો. પત્રમાં લખ્યું હતું:

'હવે ત્યાં વરસાદ શરૂ થયો હશે, નહીં થયો હોય તો થશે. હવાની દિશા હવે બદલાઈ જશે. એટલે આજ સુધી જે ખાડાઓમાં પાયખાનાના ડબા ખાલી કરતા તેમાં ન કરવા. નહીં તો એ દિશામાંથી દુર્ગંધ આવવાનો સંભવ છે. એટલે જૂના ખાડા પૂરી દઈને અમુક જગ્યાએ નવા ખાડા ખોદવા.'

આ પત્રની મારા મન પર ઊંડી અસર થઈ. બાપુ ચંપારણમાં તપાસનું કામ કરે છે છતાં આશ્રમની આવી નાની નાની બાબતોની પણ કાળજી રાખે છે ! 'જે માણસ નાની નાની વિગતોનો વિચાર કરીને તેનો ઉપાય તૈયાર રાખે છે તે જ યુદ્ધમાં વિજયી થાય છે' એ મતલબનાં નેપોલિયનનાં વચનો મને યાદ આવ્યાં. સાથે સાથે ડૉ. માર્ટિનોનું એક વચન યાદ આવ્યું: ટ્રાયફલ્સ મેઈક પરફેક્શન ઍન્ડ પરફેક્શન ઈઝ નૉટ એ ટ્રાયફલ – નાની નાની નજીવી વિગતો મળીને પૂર્ણતા સિદ્ધ થાય છે જ્યારે પૂર્ણતા એ કંઈ નજીવી વાત નથી.

# ૨૪. સાદાઈ, સ્વાવલંબન અને બ્રહ્મચર્ય

સાદાઈથી રહેવું અને જાતે કામ કરી લેવું, આ બંને બાબતોમાં બાપુને ખાસ પ્રયત્ન કરીને મનને તૈયાર કરવું પડ્યું હોય એવું નથી લાગતું. વિલાયતમાં તેઓ ભણતા હતા ત્યારે અન્નાહારી વીશીઓ શોધતાં શોધતાં ગમે તેટલે દૂર પગપાળા ચાલીને જતા. પાછળથી તેમણે પોતાની રસોઈ જાતે કરી લેવા માંડી. આ જાતે રસોઈ કરવાના પ્રયાસને કારણે જ વિલાયતમાં શ્રી કેશવરાવ દેશપાંડેને ને બાપુને દોસ્તી થયેલી. બંને મળીને થૂલી (પૉરિજ) બનાવતા.

બાપુ બૅરિસ્ટર થઈ હિંદુસ્તાન આવ્યા ત્યારે પણ મુંબઈમાં પોતાને ઘેરથી કોર્ટ સુધી પગપાળા જતા.

દક્ષિણ આફ્રિકામાં તેમણે જોયું કે ગોરો હજામ પોતાના વાળ કાપવા તૈયાર નથી ત્યારે તેની ખુશામત કરવાને બદલે પોતાને હાથે જ જેમતેમ વાળ કાપી લીધા. કોર્ટમાં ગોરા બૅરિસ્ટરે જ્યારે મજાક કરતાં પૂછ્યું કે, મિ. ગાંધી, તમારા વાળ ઉંદરે કાતરી ખાધા છે કે શું, ત્યારે બાપુએ આખો કિસ્સો કહી સંભળાવ્યો.

ત્યાર પછી તેમણે ટૉલ્સ્ટૉય અને રસ્કિનનાં પુસ્તકો વાચ્યાં એટલે તેઓ સાદાઈ અને સ્વાવલંબન તરફ વધુ વળ્યા. ઝૂલુ યુદ્ધના દિવસોમાં ઍમ્બુલન્સ કોરનું કામ લઈને જે કષ્ટ ઉઠાવવાં પડ્યાં તેનું વર્ણન તેમણે આપ્યું જ છે. પણ એ આખો ઈતિહાસ રોમાંચક છે. માણસનું શરીર સહન કરી શકે તેથીયે વધારે કષ્ટ સહન કરી તેમણે ઍમ્બુલન્સ કોરનું કામ કર્યું. એ જ દિવસોમાં તેમના મનમાં વિચાર સ્ફૂર્યો કે જો માણસ આદર્શ સેવા કરવા માગતો હોય તો તેણે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. ટૉલ્સ્ટૉયનું પુસ્તક વાંચતાં **ब्रेडलेबर**(રોટી માટે મજૂરી)નો વિચાર પણ તેમને ગમી ગયો. એમને ખાતરી થઈ કે શરીરને જીવતું રાખવા જેણે અન્ન ખાવું છે, ટાઢતડકાથી બચવા માટે જેણે વસ્ત્ર પહેરવાં છે તેણે

અન્નવસ્ત્રના ઉત્પાદનમાં કાંઈ ને કાંઈ ભાગ લેવો જ જોઈએ. હરિજનોનાં દુઃખ દૂર કરવાં હોય તો ઝાડોપેશાબ સાફ કરવાનું કામ પણ હાથે કરવું જોઈએ, અને એ કામમાં વૈજ્ઞાનિક પદ્ધતિ દાખલ કરી સફાઈના કામને ઉચ્ચ આદર્શ સુધી લઈ જવું જોઈએ. આ બધું તેઓ સમજ્યા એટલું જ નહીં, બધાનો અમલ કરવાનું પણ તેમણે શરૂ કરી દીધું.

* * *

સને ૧૯૧૭માં બાપુ ચંપારણ ગયા. ત્યાં તેમણે ખેડૂતોનાં નિવેદનો લેવા માંડ્યાં ત્યારે બિહારના અનેક વકીલો તેમની મદદમાં આવી પહોંચ્યા. શ્રી રાજેન્દ્રબાબુ, બ્રજબાબુ, વગેરે બધા તે સમયના બાપુના સાથીઓ છે. બાપુએ એ સૌને પોતાની સાથે રહેવા કહ્યું. બાપુનો ઉતારો એક પ્રકારનો આશ્રમ બની ગયો. તેનું ખર્ચ આ બધા વકીલો આપતા હતા. પણ આ આશ્રમ એક કંજૂસ વાણિયાનો રહ્યો. દરેક બાબતની તપાસ થતી. એક વાર ઘણી મોંઘી કેરી આશ્રમમાં આવી એટલે સૌને સંભળાવવામાં આવ્યું કે આ જાતનું ખર્ચ અહીં નહીં થાય. કેરી સસ્તી થાય ત્યારે મંગાવવી. પછીથી કપડાં પણ હાથે ધોઈ લેવાનું ફરમાન કાઢવામાં આવ્યું. આ બધું કરવામાં બાપુનો સિદ્ધાંત એવો હતો કે પૈસા ભલે વકીલો આપતા હોય પણ આપ્યા એટલે એ જનતાના થયા. એ પૈસા આપણે ગરીબ અને પીડિત રાષ્ટ્રના પ્રતિનિધિની ઢબે જ ખર્ચવા જોઈએ.

આમ, સામાન્ય સંજોગોમાં બાપુ ગરીબાઈની રહેણીકરણીનો ગમે તેટલો આગ્રહ રાખે પણ કોઈ માંદું પડ્યું હોય તો તેને ગમે તેટલાં મોંઘાં ફળ લાવી આપતા હતા. કોઈ કોઈ વાર તો માંદા માણસને મહિનાઓ સુધી કેવળ ફળોના રસ પર રાખતા હતા.

# ૨૫. સાંઢની પેઠે શીંગડાં પર

મહાદેવભાઈ ને નરહરિભાઈ વચ્ચે ઘાડી દોસ્તી હતી. આશ્રમની શરૂઆતના દિવસોમાં એક વાર મહાદેવભાઈએ નરહરિભાઈને લખ્યું હશે કે બાપુ મને અમુક કામ માટે કાયમનો બાંધવા માગે છે. નરહરિભાઈએ વિનોદમાં જવાબ લખ્યો: 'ડોસા બહુ ચાલાક છે. એક વાર એના પંજામાં ફસાયા કે પછી છૂટવાનું નામ ન લેવું.'

આમ તો બાપુ કદી કોઈ બીજાના પત્રો વાંચતા નથી. પણ તે દિવસે બધી ટપાલ તેમના હાથમાં ગઈ. તેમણે જોયું કે આશ્રમમાંથી મહાદેવભાઈ પર પત્ર છે તે અક્ષર નરહરિભાઈના છે. એટલે આશ્રમની ખબરો હશે એમ વિચારીને બાપુએ પત્ર ફોડ્યો. વાંચીને બહુ દુ:ખી થયા. પછી તેમણે નરહરિભાઈને પત્ર લખ્યો: 'તમારો પત્ર અકસ્માત્ મારા વાંચવામાં આવ્યો. આટલાં વરસ વીતી ગયાં ને હવે આ ઘડપણમાં મારો એવો કયો સ્વાર્થ છે કે જેને માટે હું તમને લોકોને છેતરું?'

આ પત્ર વાંચી બિચારા નરહરિભાઈને તો એવું થયું કે જાણે 'કાપો તો લોહી ન નીકળે'. દોડ્યા દોડ્યા મારી પાસે આવ્યા. મને બધી વાત કહી બાપુનો પત્ર મારા હાથમાં મૂક્યો. પછી પૂછવા લાગ્યા, 'હવે કયા શબ્દોમાં બાપુની માફી માગું?' મેં એમને ધીરજ આપીને કહ્યું, "માફીબાફીની વાત ન કરતા. માફી માગી તો મરી જ ગયા સમજજો. આવાં સંકટ સાંઢની પેઠે શીંગડાં પર ઝીલવાનાં હોય છે. બાપુને લખો 'અમારો પત્ર વાંચ્યો જ કેમ? એ તો ઠીક થયું કે તેમાં આથી વધારે કાંઈ નહોતું લખ્યું. અમ જુવાનિયાઓની પોતાની જુદી એક દુનિયા હોય છે. એ દુનિયામાં આપને વિશે અમે બીજું પણ જે જે કહીએ છીએ તે આપની જાણ માટે અહીં લખી દઉં છું. આવા વિનોદ પર તો અમે જીવીએ છીએ અને એ રીતે અમે આપના પ્રત્યેની નિષ્ઠા કેળવતા જઈએ છીએ.' "

આ પત્રની અસર સારી જ થઈ.

## ૨૬. તેથી એકલો આવ્યો છું

ચંપારણની વાત છે. ત્યાંના નીલવરોના અન્યાય ને અત્યાચારોની બાપુએ તપાસ શરૂ કરેલી અને પ્રજામાં કંઈક ચેતન આવ્યું હતું. બાપુએ ઠેકઠેકાણે શાળાઓ ખોલેલી તેની પણ લોકો પર સારી અસર થવા માંડી હતી. ગોરા નીલવરો આથી ગભરાયા હતા.

કોઈએ બાપુને કહ્યું, 'અહીંનો અમુક નીલવર સૌથી દુષ્ટ છે. તે આપનું ખૂન કરાવવા માગે છે ને તેને માટે તેણે મારા રોક્યા છે.'

આ સાંભળીને બાપુ એક દિવસ રાત્રે એકલા પેલા ગોરાને બંગલે પહોંચ્યા ને કહેવા લાગ્યા: 'મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે મારાઓ રોક્યા છે, એટલે કોઈને કહ્યા વગર હું એકલો આવ્યો છું.'

પેલો બિચારો સ્તબ્ધ થઈ ગયો!

## ૨૭. ચાળીસ હજાર પાછા આપ્યા

આશ્રમની શરૂઆતના દિવસોની વાત છે. બાપુ પાસે એક જોષી ઘણી વાર આવતા. એમનું નામ ગિરજાશંકર જોષી હતું. એક દિવસ બાપુએ એમને કહ્યું, 'તમે નિયમિત આવો છો તો આશ્રમના છોકરાઓને સંસ્કૃત કેમ ન ભણાવો?' એટલે તેઓ છોકરાઓને સંસ્કૃત ભણાવવા લાગ્યા.

તેઓ ફલજ્યોતિષી હતા. અમદાવાદના ઘણા પૈસાવાળાનો એમની વિદ્યા પર વિશ્વાસ હતો. સોમાલાલ નામના કોઈક તવંગરને બાપુને કંઈ દાન આપવાની ઈચ્છા થઈ. મને યાદ છે તે પ્રમાણે તેમણે જોષી સાથે ચાળીસ હજાર રૂપિયા શાળાનું મકાન બાંધવા માટે મોકલ્યા. તે દિવસોમાં અમે વાડજમાં તંબૂમાં ને સાદડીનાં ઝૂંપડાંમાં રહેતા હતા. મકાનો બાંધવાનો વિચાર કરીએ તે પહેલાં અમદાવાદમાં ઈન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો. રોજ સોબસો મરણ થવા લાગ્યાં ને હાહાકાર મચી ગયો.

બાપુએ જોષીને કહ્યું, 'આ વરસે તો અમારે મકાન નથી બંધાવવાં. શાળાનું મકાન પણ નહીં બંધાય. એટલે સોમાલાલભાઈએ આપેલા પૈસા પાછા લઈ જાઓ.' જોષી કહે, 'તેમાણે પૈસા પાછા નથી માગ્યા.' બાપુ કહે, 'તેથી શું થયું ? જે કામને માટે તેમણે પૈસા આપ્યા છે તે કામ હમણાં થવાનું નથી પછી એ પૈસા શા માટે સાચવવા ? કોઈના પૈસા સાચવી રાખવા માટે ઓછા જ અમે અહીં બેઠા છીએ ?' જોષી કહે, 'હમણાં નહીં તો ભવિષ્યમાં ક્યારેક પણ છાત્રાલય બંધાશે તો ખરું ને ? તે વખતે પૈસા કામ લાગશે.' બાપુ કહે, 'હા, પણ જ્યારે બાંધવાનો પ્રસંગ આવશે ત્યારે આ ભાઈ નહીં તો બીજા કોઈ પૈસા આપનારા નીકળશે.' જોષીએ જઈને સોમાલાલભાઈને બધી વાત કહી સંભળાવી. તેમણે કહ્યું, 'મેં આપ્યા તે આપ્યા. પાછા નહીં લઉં.'

## ૨૮. શાળા મારી નથી, તમારી છે

અમારી આશ્રમની શાળા શરૂ થઈ ગઈ. શ્રી મશરૂવાળા અને પરીખ પાછળથી આવ્યા. બાપુ પખવાડિયે એક વાર આવતા ત્યારે અમારી સાથે બેસીને નાનીમોટી બધી બાબતોની ચર્ચા કરતા.

એક દિવસ બાપુ કહેવા લાગ્યા, 'એક વાતની ચોખવટ કરી લઉં. તમે જે શાળા ચલાવો છો તે મારી નથી, તમારી છે. લોકો મને ઓળખે છે ને મારા પર વિશ્વાસ રાખે છે એટલે શાળાના ખર્ચનો બોજો મેં ઉઠાવ્યો છે. પણ તેથી શાળા મારી નથી થઈ જતી. હું અહીં જે કંઈ સલાહ આપું છું તે કેવળ સલાહ રૂપે લેજો. મારી સલાહ તમારે ગળે ન ઊતરે તો ફેંકી દેજો. તમારી સમજ પ્રમાણે તમને જે વસ્તુ સાચી લાગે તેનો જરાયે અચકાયા વિના અમલ કરતા જજો. અલબત્ત, હું તમારી સાથે રહેતો હોત અને તમારી પેઠે શિક્ષક બની શાળામાં કામ કરતો હોત તો તમને મારા મતના બનાવવાની પૂરેપૂરી કોશિશ કરત. પણ હું શિક્ષકનું કામ કરતો નથી

એટલે મારા વિચારો તમારા પર લાદવાનો મને અધિકાર નથી. તમારા પર મને ઇતબાર છે. તમે જે કંઈ કરશો તેથી કશું બગડવાનું નથી.'

## ૨૯. પોલીસ કમિશનરને આશ્ચર્ય થયું

સરકાર બાપુને ચંપારણમાંથી ખસેડી ન શકી ત્યારે તેણે બીજો દાવ અજમાવ્યો. લેફ્ટનન્ટ ગવર્નર, વગેરે મોટા મોટા અમલદારોએ બાપુને બોલાવીને કહ્યું, 'તમે તો બહુ સારા માણસ છો, પરંતુ જે બધા તમારી મદદમાં છે તે ખરાબ માણસો છે. અમે તેમને બરાબર ઓળખીએ છીએ.'

બાપુ સાથેના વહેવારમાં આ રીતે કામ લો એટલે આવી જ બન્યું સમજવું. પણ આ અમલદારોને એની ખબર નહોતી. બાપુએ તરત જ કહ્યું: 'આપ એમને દૂરથી ઓળખો છો. હું રાતદિવસ એમની સાથે રહું છું. મારા પોતાના અનુભવ પરથી કહું છું કે એ મારા કરતાં ક્યાંયે સારા છે. અને તેમનામાં ખરાબ માણસ મેં કોઈ જોયો જ નથી.'

ઘણું કરીને પોલીસ કમિશનર પણ ત્યાં હતો. તેણે કહ્યું, 'આપની સાથે પ્રોફેસર કૃપાલાની છે. એમને વિશે અમારી પાસે બહુ ખરાબ હેવાલો આવ્યા છે. એ માણસ **मिस्चीफ् मॉंगर** (તોફાની) છે. **ॲजिटेटर** (ચળવળિયો) તો છે જ.'

બાપુ હસીને બોલ્યા, 'પ્રોફેસર કૃપાલાની મારે ત્યાં શું કામ કરે છે તે તમે જાણો છો ? મિસિસ ગાંધી સાથે તેઓ આખો વખત અમારા બધાની રસોઈ કરવામાં રોકાયેલા રહે છે. એમાં તે કેવી જાતનું તોફાન કરવાના હતા વારુ ?'

બિચારો પોલીસ કમિશનર તો બાપુના મોં તરફ જોઈ જ રહ્યો. એને સમજ ન પડી કે બિહારના વિદ્યાર્થીઓને બહેકાવનાર આ મોટો પ્રોફેસર ગાંધીજીને ત્યાં રસોઈયો બનીને કેવી રીતે રહ્યો હશે !

બાપુએ કહ્યું, 'કોઈ દિવસ આવીને જુઓ તો ખરા! બિચારાને માથું ઊંચું કરવાનોય વખત રહેતો નથી.'

પછી જ્યારે બાપુએ ખેડૂતોની હાલત વિશે તપાસ શરૂ કરી અને હજારો ખેડૂતો પોતાનાં દુ:ખ રડવા તેમની પાસે આવવા લાગ્યા ત્યારે કોઈ ને કોઈ કામ માટે તેમને અનેક વાર કલેક્ટરને પત્ર લખવા પડતા. એ પત્રો હાથોહાથ પહોંચાડવાને બાપુ દરેક વખતે કૃપાલાનીને કલેક્ટરને બંગલે મોકલતા. આ **आर्च सीडिशन मॉंगर** (નામીચો રાજદ્રોહ કરાવનારો) ગાંધીને ત્યાં ચપરાસીનું કામ પણ કરે છે એ જોઈ બિચારા ગોરાને આશ્ચર્ય થતું.

## ૩૦. જાગરૂકતા

બાપુ હિંદમાં આવી કામ કરવા લાગ્યા તે દિવસોમાં સરકારમાં તેમની સારી આબરૂ હતી. સરકારે તેમને કૈસરે-હિંદ ચાંદ પણ આપ્યો. એ ચાંદ આશ્રમમાં આવ્યો ત્યારે મેં લઈને જોયો. તે સોનાનો ને કંઈક મોટા કદનો હતો. તેનો આકાર બંને બાજુએથી દબાયેલા ઈંડા જેવો હતો. મેં કહ્યું: 'બાપુ, આપે સામ્રાજ્યને બહુ મદદ કરી છે. એ વફાદારીના બદલામાં આપને આ ચાંદ મળ્યો છે. સરકાર આપને પોતાની જાળમાં ફસાવવા માગતી હોય એમ લાગે છે!' બાપુ હસી પડ્યા ને બોલ્યા : 'તમે પણ એવું માનો છો કે ?'

કૈસરે-હિંદ મેડલ કેવળ માનવસેવાનાં કામોને માટે આપવામાં આવે છે એ હું જાણતો નહોતો. બાપુએ કહ્યું ત્યારે જાણ્યું. પછી મેં કહ્યું: ચાંદ છે તો બહુ કીમતી. આપ કદાચ એ વેચીને તે પૈસા દેશસેવાના કામમાં વાપરશો. આવી કેટલીયે વસ્તુ આપે વેચી દીધી છે.' બાપુએ ફક્ત એટલું જ કહ્યું: 'ના, આને વેચવાનો વિચાર નથી. પડ્યો રહેશે.'

અમે તો આ ચાંદની વાત ભૂલી જ ગયા; અને બાપુ જરૂરી કામે ચંપારણ ગયા. ત્યાંના ખેડૂતોનાં વીતકો સાંભળી તેઓ તેની તપાસ કરવા

માગતા હતા. પરંતુ ત્યાંની સરકારે બાપુને બિહાર પ્રાંત છોડી જવાનો હુકમ કર્યો. બાપુએ જવાબમાં લખ્યું : 'હું અહીં મારા દેશબાંધવોની સેવા કરવા આવ્યો છું; એટલે ચંપારણ છોડવાની જવાબદારી હું મારે માથે નહીં લઉં. સરકારને લેવી હોય તો લે.' એ જવાબની સાથે જ બાપુએ આશ્રમમાં પત્ર લખ્યો કે, 'સરકારે આપેલો ચાંદ આશ્રમમાં પડ્યો છે તે તાબડતોબ વાઈસરૉયને પાછો મોકલી દેજો. મારી સેવાની એને કદર ન હોય તો હું એ ચાંદ કેમ રાખું ?'

બાપુની આ જાગરૂકતા (જેને બૌદ્ધ ધર્મમાં સ્મૃતિ કહે છે) જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો.

## ૩૧. અંધ અનુયાયી

એક દિવસ શ્રી વલ્લભભાઈને મેં વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ આગળ ભાષણ આપવા બોલાવ્યા હતા. વાતચીત કરતાં કરતાં આત્મકથા કહેવાને રંગે ચડી બોલ્યા, 'વિલાયતથી પાછા આવ્યા પછી વકીલાતમાં ને પૈસા કમાવામાં ગૂંથાયો. દેશના રાજકારણનું નિરીક્ષણ કરતો હતો. પણ ધ્યેય સુધી પહોંચે એવો કોઈ નેતા જોવામાં આવતો નહોતો. જે હતા તે બધા ખાલી બકવાદ કરનાર હતા, એટલે હું રોજ સાંજે વકીલોની ક્લબમાં જતો ને પાનાં ટીચતો. સિગારેટનો ધુમાડો કાઢવો એ જ મારી તે વખતની મોજ. દરમિયાન કોઈ વકતા આવી પહોંચતો તો તેની ઠેકડી ઉડાડવામાં પણ મજા આવતી.

'એક દિવસ અમારી ક્લબમાં ગાંધીજી આવ્યા. એમને વિશે કંઈક વાંચ્યું હતું ખરું. એમનું ભાષણ મેં કંઈક ગમ્મતથી સાંભળ્યું. તે વાત કરતા હતા ને હું સિગારેટના ધુમાડા કાઢતો હતો. પણ અંતે જોયું કે આ માણસ વાતો કરીને બેસી રહે એવો નથી, કામ કરવા માગે છે. પછી વિચાર થયો કે જોઈએ તો ખરા, માણસ કેવો છે. એટલે હું તેમના સંપર્કમાં આવ્યો.

તેમના સિદ્ધાંતનો વિચાર મેં નહોતો કર્યો. હિંસા-અહિંસા સાથે મારે કંઈ લેવાદેવા નહોતી. માણસ સાચો છે, પોતાનું જીવનસર્વસ્વ અર્પણ કરીને બેઠો છે, દેશની આઝાદીની એને લગની લાગી છે અને પોતાનું કામ જાણે છે, આટલું મારે માટે પૂરતું હતું.

'ખેડા જિલ્લામાં મહેસૂલ ઉઘરાવવાનું મુલતવી રખાવવા અમે લડત માંડી. ગુજરાતસભા આ કામ ઉપાડવા તૈયાર નહોતી. ગાંધીજીએ સત્યાગ્રહસભા સ્થાપી અને કામ શરૂ કર્યું. ત્યારથી મેં મારી જાત ગાંધીજીને અર્પણ કરી ને તેમનો બનીને રહ્યો છું. લોકો મને અંધ અનુયાયી કહે છે તેથી હું શરમાતો નથી. એમની આગેવાની સ્વીકારી ત્યારે વિચાર કરી લીધેલો કે આ માણસની પાછળ ચાલતાં કોઈક દિવસ લોકો મારા મોં પર થૂંકવાના છે ને એ માટે પણ તૈયાર રહેવું. ત્યારથી મારા મનમાં કોઈ પણ વખતે વસવસો થયો જ નથી. તે રસ્તો બતાવે છે અને હું એમના કહ્યા પ્રમાણે કામ કરવામાં શ્રદ્ધા રાખું છું.'

## ૩૨. મજૂર નેતા તરીકે

આશ્રમની શરૂઆતના દિવસોની વાત છે. અમદાવાદના મિલમજૂરોએ પગારવધારો મેળવવાને માટે હિલચાલ શરૂ કરી હતી. મિલમાલિકોના આગેવાન શ્રી અંબાલાલ સારાભાઈ હતા અને મિલમજૂરોના પક્ષમાં તેમને સંગઠિત કરનાર શ્રી અંબાલાલ સારાભાઈનાં બહેન અનસૂયાબહેન હતાં. બંનેના મનમાં ગાંધીજી પ્રત્યે શ્રદ્ધા ને સદ્‌ભાવ હતાં.

સમાધાન ન થયું ને સત્યાગ્રહ કરવાની વાત આવી. ગાંધીજીએ મિલમજૂરો પાસે પ્રતિજ્ઞા લેવડાવી કે ૩૫ ટકા વધારો ન મળે ત્યાં સુધી કામ પર ન ચડવું. હડતાળ દરમિયાન મજૂરોને માટે ખોરાકીની વ્યવસ્થા શી થાય? અનસૂયાબહેન એની ફિકરમાં પડ્યાં. લગભગ દસ હજાર રૂપિયા તેઓ એમાં ખર્ચી ચૂક્યાં હતાં. બાપુએ આ વાત સાંભળી ત્યારે

કહ્યું : 'આ રસ્તો ખોટો છે. મિલમાલિકો સામે તમારી મૂડી ક્યાં સુધી પહોંચશે ? એમને ખબર પડી કે મજૂરો તમારા પૈસાને જોરે લડે છે તો તેઓ કદી સમાધાનની વાત નહીં કરે અને મજૂરો તમારા પાંગળા આશ્રિતો બની જશે. સત્યાગ્રહ કંઈ રમત નથી; આકરી તાવણી છે. મજૂરોએ પોતાને બળે જ ઝૂઝવું જોઈએ.'

ગરીબ મજૂરો ભૂખ્યા રહીને ક્યાં સુધી સત્યાગ્રહ કરી શકે ? સત્યાગ્રહની વાત જ નવી હતી. મજૂરોને માટે જ નહીં; આખા દેશને માટે. થોડા જ દિવસોમાં મજૂરોમાં નબળાઈ વરતાવા લાગી. તેઓ હારીને કામ પર જવા તૈયાર થયા. બાપુથી આ સહન ન થયું. એમણે વિચાર કર્યો, 'અમે ભૂખે મરીશું પણ પ્રતિજ્ઞા નહીં તોડીએ' – એવી મજબૂત લાગણી મજૂરોમાં પેદા કરવી હોય તો પોતે ભૂખ્યા રહીને તેનો પદાર્થપાઠ આપવો જોઈએ.

મજૂરોની સભા બોલાવવામાં આવી. તેમાં મજૂરોને સમજાવતાં બાપુએ કહ્યું, 'જ્યાં સુધી તમને ૩૫ ટકા વધારો ન મળે ત્યાં સુધી મારે તમારી પ્રતિજ્ઞાને વળગી રહેવું જોઈએ. તમે હારી જાઓ એ મારાથી સહન ન થાય. મને સાક્ષી રાખી તમે પ્રતિજ્ઞા લીધી છે એટલે હવે હું પ્રતિજ્ઞા લઉં છું કે જ્યાં સુધી તમારી શરત પૂરી નહીં થાય ત્યાં સુધી હું ભૂખ્યો રહીશ.' આ સાંભળીને મજૂરોમાં જાણે વીજળીનો સંચાર થયો; તેમનામાં દૈવી શક્તિ આવી ગઈ. રોજ સાંજે આશ્રમથી ચારછ માઈલ ચાલીને બાપુ મજૂરોના મહોલ્લામાં જતા અને પ્રતિજ્ઞાપાલન તથા અહિંસાપાલનનું મહત્ત્વ સમજાતા. તેમનામાં વાંચવા માટે રોજ એક નવી પત્રિકા પણ છપાવતા.

બાપુના ઉપવાસની વાત સાંભળીને મહાદેવભાઈએ અને મેં એમની સાથે ઉપવાસ કરવાનો વિચાર કર્યો. બાપુ ન ખાય તો અમારાથી શે ખવાય ! મહાદેવભાઈએ પોતાનો વિચાર બાપુને જણાવ્યો. તેમણે મહાદેવભાઈને ઉપવાસ કરવાની મનાઈ કરી. પણ મહાદેવભાઈએ માન્યું

નહીં. ચર્ચા ને દલીલને માટે વખત ક્યાં હતો? બાપુ સખતાઈથી બોલ્યા, 'જુઓ મહાદેવ, તમારો ધર્મ શો છે તે હું જાણું છું. જાઓ, ખાઈ લો. નહીં ખાઓ તો હું તમારું મોઢું નહીં જોઉં!'

બિચારા મહાદેવભાઈ ઊતરેલ ચહેરે મારી પાસે આવ્યા ને કહેવા લાગ્યા, 'બાપુ મારું મોઢું ન જુએ તો હું જીવું કેવી રીતે?' મેં કહ્યું, 'બાપુ આપણા અંતરાત્મા છે, તેઓ કહે કે આપણે ખાવું જોઈએ તો આપણે ખાવું. ખાઈને જ આપણે આપણી કસોટી થવા દેવી.'

મારું નામ પણ બાપુ પાસે પહોંચી ગયું હતું. હું તેમની પાસે જઈને ખુલાસો કરી આવ્યો: 'મેં મહાદેવભાઈ પાસે બધું સાંભળ્યું છે અને અમે બંનેએ ખાવાનો નિશ્ચય કર્યો છે. માત્ર હું ખજૂર ને પાણી પર રહીશ. પણ એને આપના ઉપવાસ સાથે કશો સંબંધ નથી. એ મારો સ્વતંત્ર પ્રયોગ છે,' તેમણે તરત જ કહ્યું, 'હા, ઠીક છે. તમારો પ્રયોગ ભલે કરો.'

સાચે જ, આવો પ્રયોગ કરવાનો હું વિચાર કર્યા કરતો હતો. મને ડર હતો કે બાપુને વહેમ આવશે કે આણે ચાલાકીથી નવો રસ્તો કાઢ્યો. પણ બાપુના મનમાં કદી વહેમ આવતો નથી. કોઈ જાતની શંકાકુશંકા વગર તેમની પાસેથી પરવાનગી મળી તેથી મને બહુ સંતોષ થયો.

અમારો ઝઘડો આમ પત્યો. પરંતુ અનસૂયાબહેને વિચાર કર્યો કે મેં જ બાપુને આ ઝઘડામાં ખેંચ્યા છે એટલે તેઓ ઉપવાસ કરે તો મારે પણ કરવા જોઈએ. આ વાત મજૂરોના કાને પહોંચી. તેઓ અકળાયા. અનસૂયાબહેન આશ્રમમાં આવ્યાં હતાં. ત્યાં એક મુસલમાન મજૂર આવ્યો ને કહેવા લાગ્યો: 'મહાત્માજી તો મહાત્મા છે, તેઓ ઉપવાસ કરે એ અમે સહન કરી શકીએ. પણ તમે ઉપવાસ કરશો તે અમારાથી નહીં સહેવાય. મારું માથું ભમી જશે. હું કદાચ કોઈ મિલમાલિકનું ખૂન પણ કરી બેસું.'

આ તો ઇદં તૃતીયમ્ નીકળ્યું! બાપુએ અનસૂયાબહેનને સમજાવ્યાં કે

ઉપવાસ કરવાનો તમારો ધર્મ નથી. પછી પ્રાર્થના વખતે અમને કહેવા લાગ્યા કે, 'મારી સાથે તમે ઉપવાસ કરશો તેથી મારી શક્તિ વધવાની નથી, ઊલટી મને તમારી ચિંતા રહેશે. એટલે તમારો ધર્મ સારી રીતે ખાઈપીને મારી સાથે કામ કરતા રહેવાનો છે. આ ઉપવાસમાં મારો દેહ છૂટી જાય તો તેનો તમારે શોક કરવાનો નથી. આશ્રમજીવનમાં મિષ્ટાન્નની છૂટ હોય તો તે દિવસે તમારે મિષ્ટાન્ન બનાવીને ખાવું. મારા સાથીઓ મારી સાથે ઉપવાસ કરવા બેસી જાય તો મારું બધું કામ અટકી પડે અને હું કદી ઉપવાસ ન કરી શકું.' આ સત્યાગ્રહ ક્યાં સુધી ચાલ્યો, તેનું ફળ કેવું આવ્યું અને બાપુના શબ્દોમાં 'બંને પક્ષોની જીત' કેમ થઈ એ અહીં જાણાવવાની જરૂર નથી.

મહાદેવભાઈએ **एक धर्मयुद्ध**માં* એનું સવિસ્તર વાર્ણન કર્યું છે.

## ૩૩. સાચો ગુરુ ભગવાન

રૉલેટ કાયદા સામે બાપુએ લડત માંડી તે પહેલાંની બાપુની ગંભીર માંદગીની વાત મેં પહેલાં કહી છે. રાતની પીડા પછી સવારે બાપુ અમને મળ્યા અને હિંદુસ્તાનને અહિંસાનો સંદેશો પહોંચાડવા કહ્યું એ પાણ આગળ લખ્યું છે. તે દિવસે સાંજની પ્રાર્થનામાં અમારા સંગીતશાસ્ત્રી શ્રી નારાયણરાવ ખરેએ ભજન શરૂ કર્યું:

**गुरु बिन कौन बतावे बाट**
**बड़ा विकट यमघाट। गुरु बिन०**

મને લાગ્યું કે આવે પ્રસંગે આવું ભજન ગાવાને પસંદ કરવું નહોતું. બાપુ પોતાને મરણ સમીપ પહોંચેલા માનતા હતા. એટલે એ વખતે આપણે કહીએ કે આપને ગુરુ મળ્યા નથી, આપ યમઘાટ કેવી રીતે ઓળંગશો, તો એથી બાપુને ગ્લાનિ થાય.

---

* નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ - ૧૪.

અનસૂયાબહેનને પણ એ ભજન ન ગમ્યું. પણ તેમને ન ગમવાનું કારણ કંઈક બીજું હતું.

એ ગમે તેમ હો, બાપુ હંમેશાં ગુરુની શોધમાં રહે છે એ વિશે અમારી વચ્ચે ચર્ચા વધારે થવા લાગી. ગોખલે બાપુના ગુરુ હતા પણ તે કેવળ રાજકીય ક્ષેત્ર પૂરતા. બાપુએ પોતે ઘણી વાર એમ કહ્યું છે તેથી એ વાત પણ આપણે માનતા થયા છીએ.

આજે ગોખલેજીની અને બાપુની નીતિનું પૃથક્કરણ કરતાં તે બંને વચ્ચે કશું સામ્ય જાણાતું નથી. હું માનું છું કે બાપુ જ્યારે પહેલવહેલા ગોખલેને મળ્યા ત્યારે તેમની વિભૂતિપૂજાની ઉંમર હતી. તેમને પોતાને માટે કોઈ વિભૂતિ(હીરો)ની જરૂર હતી. ગોખલેજીએ અસાધારણ સહાનુભૂતિ બતાવી ને એમની કદર કરી ને તેથી તેમણે ગોખલેજીની રાજનીતિમાં પોતાના બધા આદર્શો જોયા. એ ગમે તેમ હો, ગોખલેજી બાપુના જીવનગુરુ નહોતા.

શ્રીમદ્ રાજચંદ્ર(મુંબઈના એક શતાવધાની ઝવેરી)ની ધર્મનિષ્ઠા અને આત્મપ્રાપ્તિ માટેની તાલાવેલી જોઈ બાપુએ તેમને ઘણા પ્રશ્નો પૂછેલા ને શ્રીમદે આપેલા જવાબોથી તેમને સમાધાન પણ થયેલું. ત્યારથી શ્રીમદ્‌ના શિષ્યો 'શ્રીમદ્ રાજચંદ્ર ગાંધીજીના ગુરુ હતા,' એમ કહેતાં થાકતા નથી.

બાપુએ અમુક હદ સુધી એ વાત સ્વીકારી હતી ખરી. પણ એ વાત ઘણી આગળ વધી ત્યારે તેમને જાહેર કરવું પડ્યું કે, હું રાજચંદ્રને મુમુક્ષુ તો જરૂર માનું છું પણ સાક્ષાત્કારી પુરુષ નથી માનતો.

એક વાર બાપુએ પોતાના લેખમાં લખેલું કે, 'હું ગુરુની શોધમાં છું કારણ કે ગુરુ મળતાં જ માણસનો ઉદ્ધાર થાય છે.' બસ, આટલું જ લખ્યું ત્યાં એમના પર સેંકડો પત્રો આવવા લાગ્યા. કોઈ લખતા કે અમુક જગ્યાએ એક મોટા મહાત્મા રહે છે. તેઓ મહાન યોગી છે ને તેમને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. આપ તેમની પાસે જઈને ઉપદેશ ગ્રહણ કરો. કોઈ વળી કોઈ સત્પુરુષની ભલામણ કરતા.

કોઈએ પોતાની જ ભલામણ કરી ગાંધીજીના ગુરુ બનવાની તૈયારી બતાવી હોય તો નવાઈ નથી ! પણ બાપુના ઉદ્ધારની ઇચ્છાથી લોકોએ તેમને અનેક માર્ગ બતાવ્યા. છેવટે બાપુને જાહેર કરવું પડ્યું કે, 'હું જે ગુરુની ખોજમાં છું તે ગુરુ ભગવાન પોતે જ છે. ભગવાન જ મારો ગુરુ બની શકે કેમ કે તેને પ્રાપ્ત કર્યા પછી કશી સાધના બાકી રહેતી નથી. મારું આ આખું જીવન ને મારી તમામ પ્રવૃત્તિ એ ગુરુની શોધને માટે છે.'

* * *

અમે આશ્રમવાસીઓ જેમ ગાંધીજીને બાપુ કહીએ છીએ તેમ શાંતિનિકેતનમાં રવિબાબુને સૌ ગુરુદેવ કહેતા. હવે ગાંધીજીનો રિવાજ એવો હતો કે જે માણસ જે નામે પ્રખ્યાત થાય તે નામ તેઓ સ્વીકારી લેતા. રવિબાબુનો ઉલ્લેખ તેઓ **गुरुदेव** નામથી કરવા લાગ્યા. તિલકની વાત લઈએ. પહેલાં બાપુ તેમને તિલક મહારાજ કહેતા. પછી તેમણે જોયું કે લોકો એમને લોકમાન્ય કહે છે ત્યારે તેમણે પણ લોકમાન્ય કહેવાનું શરૂ કર્યું. મિ. ઝીણાની બાબતમાં પણ એવું જ બન્યું છે. મિ. ઝીણાના અનુયાયીઓ તેમને **कायदे आज़म** કહે છે એટલે બાપુ પણ તેમનો ઉલ્લેખ એ જ નામથી કરવા લાગ્યા. શ્રી વલ્લભભાઈને ગુજરાતના કાર્યકર્તા શ્રી મણિલાલ કોઠારીએ **सरदार** કહેવાનું શરૂ કર્યું અને લોકો પણ તેમને સરદાર કહેવા લાગ્યા. બાપુના સાંભળવામાં આ વાત આવી એટલે તેમણે પણ એ જ નામ વાપરવાનું શરૂ કર્યું.

આ બધી મોટા લોકોની વાત થઈ. એ જવા દઈએ. હું મારા કુટુંબમાં, વિદ્યાર્થીઓ અને મિત્રમંડળમાં કાકા નામથી ઓળખાઉં છું. એટલે સુધી કે કોઈ જગ્યાએ મારું પૂરું નામ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર લખવામાં આવે છે તો લોકો મને પૂછે છે કે આ દત્તાત્રેય બાલકૃષ્ણ તમારા કંઈ સગા થાય ? આ પરથી બાપુ પણ મને કાકા જ કહે છે. મને પત્ર લખે ત્યારે પણ ચિરંજીવી **काका**થી શરૂઆત કરે છે. અને **बापुना आशीर्वाद**થી પૂરો કરે છે. **काका** એ કેવળ વિશેષનામ બની ગયું છે. એનો કશો ખાસ અર્થ

રહ્યો નથી. આ જ પ્રમાણે રથીબાબુ(રવિબાબુના પુત્ર)ને અથવા શ્રી વિધુશેખર શાસ્ત્રીને લખતી વખતે ગાંધીજી રવિબાબુનો ઉલ્લેખ **गुरुदेव** નામથી જ કરતા હતા કારણ કે એ નામ તે લોકોને પ્રિય હતું. વધારે નહીં જાણનારા લોકોએ આ પરથી અનુમાન કર્યું કે ગાંધીજી રવિબાબુને પોતાના ગુરુ માને છે !

* * *

આને લગતો એક નાનકડો પ્રસંગ પણ અહીં આપી દઉં. હું શાંતિનિકેતન ગયો ત્યારે સૌથી પહેલાં ગુરુદેવને મળ્યો ને કહ્યું કે મેં આપના **गीतांजलि**,વગેરે ગ્રંથો વાંચ્યા છે. હવે હું આપના આધ્યાત્મિક અનુભવો વિશે જાણવા માગું છું. હું આગળ કંઈ પૂછું તે પહેલાં તેઓ કહેવા લાગ્યા, 'લોકો મને ગુરુદેવ કહે છે પણ હું ગુરુમાં માનતો નથી, કોઈ કોઈનો ગુરુ થઈ શકે કે કોઈને માર્ગ બતાવી શકે એ જ હું નથી માનતો. અધ્યાત્મ એવું ક્ષેત્ર છે કે તેમાં પોતાના લક્ષ્ય તરફ જવાનો માર્ગ પણ માણસે જાતે જ શોધી લેવો પડે છે. અધ્યાત્મ અજાણ્યા ને અણખેડાયેલા દરિયા જેવું ક્ષેત્ર છે. મારી સાધના મને હું કવિ થયો તેમાંથી મળી. હું જ્યારે **सत्यं ज्ञानं अनन्तं ब्रह्म** કહું છું ત્યારે આ આખું વિશ્વ મને સત્યરૂપ દેખાય છે. આ વિશ્વનો ઈન્કાર કરનાર માયાવાદ મારી પાસે નથી.' આવી ઘણી વાતો તેમણે કરી. આખાયે પ્રવચનનો હેવાલ આપવાનું આ સ્થાન નથી. મારે એટલું જ કહેવું છે કે પોતાના મંડળમાં જેમને હંમેશાં ગુરુદેવને નામે સંબોધવામાં આવતા તેઓ પોતે જ ગુરુ જેવી કોઈ વસ્તુને માનતા નહોતા !

## ૩૪. વચન પર વિશ્વાસ

૧૯૦૯ની સાલમાં મુંબઈમાં તિલક પક્ષ તરફથી **राष्ट्रमत** નામનું એક દૈનિક છાપું ચાલતું. એમાં હું જોડાયો હતો ત્યારનો મારો ને સ્વામી આનંદનો પરિચય થયેલો. ત્યાર પછી અમે હિમાલયમાં સાથે ફર્યા. હું

આશ્રમમાં રહ્યો અને બાપુનું કામ કરવા લાગ્યો ત્યારે પણ તેઓ કોઈ કોઈ વાર આવી મારી સાથે થોડા દિવસ રહી જતા. સ્વાભાવિક રીતે બાપુને મળવાનું પણ થતું.

બાપુએ **यंग इन्डिया** અને **नवजीवन** નામનાં બે સાપ્તાહિક અમદાવાદથી કાઢવાનો વિચાર કર્યો. સ્વામીએ બાપુને વચન આપ્યું કે હું અહીં આવીને નવજીવન પ્રેસનું કામ છ મહિના સંભાળીશ અને તેની વ્યવસ્થા ગોઠવી આપીશ. આથી એ બાબતમાં બાપુને નિરાંત હતી.

સ્વામી જે દિવસે અમદાવાદ આવવાના હતા તે દિવસે ન આવી શક્યા. ગાડી આવવાનો સમય થઈ ગયો. મેં કે પછી બીજા કોઈકે બાપુને કહ્યું, સ્વામી આજે જ આવવાના હતા પણ આવ્યા નથી. બાપુ પાસે જવાબ તૈયાર હતો. તેમણે કહ્યું, 'કાં તો તે મરી ગયા હશે ને કાં તો બીમાર પડી ગયા હશે. માણસ આવવાનું વચન આપે, દિવસ નક્કી કરે અને ન આવે એ બને જ કેમ?'

બાપુનો આ સખત ફેંસલો સાંભળી હું મનમાં ગભરાઈ ગયો. મને ચિંતા થઈ. સ્વામીએ ક્યાંક આળસ કર્યું હશે તો બાપુ આગળ તેમની આબરૂ શી રહેશે? બીજે દિવસે સ્વામી આવ્યા. મેં એમને જોતાં જ પૂછ્યું, 'કાલે કેમ ન આવ્યા?' તેમણે કહ્યું, 'હું મુંબઈથી વખતસર નીકળ્યો હતો પણ ગાડીમાં મને તાવ ચડ્યો એટલે મારે સુરત ઊતરવું પડ્યું. બહેનને ત્યાં ગયો, દવા લીધી, થોડો આરામ કર્યો અને આજે આવ્યો. મેં તેમને આગલા દિવસના બાપુના શબ્દો કહ્યા. બાપુને પણ સ્વામીના વિલંબનું કારણ કહ્યું. બાપુ બોલ્યા, 'મેં માન્યું જ હતું કે આવું જ કંઈક બન્યું હશે. નહીં તો ન કેમ આવે?'

## ૩૫. કેવી લગની!

૧૯૧૯ની સાલની વાત છે. અમૃતસરના અત્યાચાર પછી સરકારે અત્યાચારોની તપાસ કરવા હંટર કમિટી નીમી હતી. કૉંગ્રેસને તેનાથી

સંતોષ ન થયો એટલે તેણે તેનો બહિષ્કાર કર્યો.

બહિષ્કાર ઉપરાંત પણ આપણે કંઈક કરી શકીએ એ વાત બીજાઓના ખ્યાલ બહાર હતી. પણ બાપુએ કૉંગ્રેસ પાસે એક સ્વતંત્ર તપાસ કમિટી નિમાવી તપાસ શરૂ કરી. તે કમિટીમાં ચિત્તરંજન દાસ, મોતીલાલ નેહરુ, જયકર, અબ્બાસ તૈયબજી તથા બાપુ, વગેરે હતા. ત્રણ મહિના સુધી તપાસ ચાલી. ૧૭૦૦ જાણનાં નિવેદન લેવામાં આવ્યાં. તેમાંથી ૬૫૦નાં નિવેદન બહાર પાડવામાં આવ્યાં. હવે અહેવાલ રજૂ કરવાનો હતો.

આ બધો મસાલો લઈ બાપુ આશ્રમમાં આવ્યા ને અહેવાલ લખવા લાગ્યા. અત્યાચારોનાં વર્ણનથી તેઓ ઊકળી રહ્યા હતા. અહેવાલ લખવાનું કામ રાતદિવસ ચાલવા લાગ્યું. અક્ષરશઃ દિવસ અને રાત ચોવીસે કલાક લખ્યા જ કરતા. રાત્રે બે કે અઢી કલાક માંડ સૂતા હશે. બપોરે લખતાં કોઈ વાર એટલા થાકી જતા કે શરીર કામ કરવાની ના પાડતું. એક દિવસ મેં જોયું કે ડાબા હાથમાં કાગળ છે, જમણા હાથમાં કલમ, તકિયા પર માથું મૂકીને ઊંઘી ગયા છે, મોં ખુલ્લું છે. જરા વારમાં એકદમ ચોંકીને ઊઠ્યા. કેમ જાણે કંઈક ગુનો કરતાં પકડાઈ ગયા ન હોય! ઊઠીને પાછા લખવા લાગ્યા.

હેવાલ પૂરો થયો. કમિટી આગળ રજૂ કરવામાં આવ્યો. તેના પર બધા સભ્યોની સહી થયા પછી બાપુએ બધાને કહ્યું: 'આપણે સહી તો કરી પણ સાથે સાથે પ્રતિજ્ઞા કરીએ કે જ્યાં સુધી આપણા દેશમાં આવા અત્યાચારો થવાનું અશક્ય ન કરી દઈએ ત્યાં સુધી જંપીશું નહીં.' બધા સભ્યોએ પ્રતિજ્ઞા કરી.

ત્યાર પછીનો ઇતિહાસ સૌ જાણે છે.

## ૩૬. રાજનૈતિક ચારિત્ર્યનો પ્રશ્ન

પંજાબના અત્યાચાર, ખિલાફતનો સવાલ અને સ્વરાજ, એ ત્રણ સવાલ લઈને બાપુએ દેશવ્યાપી ચળવળ શરૂ કરી. ભારતના ઇતિહાસમાં

એ એક અપૂર્વ ચળવળ હતી. તેમાં હિંદુમુસલમાન એક થયા હતા. એ અદ્‌ભુત દૃશ્ય જોઈને અંગ્રેજો પણ ગભરાયા. સરકારને લાગવા માંડ્યું કે ગાંધીજી સાથે કંઈ ને કંઈ સમાધાન કરવું જોઈએ. વાઈસરૉયે બાપુને મળવા બોલાવ્યા.

પંજાબનો અત્યાચાર શરૂ થઈ ચૂક્યો હતો. એ વિશે જનરલ ડાયરને કે કોઈને સજા કરાવવાની શરત પણ બાપુએ મૂકવા ન દીધી. સરકાર પોતાની ભૂલ કબૂલ કરી લે તો એ સવાલ પતી જાય.

બાકી આ બાબતો હતી. એમાં ખિલાફત વિશે વાઈસરૉયની દલીલ એવી હતી કે ખિલાફતનો સવાલ હિંદુસ્તાનનો નથી, એ આંતરરાષ્ટ્રીય રાજકારણનો છે. એમાં ઘણી નાજુક બાબતો રહેલી છે. એ સવાલ છોડી દો અને કેવળ સ્વરાજ્ય વિશે વાત કરો તો આપણી વચ્ચે સમાધાન થઈ શકશે. બાપુએ કહ્યું, 'એ ન બને. હિંદના મુસલમાનો હિંદનું મહત્ત્વનું અંગ છે. તેમના દિલમાં અન્યાયનો આઘાત છે. એ તરફ મારાથી ઉદાસીન ન રહેવાય.'

આ મુદ્દા પર સમાધાનની વાત પડી ભાંગી. દેશના મોટા મોટા નેતાઓએ ખાનગી વાતચીતમાં ગાંધીજીનો વાંક દીઠો. તેમનું કહેવું એવું હતું કે ખિલાફતનો સવાલ હિંદુસ્તાનનો નથી. એને છોડી દેવામાં શો વાંધો હતો ? સ્વરાજ્ય તો મળી જાય ને ! (તે વખતે આપણી સ્વરાજ્યની કલ્પના આજના જેવી શુદ્ધ અને નિશ્ચિત નહોતી. જે કંઈ મળત તેને જ ઘણુંખરું લોકો સ્વરાજ સમજીને સ્વીકારી લેત અને મોટી રાજનૈતિક પ્રગતિ થયેલી માની લેત.) પરંતુ બાપુની સામે આપણા રાજદ્વારી ચારિત્ર્યનો પ્રશ્ન હતો. મુસલમાનોને સાથ આપ્યો, તેમના દુઃખને પોતાનું દુઃખ માન્યું અને હવે પોતાની વસ્તુ મળતી દેખી તેમને તરછોડવામાં દગો થાત. આમ દગાબાજી કરી જે કંઈ મળે તે બાપુની દૃષ્ટિએ મેલ હતું. એટલે પોતાનો શુદ્ધ નિર્ણય વાઈસરૉયને જણાવતાં તેમને જરાય સંકોચ ન થયો.

## ૩૭. સ્વરાજ્યના અખંડ જપનું વ્રત

૧૯૨૦ના જુલાઈની ૩૧મી તારીખ હતી. લોકમાન્યની તબિયત ઘણી બગડી છે એમ સાંભળી હું મુંબઈ ગયો હતો. સરદારગૃહમાં જઈને મેં લોકમાન્યનાં દર્શન કર્યાં. દર્શન કરવાની રજા મળવી સહેલી નહોતી કારણ કે તેમની લગભગ છેલ્લી ઘડી હતી. જેમતેમ કરીને રજા મેળવી હું અંદર ગયો. શ્વાસ ઊપડ્યો હતો. મુંબઈના બધાય મોટા મોટા દાક્તરો આજુબાજુ ઊભા હતા. મારાથી ત્યાં વધારે વાર રહેવાયું નહીં. હૃદય ભરાઈ આવ્યું. ત્યાંથી નીકળી હું બીજા ઓરડામાં ગયો. ત્યાં મહારાષ્ટ્રના બધા નેતાઓ ગમગીન થઈને બેઠા હતા. મને કંઈક અસ્વસ્થ જોઈ શ્રી બાપુજી આણેએ પોતાની પાસે બોલાવ્યો, અને મારી સાથે અસહકારની નીતિ વિશે થોડી ચર્ચા કરી.

સાંજની ગાડીએ હું અમદાવાદ રવાના થયો. બાપુને મેં એટલું જ કહ્યું, 'દર્શન થઈ ગયાં. હવે હું આશ્રમમાં પાછો જાઉં છું.'

તે જ રાત્રે લોકમાન્યનો દેહાંત થયો. ફોન ઉપર એ સમાચાર સાંભળતાં જ બાપુના મોંમાંથી પહેલા આ શબ્દો નીકળ્યા : 'અરેરે ! મેં કાકાને રોક્યા હોત તો કેવું સારું !'

પછી તેઓ બહુ ગંભીર વિચારમાં પડી ગયા. આખી રાત પથારીમાં બેસી રહ્યા. પાસે દીવો બળતો હતો તે પણ તેમનો તેમ રહેવા દીધો. દીવા તરફ નજર રાખી વિચાર કરતા બેસી રહ્યા.

પાછલી રાતે મહાદેવભાઈની આંખ ઊઘડી ત્યારે તેમણે જોયું કે બાપુ તો એમના એમ બેસી રહ્યા છે. તેઓ એમની પાસે ગયા. બાપુ બોલ્યા: 'હવે કાંઈ મૂંઝવણનો પ્રશ્ન આવતાં કોની સાથે શ્રદ્ધાપૂર્વક સલાહમસલત કરીશું ? અને આખા મહારાષ્ટ્રની મદદની જરૂર પડશે ત્યારે કોની પાસે જઈશું ?' થોડી વાર રહીને પાછા બોલ્યા : 'આજ સુધી હું સ્વરાજ્યનું કાર્ય કરતો રહ્યો છું પણ સ્વરાજ્ય નામ બનતાં સુધી ટાળ્યું છે. પણ હવે

લોકમાન્યે ચલાવેલો સ્વરાજ્યનો અખંડ જાપ આગળ ચલાવવો જોઈશે. એ ભડવીરના હાથમાંનો સ્વરાજ્યનો ઝંડો એક ક્ષણ પણ નીચે ન નમવો જોઈએ.'

બીજે દિવસે લોકમાન્યની સ્મશાનયાત્રામાં બાપુ જોડાયા. નનામીને ખભો પણ દીધો. પણ આવા ગંભીર પ્રસંગોએ જે શાંતિનું ને ગંભીરતાનું વાતાવરણ રહેવું જોઈએ તે લોકોમાં ન જોતાં બાપુને આઘાત લાગ્યો; બહુ દુઃખી થયા. પાછળથી જોકે એ જ વસ્તુ તેમણે નવી દૃષ્ટિએ જોઈ. અમદાવાદ આવ્યા ત્યારે પ્રાર્થનામાં એ દૃષ્ટિ રજૂ કરતાં તેમણે કહ્યું: 'ત્યાં જે જનતા ટોળે વળી હતી તે શોક કરવા થોડી જ આવી હતી ? તે પોતાના રાષ્ટ્રનેતાનું સન્માન કરવા આવી હતી. તેની પાસે શોકની ગંભીરતાની અપેક્ષા જ શા સારુ રાખવી જોઈએ ?'

## ૩૮. 'ગાંધીટોપી' કેવી રીતે સૂઝી ?

એક દિવસ મેં બાપુને પૂછ્યું, 'આજે જેને ગાંધીટોપી કહીએ છીએ તે આપને કેવી રીતે પસંદ પડી ?' બાપુ કહેવા લાગ્યા, 'હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જે ટોપીઓ, ફેંટા, પાઘડી, વગેરે પહેરાય છે તે વિશે હું વિચાર કરવા લાગ્યો. આપણા ગરમ દેશમાં માથે કંઈ ને કંઈ જોઈએ તો ખરું. બંગાળીઓ અને દક્ષિણના કેટલાક બ્રાહ્મણ ઉઘાડે માથે રહે છે પણ ઘણાખરા હિંદુઓ માથે કંઈ ને કંઈ પહેરે છે કે બાંધે છે. પંજાબી ફેંટો છે તો ઉમદા પણ તેમાં કપડું ખૂબ જાય છે. પાઘડીઓ ગંદી હોય છે, ને કેટલોયે પરસેવો પી જાય છે. ગુજરાતની શંકુ આકારની બૅંગલોરી ટોપી બિલકુલ ઢંગ વગરની દેખાય છે. મહારાષ્ટ્રની હંગેરિયન ટોપી તેના કરતાં કંઈક સારી છે પણ તે નમદાની હોય છે. યુ. પી. ને બિહારની પાતળી ટોપી તો ટોપી જ નથી. તે સારી પણ નથી દેખાતી. આ બધો વિચાર કરતાં મને કાશ્મીરી ટોપી સારી લાગી. એ સરસ છે ને હલકી છે. તેને

બનાવવામાં કશી મુશ્કેલી નથી અને તેની ગડી પણ થઈ શકે છે એટલે આપણે તેને વાળીને ખીસામાં મૂકી શકીએ અથવા દબાવીને પેટીમાં પણ મૂકી શકીએ. કાશ્મીરી ટોપી ઊનની હોય છે. પણ મેં નક્કી કર્યું કે તે સુતરાઉ કાપડની બનવી જોઈએ. પછી વિચાર કર્યો રંગનો. કયો રંગ માથે શોભશે ? એકે રંગ ગમ્યો નહીં. આખરે નિર્ણય કર્યો કે સફેદ રંગ સૌથી વધારે સારો છે. તેના પર પરસેવો પણ જલદી દેખાઈ આવે છે એટલે તેને ધોવી પડે છે. વળી ધોવામાં કશી મુશ્કેલી નથી. ગડીવાળી ને સફેદ હોવાથી માણસ સુઘડ દેખાય છે. આ બધો વિચાર કરી મેં આ ટોપી બનાવી.

'ખરું જોતાં આપણા દેશની આબોહવાની દૃષ્ટિએ મને સોલા હૅટ ગમે છે. તે માથું, આંખો ને ગરદનનું તાપથી રક્ષણ કરે છે. લાકડાના ભૂકાની બનેલી હોવાથી તે હલકી ને ઠંડી હોય છે. વળી એમાંથી માથાને થોડી હવા પણ મળી શકે છે.

'આજે હું તેનો પ્રચાર નથી કરતો તેનું કારણ એ છે કે તેનો આકાર આપણા પોશાક સાથે મેળ નથી ખાતો અને યુરોપિયન ઢબની હોવાથી સામાન્ય લોકો તેને અપનાવે પણ નહીં. જો આપણા કારીગરો એ વિલાયતી ટોપીના ગુણ કાયમ રાખીને તેનો આકાર આપણા પોશાક સાથે મેળ ખાય તેવો બનાવી શકે તો તેમનો મોટો ઉપકાર થાય. આપણા કારીગરો વિચાર કરે તો આ કામ એમને માટે મુશ્કેલ નથી.'

## ૩૯. અસ્પૃશ્યતાની શરતે સ્વરાજ્ય પણ નહીં

૧૯૨૧ની સાલની વાત છે. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. એમાં મારો હાથ ઘણો હતો. તે દિવસોમાં હું રાતદિવસ ઝોડની જેમ કામ કરતો. એક દિવસ વિદ્યાપીઠના નિયામક મંડળની બેઠક હતી. તેમાં મિ. ઍન્ડ્રૂઝ પણ આવ્યા હતા. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો,

'વિદ્યાપીઠમાં હરિજનોને દાખલ કરવામાં આવશે ને?' મેં તરત જ જવાબ આપ્યો કે હા, હરિજનોને દાખલ કરવામાં આવશે. પણ અમારા નિયામક મંડળમાં એવા લોકો હતા, જેમની અસ્પૃશ્યતા કાઢવાની તૈયારી નહોતી. વિદ્યાપીઠ સાથે જોડાયેલી સંસ્થાઓમાં એક હતી **मॉडर्न स्कूल**. તેના સંચાલક આ સુધારા માટે તૈયાર નહોતા. બીજા પણ પોતપોતાની મુશ્કેલીઓ રજૂ કરવા લાગ્યા. તે દિવસે એ પ્રશ્ન અનિશ્ચિત રહ્યો. એટલું નક્કી થયું કે આને વિશે બાપુજીને પૂછવું. હું બેફિકર હતો. છેવટે બાપુને પૂછવામાં આવ્યું. તેમણે પણ મેં આપ્યો હતો તે જ જવાબ આપ્યો.

આખા ગુજરાતમાં આ વાતની ચર્ચા ઊપડી. મુંબઈના કેટલાક ધનવાન વૈષ્ણવોએ બાપુ પાસે આવીને કહ્યું, 'રાષ્ટ્રીય કેળવણીનું કાર્ય ધર્મકાર્ય છે. એમાં આપ કહો તેટલા પૈસા અમે આપીએ પણ આ હરિજનોનો સવાલ આપ છોડી દો. એ અમારાથી સમજાતો નથી.' પાંચસાત લાખ રૂપિયા આપવાનો વિચાર કરીને એ લોકો આવેલા. બાપુજીએ તેમને કહ્યું, 'વિદ્યાપીઠ ફંડની વાત તો બાજુએ રાખો, અસ્પૃશ્યતા કાયમ રાખવાની શરતે મને કાલે કોઈ હિંદુસ્તાનનું સ્વરાજ્ય આપે તો તે સુધ્ધાં હું ન લઉં.'

પેલા બિચારા આવ્યા હતા તેવા ગયા.

## ૪૦. અટળ નિયમ

૧૯૨૧ની કૉંગ્રેસની મહાસમિતિએ લોકમાન્ય તિલકના સ્મારક માટે એક કરોડ રૂપિયા ઉઘરાવવાનું ઠરાવ્યું હતું. તે ફાળો એકઠો કરવાના પ્રયત્નો ચાલતા હતા તેવામાં એક દિવસ શ્રી શંકરલાલ બૅન્કરે આવીને કહ્યું, 'આપણા પ્રાંત(મુંબઈ)ની મુખ્ય નાટક કંપનીઓ મળીને પોતપોતાના સારામાં સારા નટો દ્વારા કોઈ સારું નાટક ભજવે અને તે દિવસે બાપુ થિયેટરમાં આવે તો એ કંપનીઓ એ ખેલની બધી કમાણી

તિલક સ્વરાજ ફંડમાં આપવા તૈયાર છે.' પછી કહે, 'હજારો નહીં, લાખો રૂપિયા મળી શકે તેમ છે કારણ કે ટિકિટોની કિંમત મનમાની રાખવાની છે.' એક ક્ષણના પણ વિલંબ વગર બાપુ બોલી ઊઠ્યા, 'એ ન બને. હું કદી ધંધાદારી નટોનાં નાટક જોવા નથી જતો. કોઈ કરોડ રૂપિયા આપે તોપણ હું મારો નિયમ ન તોડું.'

શ્રી શંકરલાલની દરખાસ્ત જેમની તેમ રહી.

## ૪૧. સ્વદેશી ધર્મ – પડોશીધર્મ

બાપુ જેની સાથે વાતચીત કરે તેની રહેણીકરણી, તેનો ધર્મ, તેની રુચિઅરુચિ એ બધાનો બહુ ખ્યાલ રાખતા.

એક દિવસ એક ખ્રિસ્તી ભાઈનો પત્ર આવ્યો હતો. તેમાં તેમણે સ્વદેશી વિશે પ્રશ્ન પૂછ્યો હતો.

બાપુએ જવાબમાં લખ્યું, ''સ્વદેશીધર્મ એ બાઇબલના ઉપદેશનું એક અમલી સ્વરૂપ છે. ઈસુ ખ્રિસ્તે કહ્યું છે ને કે પોતાની જાત પર જેટલો પ્રેમ રાખો તેટલો જ તમારા પડોશીઓ પર રાખો. કોઈ માણસ પોતાની પડોશના દુકાનદારને છોડી કોઈ દૂરના દુકાનદાર પાસેથી ખરીદી કરે તો તે પોતાનો પડોશીધર્મ ચૂકીને સ્વાર્થને વશ થઈ એટલે દૂર જાય છે. તેના પડોશીએ પોતાની આજુબાજુના ગ્રાહકોને આશરે જ દુકાન ખોલી હશે ને ? સ્વદેશી ધર્મ કહે છે કે, 'પડોશીનો તમારા પર અધિકાર છે. તેનો તમે દ્રોહ ન કરશો.' ''

'તમારા પડોશી પર પ્રેમ રાખો'નો પૂરો અર્થ બાપુનો આ પત્ર વાંચ્યા પછી જ હું સમજ્યો.

## ૪૨. ઝેર ચૂસી લીધું

હિંદમાં બાપુ પહેલી વાર જેલમાં ગયા ૧૯૨૨માં. તે વખતે તેમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા હતા. હિંદુમુસલમાન બંનેની ગાંધીજી પ્રત્યે અસાધારણ ભક્તિ છે એમ જાણી યરવડા જેલના સુપરિન્ટેન્ડેન્ટે તેમનું કામ કરવાને માટે આફ્રિકાના એક હબસી કેદીને મૂક્યો. તે બિચારાને હિંદુસ્તાનની એકે ભાષા બરાબર આવડતી નહોતી. ઘણુંખરું કામ ઈશારાથી અને તેને આપણા જે દસવીસ શબ્દો આવડતા તેનાથી ચાલતું હતું. આવો માણસ ગાંધીભક્ત નહીં બની જાય, તેમના તરફ પક્ષપાત નહીં રાખે એવી એ ગોરા સુપરિન્ટેન્ડેન્ટે અપેક્ષા રાખેલી! બિચારો સુપરિન્ટેન્ડેન્ટ! એને ખબર નહોતી કે માનવ-હૃદય સર્વત્ર સરખું હોય છે.

એક દિવસ એ કેદીને વીંછી કરડ્યો. તે રડતો રડતો બાપુ પાસે આવીને બતાવવા લાગ્યો કે મને હાથે વીંછી કરડ્યો છે.

કોઈનું દુઃખ જોઈ બાપુનું હૃદય તરત પીગળી જાય છે. એક ક્ષણની પણ વાર ન લગાડતાં બાપુએ તેની ડંખવાળી જગ્યા પાણીથી સારી રીતે ધોઈ, કપડાથી લૂછી સૂકવી નાખી. પછી ડંખની જગ્યા ચૂસવા લાગ્યા. એટલા જોરથી ચૂસ્યું કે ઝેર ઓછું થઈ ગયું. પેલાની વેદના ઓછી થઈ. પછી બાપુએ બીજા ઈલાજ કર્યા એટલે ઝેર તદ્દન ઊતરી ગયું.

તેણે બિચારાએ આખી જિંદગીમાં ક્યાંય આવો પ્રેમ અનુભવ્યો નહોતો. એ પ્રેમને વશ થઈ એ તેમનો દાસ બની ગયો. તેમના ઈશારા પ્રમાણે ચાલવા લાગ્યો અને તેમનાં બધાં કામ ભક્તિભાવથી કરવા લાગ્યો. એણે જોયું કે ગાંધીજીને કાંતવાનું ગમે છે એટલે તેણે પણ તકલી લીધી અને જોઈને કાંતવા લાગ્યો. પછી તે રેંટિયો ચલાવવા લાગ્યો. આગળ જતાં તે પીંજવાની કળા પણ શીખી ગયો ને બાપુને માટે પૂણી બનાવવા લાગ્યો.

સુપરિન્ટેન્ડેન્ટે જોયું કે આ તો ધાર્યા કરતાં અવળું થયું. પણ હવે કરે શું ?

## ૪૩. શિસ્તપાલન

૧૯૫૨માં બાપુને છ વર્ષની સજા થઈ અને તેમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા હતા. ત્યાં બે વરસની અંદર એમને **'एपेन्डिसाइटिस'** (આંતરડાનું દરદ) થયું. તેનું ઑપરેશન કરવાને સરકારે તેમને જેલમાંથી પૂનાની સાસૂન ઈસ્પિતાલમાં ખસેડ્યા. તેઓ ત્યાં કેદી તરીકે જ હતા પણ મુલાકાતની બાબતમાં બહુ સખતાઈ નહોતી. એ જ અરસામાં હું મારી એક વરસની સજા પૂરી કરીને પૂના પહોંચી ગયો; ત્યાં જઈ જોયું તો બાપુ ઈસ્પિતાલમાં ઈસ્પિતાલનાં કપડાં પહેરીને ખાટલા પર સૂતા હતા. કપડાં વિલાયતી હતાં એ જોઈને વધારે નવાઈ થઈ. મેં એ વિશે પૂછતાછ કરી. તે પરથી ખબર પડી કે બાપુજી ઈસ્પિતાલના બધા નિયમોનું પાલન કરવા માગે છે. ઈસ્પિતાલનો એક નિયમ એવો હતો કે દરદી પોતાનાં કપડાં ન પહેરી શકે; તેણે ઈસ્પિતાલનાં જ કપડાં પહેરવાં જોઈએ.

ઑપરેશન થયું. બાપુ બહુ જ અશક્ત થઈ ગયા હતા. સૌ ચિંતાતુર હતા. આમ થોડા દિવસ ગયા. એક દિવસ કર્નલ મેડૉકે આવીને બાપુને કહ્યું: 'સરકારનો હુકમ આવ્યો છે. મને જણાવતાં આનંદ થાય છે કે તમને છોડી મૂકવામાં આવ્યા છે. હવે આપની ઇચ્છા હોય તો અહીં રહો અને જવું હોય તો જઈ શકો. દાકતર તરીકે મારી સલાહ છે કે હજી થોડા દિવસ અહીં જ રહી જાઓ.' એ સલાહનો સ્વીકાર કરતાં બાપુ એકાદ વાક્ય બોલ્યા હશે. પણ તે જ વખતે પાસેના માણસને કહેવા લાગ્યા, 'આ કપડાં ઉતારી નાખો ને મારાં પોતાનાં કપડાં લાવી આપો. હવે આ કપડાં એક ક્ષણને માટે પણ સહેવાતાં નથી.'

હું નથી માનતો કે કાંટાળું પહેરણ હોત તોયે બાપુ આટલા વ્યાકુળ થઈ જાત. ખાદીનાં કપડાં પહેર્યાં ત્યારે તેમને ચેન પડ્યું ને કંઈક શાંતિથી વાતો કરી શક્યા.

# ૪૪. કરોડો ગરીબોની દૃષ્ટિએ

૧૯૨૪ની શરૂઆતમાં બાપુ યરવડા જેલમાંથી માંદગીને લીધે સજાની મુદત પૂરી થયા પહેલાં છૂટ્યા હતા. હું પણ મારી એક વરસની સજા પૂરી કરી તેમને મળવા પૂના ગયો હતો.

નાનાં બાળકો માટે ગુજરાતીની એક બાળપોથી અમે તૈયાર કરી હતી. એનું નામ મેં **चालणगाडी** રાખ્યું હતું. એમાં એવી ખૂબી હતી કે વર્ણમાળાના બેચાર અક્ષરો શીખતાં જ બાળક શબ્દો પણ વાંચવા માંડે. દરેક પાના પર હાથે લખેલા અક્ષરોની આસપાસ વેલબુટ્ટા કાઢેલા હતા. આખી ચોપડી રંગબેરંગી આર્ટપેપર પર અનેક રંગોમાં છાપી હતી. આમ તેને શણગારવામાં અમે કશી કચાશ રાખી નહોતી. એમાં ઉદ્દેશ એ હતો કે બાળકોને અક્ષરપરિચયની સાથે સાથે સુરુચિનું જ્ઞાન પણ મળે. તેની કિંમત પાંચ આના હતી. ગુજરાતે તેને સારો આવકાર આપ્યો હતો. તેની આખી કલ્પના મારી હતી તથા તેનું દરેક પાનું તૈયાર કરવામાં મેં ધ્યાન આપ્યું હતું એટલે મને એ ચોપડીને માટે કંઈક અભિમાન પણ હતું.

એક દિવસ મેં બાપુને પૂછ્યું, 'આપે **चालणगाडी** જોઈ હશે.' તેમણે કહ્યું, 'હા, જોઈ છે. બહુ સુંદર છે. પણ એ તમે કોને માટે બનાવી છે ? તમે રાષ્ટ્રીય કેળવણીના આચાર્ય છો ને ? ભૂખે મરતાં કરોડો લોકોના બાળકોને વિદ્યાદાન કરવાનો ભાર તમારા પર છે. આજની બાળપોથી એક આનામાં મળતી હોય તો તમારી બાળપોથી બે પૈસે મળવી જોઈએ. હું તો કહું કે એક પૈસામાં ન મળે ? તમારી **चालणगाडी** પાંચ આનામાં પણ સસ્તી છે એ જોઉં છું. પણ ગરીબો પાંચ આના લાવે ક્યાંથી ?

મને મારી બાઘાઈની શરમ આવી. જોકે મને એ વસ્તુનો મોહ હતો. એટલે અમદાવાદ જઈને મેં રંગબેરંગી કાગળ તથા રંગબેરંગી શાહીનો આગ્રહ છોડી દઈને તેની નવી આવૃત્તિ કાઢી પાંચ પૈસે વેચવા માંડી. છતાં એ નવી આવૃત્તિ બાપુ પાસે લઈ જવાની મારી હિંમત ન હતી.

બાપુના એ ઠરાવની મારા પર એવી અસર થઈ કે બુદ્ધ ભગવાનનું જીવનચરિત્ર વિદ્યાપીઠ તરફથી અઢી રૂપિયામાં વેચાતું. કાગળ કે છપાઈમાં કશો ફેરફાર કર્યા વગર તેની નવી આવૃત્તિ કાઢી અમે આઠ આને વેચી. પરિણામે એ ચરિત્ર ગુજરાતમાં એટલું વેચાયું કે નવજીવન પ્રકાશન મંદિરને એમાં કશી ખોટ ન ગઈ.

## ૪૫. 'હું જ એનો ગેરસપ્પા છું'

સને ૧૯૨૬ની વાત છે. રાજાજીની ગોઠવણ મુજબ બાપુ દક્ષિણમાં ખાદીયાત્રા કરતા હતા. ફરતા ફરતા અમે શિમોગા પાસે પહોંચ્યા. ત્યાંથી ગેરસપ્પાનો ધોધ નજીકમાં છે. ત્યાં જવા માટે રાજાજીએ મોટર, વગેરેનો પૂરેપૂરો બંદોબસ્ત કર્યો હતો. દસબાર માઈલનો રસ્તો હતો. રાજાજી, તેમનાં બાળકો, દેવદાસ, ગંગાધરરાવ દેશપાંડે, હું, મણિબહેન પટેલ (વલ્લભભાઈ પટેલનાં દીકરી) એમ ઘણાં જણ તૈયાર થયાં. મેં બાપુને પણ સાથે આવવા વિનંતી કરી. તેમનું મન ન જોયું એટલે મેં કહ્યું, 'લૉર્ડ કર્ઝન હિંદુસ્તાન આવ્યો ત્યારે પહેલી તકે ગેરસપ્પા જોવા આવેલો. આ ધોધ આખી દુનિયામાં ઊંચામાં ઊંચો છે.' બાપુએ પૂછ્યું, 'નાયગરા કરતાં પણ ઊંચો?' મેં મારું જ્ઞાન બતાવતાં જવાબ આપ્યો, 'નાયગરામાં પડતા પાણીનું ઘનમાપ સૌથી વધારે છે પણ ઊંચાઈમાં તો તેનાથી ચડતા સેંકડો ધોધ આપણે ત્યાં તથા બીજા દેશોમાં છે. ગેરસપ્પાનું પાણી ૯૬૦ ફૂટની ઊંચાઈએથી સીધું નીચે પડે છે. દુનિયામાં ક્યાંયે એટલો ઊંચો ધોધ નથી.'

મારા મનમાં એમ કે આ બધું જાણીને બાપુને પણ પાણી ચડે. પરંતુ તેમણે મારા પર ઊલટું ટાઢું પાણી રેડ્યું! ધીમેથી પૂછ્યું, 'અને આકાશમાંથી વરસાદ પડે છે તે કેટલી ઊંચાઈએથી પડે છે?' હું મનમાં ભોંઠો પડ્યો. પછી ભાન આવ્યું કે હું એક સ્થિતપ્રજ્ઞ સાથે વાત કરું છું.

એટલે બાપુને પટાવવાનું છોડી મેં બીજી દરખાસ્ત મૂકી : 'ઠીક, આપ ન આવો તો ભલે; પણ મહાદેવભાઈને મોકલો. આપના કહ્યા વિના તે નહીં આવે.' બાપુએ જરાયે અચકાયા વગર કહ્યું, 'મહાદેવ નહીં આવે, હું જ એનો ગેરસપ્પા છું.' મને ખ્યાલ નહીં કે તે દિવસે એમનો **यंग इंडिया**નો દિવસ હતો. એ વંટોળિયા જેવા પ્રવાસમાં પણ **यंग इंडिया** ને **नवजीवन** એ બે પત્રો ચલાવવાનો ભાર તેમણે બંનેએ પોતાને માથે રાખ્યો હતો. તે દિવસે તેઓ ન લખે તો નિશ્ચિત દિવસે છાપું નીકળે નહીં. હું ચિડાઈને બોલ્યો, 'નથી તમે આવતા, નથી મહાદેવને મોકલતા; ત્યારે હું પણ શું કામ જાઉં? મારે પણ નથી જવું !'બાપુ કોમળતાથી સમજાવવા લાગ્યા, 'ગેરસપ્પા જોવા જવાનો તમારો ધર્મ છે. તમે શિક્ષક છો ને ? તમે જોશો તો વિદ્યાર્થીઓને ભૂગોળનો એક સારો પાઠ શીખવી શકશો. તમારે જવું જ જોઈએ.'

જે ગેરસપ્પાની નાનપણથી વાતો સાંભળતો આવ્યો હતો અને જે જોવાનો સંકલ્પ કરતો કરતો હું નાનેથી મોટો થયો હતો તે જોવા જવાને માટે આથી વધારે આગ્રહની મારે જરૂર નહોતી. ત્યાં જવા હું તલપી રહ્યો હતો પણ બાપુનો આદેશ થયો એટલે હવે ત્યાં જવાનું કર્તવ્યરૂપ થઈ ગયું. હું ખુશીથી તૈયાર થયો ને 'ગેરસપ્પાનું દર્શન'* કરી કૃતાર્થ થયો.

* * *

બાપુ પરની ચીડનો આ આખો કિસ્સો મેં ક્યાંક બહાર પાડ્યો. બાપુએ પણ તે વાંચ્યો જ હશે.

કેમ કે લગભગ પંદર વરસ પછી બાપુએ કોઈક કારણસર મહાદેવભાઈને મૈસૂરના દીવાન સર મિરઝા ઈસ્માઈલ પાસે મોકલ્યા હતા. કંઈ નાજુક વાટાઘાટ કરવાની હોય ત્યારે બાપુ મહાદેવભાઈને જ મોકલતા.

---

* જ્યાં ધોધ પડે છે ત્યાં નીચે એક ગામ છે. તેનું નામ ગેરસપ્પા છે. તે ગામના નામ પરથી અંગ્રેજોએ ધોધનું નામ **गेरसप्पा फॉल्स** પાડ્યું. તેનું અસલ નામ **जोग** છે. જૂની કાનડી ભાષામાં ધોધને જ જોગ કહે છે. શરાવતી નદીનો આ જોગ છે. શરાવતીને ભારંગી પણ કહે છે.

મહાદેવભાઈ જવા નીકળ્યા ત્યારે બાપુએ કહ્યું, 'જુઓ, તમે મૈસૂર જાઓ છો; ને કામને માટે ત્યાં થોડું રોકાવાનું પણ થશે. અહીં જલદી પાછા આવવાની જરૂર પાગ નથી. એટલે આ વખતે ગેરસપ્પા જરૂર જોતા આવજો. મેં સર મિરઝાને લખ્યું છે. તેઓ તમને બધો બંદોબસ્ત કરી આપશે.'

મહાદેવભાઈ ગેરસપ્પા જોઈ આવ્યા. મને લાગે છે કે એથી એમને થયો હશે તેના કરતાંયે વધારે સંતોષ મને થયો. અને બાપુ કદાચ એક જ કામથી બેને સંતોષ થયો એમ માની સંતોષ પામ્યા હશે.

## ૪૬. जिन तनु दियो ताहि बिसरायो !

૧૯૨૬ની સાલની વાત હશે. બાપુ દક્ષિણ તરફ ખાદીકામને માટે પ્રવાસે નીકળ્યા હતા. તામિલનાડનો પ્રવાસ પૂરો થયો હતો. આંધ્રમાં મોટર મારફતે પ્રવાસ ચાલતો હતો. અમે ચિકાકોલ પહોંચ્યા. રાતના દસેક વાગી ગયા હશે. ત્યાં પહોંચ્યા તો જોયું કે સારી સારી કાંતનારી બહેનોની હરીફાઈ રાખવામાં આવી હતી. ચિકાકોલની ઝીણી ખાદી આખા હિંદુસ્તાનમાં જાણીતી છે. અમે રાતદિવસની મોટરની મુસાફરીથી થાક્યા હતા. અમે વિચાર કર્યો કે બાપુને હરીફાઈમાં હાજર રહ્યા વગર છૂટકો નથી. પાગ આપાણે નાહક હેરાન શા સારુ થવું ? સીધા જઈને સૂઈ જવું જ સારું. મહાદેવભાઈ અને હું અમારી જગ્યાએ જઈને ઊંઘી ગયા. બાપુની પથારી કરી રાખેલી હતી. તેઓ ક્યારે આવીને સૂતા તેની ખબર ન પડી.

સવારે ચાર વાગ્યે અમે પ્રાર્થના કરવા ઊઠ્યા. હાથમોં ધોઈ પ્રાર્થના શરૂ કરીએ તે પહેલાં બાપુએ પૂછ્યું, 'રાત્રે સૂતા પહેલાં તમે પ્રાર્થના કરેલી ?' મેં કહ્યું, 'રાત્રે આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે પડ્યો તેવો ઊંઘી ગયો. પ્રાર્થનાનું યાદ જ ન આવ્યું. હમણાં આપે પૂછ્યું ત્યારે યાદ આવ્યું કે રાતની પ્રાર્થના રહી ગઈ !'

મહાદેવભાઈએ કહ્યું, 'હું પણ પ્રાર્થના કર્યા વગર જ સૂઈ ગયેલો. પણ આંખ મળે તે પહેલાં યાદ આવ્યું એટલે ઊઠીને પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લીધી. કાકાને ન જગાડ્યા.'

પછી બાપુએ પોતાની વાત કરી: 'હું કલાક દોઢ કલાક હરીફાઈમાં બેઠો. ત્યાંથી આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે હું પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગયો અને એમ ને એમ ઊંઘી ગયો. બે અઢી વાગ્યે આંખ ઊઘડી એટલે યાદ આવ્યું કે સાંજની પ્રાર્થના કરી નથી. મને એવો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. પરસેવાથી રેબઝેબ થઈ ગયો. ઊઠીને બેઠો, ઘણો પસ્તાવો કર્યો. જેની કૃપાથી હું જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો! આ કેવી ગફલત! ભગવાનની ક્ષમા માગી. પણ ત્યારથી ઊંઘ નથી આવી. આમ ને આમ બેસી રહ્યો છું!'

પછી અમે બધાએ મળી સવારની પ્રાર્થના કરી. મહાદેવભાઈએ ભજન ગાયું. પછી બાપુએ કહ્યું, 'મુસાફરીમાં પણ સાંજની પ્રાર્થના આપણે નિશ્ચિત સમયે જ કરવી જોઈએ. આખા દિવસનો કાર્યક્રમ પૂરો કરીને સૂતા પહેલાં પ્રાર્થના કરવાનું રાખીએ છીએ એ જ ભૂલ છે. હવે આજથી સાંજના સાત વાગ્યે જ્યાં હોઈએ ત્યાં પ્રાર્થના કરીશું.'

અમારી મોટરની મુસાફરી ચાલુ હતી. સાંજે સાત વાગ્યે ગમે ત્યાં હોઈએ, જંગલમાં હોઈએ કે ગામડામાં ત્યાં ને ત્યાં જ મોટર થોભાવી અમે અમારી પ્રાર્થના કરી લેવાનું શરૂ કર્યું.

## ૪૭. સંયમનો પાઠ

આ જ પ્રવાસની બીજી વાત છે. અમે છેક દક્ષિણમાં નાગરકોવિલ સુધી પહોંચ્યા હતા. ત્યાંથી કન્યાકુમારી દૂર નથી. પહેલાં કોઈક પ્રસંગે બાપુ કન્યાકુમારી જઈ આવ્યા હતા. ત્યાંના દૃશ્યથી પ્રભાવિત પણ થયા હતા ને

આશ્રમમાં આવીને તેમણે કન્યાકુમારી વિશે ઉત્સાહપૂર્વક વાતો કરી હતી.

અમે નાગરકોવિલ પહોંચ્યા એટલે તરત જ બાપુએ અમારા મેજબાનને બોલાવીને કહ્યું, 'કાકાને હું કન્યાકુમારી મોકલવા માગું છું એમને માટે મોટરનો બંદોબસ્ત કરો.'

થોડી વાર પછી તૈયારીનાં કશાં ચિહ્ન ન જોતાં તેમણે મેજબાનને ફરીથી બોલાવીને પૂછ્યું કે જવાનો બંદોબસ્ત થયો કે નહીં ?' કોઈને કામ સોંપ્યા પછી તે વિશે ફરીથી પૂછતાં બાપુને મેં કદી જોયા નહોતા. બાપુ એ સ્થાન જોઈને કેટલા પ્રભાવિત થયા હતા તે આ પરથી હું સમજ્યો. મેં ક્યાંક વાંચ્યું હતું કે સ્વામી વિવેકાનંદ પણ ત્યાં જઈને ભાવાવેશમાં આવી ગયા હતા અને દરિયામાં પડીને થોડે દૂર એક મોટા પથ્થર સુધી તરતા તરતા ગયા હતા. મેં બાપુને પૂછ્યું, 'તમે પણ આવશો ને ?' બાપુએ કહ્યું, 'વારંવાર આવવાનું મારા નસીબમાં નથી. એક વાર જઈ આવ્યો એટલે બસ છે.' મને નારાજ થયેલો જોઈ કંઈક ગંભીરતાથી બોલ્યા, 'જુઓ આટલી મોટી ચળવળ લઈને બેઠો છું. હજારો સ્વયંસેવકો દેશના કાર્યમાં જોડાયા છે. હું જો રમણીય દૃશ્યો જોવાનો લોભ ન રોકી શકું તો બધાયે સ્વયંસેવકો મારું અનુકરણ કરવા લાગશે. હવે હિસાબ કરો કે આમ કેટલા માણસોની સેવા દેશને મળતી અટકે. મારે સંયમ રાખવો એ જ સારું છે.'

ગેરસપ્પાનો અનુભવ તો મને હતો જ અને બાપુની વાત પણ મારે ગળે ઊતરવા લાગી. મેં કહ્યું, 'ઠીક છે. બાને સાથે લઈ જઈશ. ચંદ્રશંકર (મારો મંત્રી) પણ આવશે.'

અમે ગયાં. રસ્તામાં શચીન્દ્રનું સુંદર મંદિર હતું. કન્યાકુમારીની ભૂશિરના સ્થાન પર કુમારી પાર્વતીનું મંદિર છે. તેમાં અમે ન ગયાં કારણ કે હરિજનોને તેમાં પ્રવેશવાની છૂટ નહોતી. પણ મારે મન તો આ આખી વિશાળ અને ભવ્ય ભૂશિર એ જ ભારતમાતાનું મોટું મંદિર હતું. પૂર્વ મહાસાગર, પશ્ચિમ મહાસાગર અને દક્ષિણ મહાસાગર, ત્રણેનું

અહીં સનાતન મિલન હતું. અહીં સૂર્ય એક સાગરમાં ઊગે છે ને બીજામાં આથમે છે. ભારતના પૂર્વ અને પશ્ચિમ બંને કિનારા અહીં એક થઈ જાય છે. ભારતીય યાત્રાની અહીં પરિસમાપ્તિ થાય છે. સમુદ્રમાં સ્નાન કરી હું એક મોટા ખડક પર જઈને બેઠો અને ઉપનિષદના યાદ આવ્યા તે શ્લોકો મહાસાગરના તાલ સાથે ગાવા લાગ્યો. આ પ્રાકૃતિક અને સાંસ્કૃતિક ભવ્યતાની કસોટી પર બાપુનો જીવનક્રમ કસી જોતાં મને ખાતરી થઈ કે એ જીવનની ભવ્યતા આ ભવ્યતાના કરતાં જરાયે ઊતરતી નથી.

## ૪૮. મનોમંથન કેમ નહીં?

કઈ સાલની વાત છે તે તો બરાબર યાદ નથી પણ હું ચિંચવડથી સાજો થઈ પાછો આશ્રમ પહોંચી ગયો હતો. **नवजीवन**માં બાપુની **आत्मकथा** પ્રકરણવાર આવતી હતી. એ પ્રકરણો વિશે ચર્ચા ચાલી. મેં કહ્યું, 'આપની **आत्मकथा** વિશ્વસાહિત્યમાં એક અજોડ ચીજ ગણાશે. લોકો અત્યારથી તેને એ સ્થાન આપવા લાગ્યા છે. પણ મને એથી પૂરો સંતોષ નથી થયો. જુવાનીમાં માણસને પોતાના આદર્શો નક્કી કરવા પડે છે, અને પોતાને કયું ક્ષેત્ર અનુકૂળ આવશે તેની ચિંતામાં પડે છે ત્યારે તેનું મનોમંથન મહાભારતથી ઊતરતું નથી હોતું. એ દિવસોમાં કેટલાયે પરસ્પર વિરોધી આદર્શો પણ સરખા આકર્ષક લાગે છે. આપની **आत्मकथा**માં હું એવાં મનોમંથન જોવા માગતો હતો. પણ એવું કંઈ એમાં જણાતું નથી. અંગ્રેજોને દેશમાંથી કાઢવાને માટે આપ માંસ ખાવા પણ તૈયાર થયા. આ એક છેડાની ભૂમિકાથી અહિંસાની બીજા છેડાની ભૂમિકા સુધી આપ કેવી રીતે પહોંચ્યા એ બધી ગડમથલ આપે ક્યાંય નથી નોંધી.'

બાપુએ જ જવાબ આપ્યો, 'હું એકમાર્ગી માણસ છું. તમે કહો છો એવું મંથન મારા મનમાં ચાલતું નથી. ગમે તે પરિસ્થિતિ ઊભી થાય ત્યારે હું એટલો જ વિચાર કરું છું કે આ પરિસ્થિતિમાં મારું કર્તવ્ય શું? એટલું

નક્કી થતાં હું કામે લાગી જાઉં છું. એ મારી રીત છે.'

મેં બીજો સવાલ પૂછ્યો, 'સામાન્ય લોકો કરતાં હું કંઈક નોખો છું. મારે જીવનમાં એક મિશન પાર પાડવાનું છે એવું ભાન આપને ક્યારથી થયું ? આપ હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે આપને કદી એવું લાગેલું કે હું બધા જેવો નથી ?'

બાપુએ મારા પ્રશ્ન તરફ ધ્યાન નહીં આપ્યું હોય, તેમણે માત્ર એટલું કહ્યું, 'બેશક, હું મારા ક્લાસના છોકરાઓની આગેવાની કરતો.'

એટલામાં કોઈક આવી પહોંચ્યું અને આ મહત્ત્વનો સવાલ એમનો એમ રહી ગયું.

## ૪૮. ગરીબો માટે માન

હૉરેસ ઍલેકઝાંડરે એક જગ્યાએ લખ્યું છે કે, 'શિષ્ટાચારને નામે સમાજમાં જે અસત્ય કે વર્ગભેદ ચાલે છે તેનો વિરોધ કરવામાં અમે ક્વેકરો* બહુ જાણીતા છીએ. પરંતુ ગાંધીજી એ બાબતમાં અમારાથીયે બહુ આગળ વધેલા છે.' હૉરેસ ઍલેકઝાંડરે જે દાખલા આપ્યા છે તે મારે નથી આપવા. મેં પોતે જોયેલા કેટલાક દાખલા મારે આપવા છે.

બાપુના મનમાં નાનામોટાનો ભેદ વસતો નથી. બની શકે ત્યાં સુધી તેઓ સમાજના નિયમોનું પાલન કરે છે. પણ સિદ્ધાંતની વાત આવતાં જ તેમનો અસલ સ્વભાવ પ્રગટ થાય છે.

વાત જૂની છે. તે દિવસોમાં બાપુ મુંબઈ જાય ત્યારે પોતાના મિત્ર દાકતર પ્રાણજીવનદાસ મહેતાના ભાઈ રેવાશંકર જગજીવનદાસને ઘેર ઊતરતા. ગાંધીજી **महात्मा** બન્યા પછી તેઓ પોતાને ત્યાં ઊતરે તેમાં

* ક્વેકર પંથ ખ્રિસ્તી ધર્મની એક શાખા છે. તેમાં અહિંસાનું વિશેષ પાલન થાય છે. તેઓ યુદ્ધમાં ભાગ લેતા નથી અને એમના પંથમાં કોઈ ધર્મોપદેશક પાદરી પણ નથી હોતા. સૌ ધ્યાન કરવા એક જગ્યાએ એકઠા થાય છે અને જેને ઇચ્છા થાય, તે ઉપદેશવચન બોલવા માંડે છે. ઉચ્ચનીચ ભાવ પાળવામાં તેઓ માનતા નથી.

મુંબઈના મોટા મોટા લોકો પોતાનું અહોભાગ્ય માનતા. પણ રેવાશંકરભાઈ જીવ્યા ત્યાં સુધી બાપુ તેમને ત્યાં જ ઊતરતા.

બાપુ જ્યાં ઊતરે ત્યાં મહેમાનોની ખોટ ન હોય. બિચારા ઘરધણીને સૌને માટે સગવડ કરવી પડે. એક દિવસ અમારા સ્વામી આનંદ ત્યાં જઈ પહોંચ્યા. તેઓ સંન્યાસીનાં વસ્ત્ર નથી પહેરતા; ધોતિયું, પહેરણ ને ગાંધીટોપી એવા સામાન્ય પોશાકમાં રહે છે.

રેવાશંકરને ત્યાંના રસોઈયા સાથે સ્વામી આનંદને કંઈક બોલાચાલી થઈ. આ રસોઈયાઓ કેટલીક વાર ઘણા ઉદ્ધત હોય છે. તેમના મનમાં નાનામોટાનો ભેદભાવ બહુ હોય છે. રસોઈયાએ સ્વામી આનંદનું કંઈક અપમાન કર્યું. સ્વામીને ગુસ્સો ચડ્યો. તેમણે એને એવી તો થપ્પડ ચોડી કે એ બેસી જ ગયો. ફરિયાદ બાપુ સુધી પહોંચી. બાપુએ સ્વામીને કહ્યું, 'ઊજળા લોકોમાંથી કોઈની સાથે તમારે ઝઘડો થયો હોત તો તમે તેને આમ થપ્પડ ન મારત. આ બિચારો નોકર એટલે તમે હાથ ઉપાડ્યો. હમણાં જ જઈને એની માફી માગો.' સ્વામી જેવા માની માણસથી આ કેમ બને ? બાપુએ જોયું કે સ્વામી માફી માગવા તૈયાર નથી એટલે બોલ્યા, 'કરેલા અન્યાયનો ડાઘ ધોઈ ન શકો તો તમારે મારો સંગ છોડવો જોઈશે.' બિચારા સ્વામી શું કરે ? સીધા જઈને રસોઈયાની માફી માગી આવ્યા.

સ્વામીએ રસોઈયાને થપ્પડ એવી જોરથી મારેલી કે તેમનું કાંડું મોચવાઈ ગયું. પહેલાં તેઓ મારી સાથે હોય ત્યારે બહુ પ્રેમપૂર્વક મારાં કપડાં ધોઈ આપતા. પણ હવે એમનું કાંડું મોચવાવાને લીધે એ બધું પૂરું થયું. આજે પણ એમના કાંડામાં પહેલાં જેવી શક્તિ નથી.

## ૫૦. મૌનવ્રતમાં અપવાદ

બિહાર અને ઓરિસાના લોકો તરફ બાપુના મનમાં ખાસ કરુણા છે. ઓરિસાની પ્રજા બિલકુલ અસહાય ને કચડાયેલી છે. બિહારના ગોરા નીલવરોએ ત્યાંની જનતાને ઓછી નહોતી કચડી. બિહારની જનતા

ભોળી અને નિષ્ઠાવાન છે. ત્યાં પરદાની રૂઢિ છે. તે બંધ કરવાને માટે ત્યાંના લોકોએ બાપુ પાસે એક પ્રચારિકાની માગણી કરી. બાપુને આશ્રમવાસીઓની શક્તિ પર વધારે વિશ્વાસ હોય છે. તેમણે પોતાના ભત્રીજા, આશ્રમના વ્યવસ્થાપક શ્રી મગનલાલ ગાંધીની દીકરી રાધાને બિહાર મોકલી. ચિ. રાધા પણ આત્મવિશ્વાસપૂર્વક ત્યાં ગઈ. તેણે ત્યાં સારું કામ કર્યું. એક વાર મગનલાલભાઈ પોતાની દીકરીને મળવા ત્યાં ગયા. ત્યાં તેઓ માંદા પડ્યા અને અવસાન પામ્યા. આશ્રમને માથે જાણે વજ્રપાત થયો. તાર આવતાં જ સૌના હોશ ઊડી ગયા. તે દિવસે સોમવાર હતો. બાપુનું મૌન હતું. તારની વાત સાંભળતાંવેંત બાપુ પોતાની જગ્યાએથી ઊઠીને મગનલાલભાઈને ત્યાં પહોંચી ગયા. એટલામાં હું પણ ત્યાં પહોંચી ગયો. મારાથી ન રહેવાયું ને હું રોઈ પડ્યો. એટલે બાપુએ પોતાનું મૌન તોડીને મને દિલાસો આપ્યો. મગનલાલભાઈનાં દીકરાદીકરીઓને બોલાવીને તેમણે પોતાની પાસે બેસાડ્યાં. હું ત્યાંથી જવા તૈયાર થયો એટલે બાપુએ કહ્યું, 'મેં સોમવારના મૌનનું વ્રત લીધું હતું ત્યારે જ બે અપવાદ રાખ્યા હતા; મારા શરીરને કંઈ અસહ્ય પીડા થાય અથવા બીજાને એવું જ દુ:ખ આવી પડે તો જરૂરી વાત કરવાને માટે મૌન તોડી શકાય. આટલાં વરસો પછી આજે એ અપવાદનો આશરો લેવો પડ્યો.'

બાપુ મગનલાલભાઈને ઘેર ગયા હતા. તેમનાં પત્ની તથા બાળકોને આશ્વાસન આપવાને માટે ત્યાં જ રહેવા લાગ્યા. પોતાની જગ્યાએ પાછા ન ગયા. જરૂરી બધી વસ્તુઓ ત્યાં જ મંગાવી લીધી. 'હવે આપણે અનાથ થઈ ગયાં છીએ' એવી લાગણી તેમણે મગનલાલભાઈના કુટુંબને જરાયે થવા ન દીધી.

## ૫૧. સેવામય પ્રેમ

મને ક્ષય રોગ થયો ત્યારે તબિયત સુધારવા માટે હું પૂના પાસે સિંહગઢ પર જઈ રહ્યો હતો. તબિયત સુધર્યા પછી આશ્રમમાં આવીને રહેવા લાગ્યો. દાક્તરની સલાહ હતી કે મારે થોડા મહિના સંપૂર્ણ આરામ લેવો.

આશ્રમમાં પહોંચ્યાને થોડી જ વાર થઈ એટલામાં એક છોકરી થાળીમાં સારાં સારાં ફૂલ લઈને આવી ને કહેવા લાગી, 'આ ફૂલ બાપુએ આપને માટે મોકલ્યાં છે.' મારી આંખોમાં આંસુ આવી ગયાં. છોકરી આગળ બોલી, 'બાપુએ અમને કહ્યું છે કે, કાકાને રોજ આમ ફૂલ આપી આવજો. તેમને ફૂલ બહુ ગમે છે.'

બાપુ પણ રોજ ગમે ત્યારે વખત કાઢી મારી પાસે આવી જતા હતા.

* * *

એક વાર આશ્રમના એક છોકરાએ આવીને બાપુને કહ્યું, 'બાપુજી, પ્રોફેસર આવ્યા છે' (આશ્રમમાં શ્રી જીવતરામ કૃપાલાનીને પ્રોફેસર કહેતા.) તે સાંભળતાં જ બાપુએ દેવદાસને કહ્યું, 'દેવા, જઈને બાને પૂછ કે દહીં છે કે નહીં? પ્રોફેસરને દહીં તો જોઈશે જ. ન હોય તો ક્યાંકથી લીંબુ લઈ આવ. લીંબુ બીજે ક્યાંય ન મળે તો કાકાને ત્યાં તો હશે જ.'

બાપુનો પ્રેમ સેવામય છે. દરેક માણસનું સુખદુઃખ પૂરેપૂરું સમજી લેવાની એમની સ્વાભાવિક વૃત્તિ છે.

* * *

એક દિવસ યરવડા જેલમાં બાપુને મેં કોળાનું શાક બનાવી આપ્યું પણ મેં ન લીધું. થોડું ખાધા પછી બાપુ કહેવા લાગ્યા, 'મને ખબર છે કે તમને કોળું ભાવતું નથી. પણ આજનું કોળું કંઈક જુદું જ છે. થોડું ખાઈ તો જુઓ.' અસ્વાદવ્રતની દીક્ષા આપનાર બાપુ કોઈ ચીજ ખાઈ જોવાનો આગ્રહ કરે એ વિચિત્ર કહેવાય. આ વાત એમના ધ્યાનમાં પણ આવી એટલે કહેવા લાગ્યા, 'કોળું પણ કેટલું મીઠું હોઈ શકે તેનો અનુભવ કરવા માટે મેં તમને ખાઈ જોવા કહ્યું.'

* * *

અહીં મને પહેલાંની એક વાત યાદ આવે છે.

કોઈક કારણે હું બાપુ પાસે ગયો હતો. ત્યાં કોઈ સજ્જન આવ્યા ને તેમણે બાપુ આગળ થોડાં ફળ મૂક્યાં. તેમાં ચીકુ સરસ હતાં. બાપુ તરત

જ બે મોટાં ચીકુ લઈને મને આપતાં બોલ્યા, 'કાકા, આ બે ચીકુ મહાદેવને આપજો. એને ચીકુ બહુ ભાવે છે.' મહાદેવભાઈ મારી પડોશમાં રહેતા હતા. તેમની પાસે જઈ કહ્યું, 'મહાદેવભાઈ, હું તમારે માટે પ્રેમનો સંદેશો લાવ્યો છું.' ચીકુ જોઈને મહાદેવભાઈ ખુશ થઈ ગયા ને બોલ્યા, 'ખરેખર, પ્રેમનો જ સંદેશ છે.'

## ૫૨. બુદ્ધ ભગવાન સાથે તાદાત્મ્ય

૧૯૨૭ની સાલની વાત છે. ખાદીકામને માટે ફાળો ઉઘરાવવા રાજાજીએ દક્ષિણમાં બાપુના પ્રવાસની ગોઠવણ કરી હતી. એ જ કામને અંગે અમે લંકાનો પણ પ્રવાસ કર્યો. લંકામાં બાપુએ બહુ અસરકારક વ્યાખ્યાન કર્યાં. ઘણું કરીને જાફનામાં એક દિવસ બાપુ બુદ્ધ ભગવાનના મિશન વિશે બોલતા હતા. બુદ્ધ ભગવાનની પરિસ્થિતિ કેવી હતી, તેમાંથી તેમને પોતાનું મિશન કેવી રીતે જડી આવ્યું, વગેરે બાબતોનું વિવરણ ચાલતું હતું. બાપુ પોતાના વિષયમાં એવા તલ્લીન થઈ ગયા કે એક જગ્યાએ જ્યાં બુદ્ધ વિશે **धेन ही सॉ** (પછી તેમણે જોયું) એમ કહેવું જોઈતું હતું ત્યાં તેમના મોઢામાંથી **धेन आई सॉ** (પછી મેં જોયું) નીકળી ગયું. આ ભૂલ એમના ખ્યાલમાં આવી હશે કે નહીં તે હું નથી જાણતો. ભાષણ બહુ અસરકારક થયું.

રાત્રે મહાદેવભાઈ, રાજાજી અને હું બાપુના ભાષણની ચર્ચા કરતા હતા. મેં કહ્યું, 'આજના ભાષણમાં **स्टार ऑफ धि ईस्ट**વાળા કૃષ્ણમૂર્તિ જેવું બન્યું.' એટલે રાજાજી તરત બોલી ઊઠ્યા, **डिड् यु ऑलसो मार्क धॅट काका?** (તમારા ધ્યાનમાં પણ એ આવેલું કે, કાકા?) અમે બંને હસી પડ્યા.

મેં કહ્યું, 'ભાષણમાં બાપુનું બુદ્ધ ભગવાન સાથે એવું તાદાત્મ્ય થઈ ગયેલું કે પહેલો પુરુષ સર્વનામ આપમેળે એમને મોંએથી નીકળી ગયું.

એમાંથી કશોય ગૂઢ અર્થ કાઢવાની જરૂર નથી. બુદ્ધ ભગવાને જે કાર્ય પોતાના જમાનાને માટે કર્યું તે જ કાર્ય આજની પરિસ્થિતિમાં બાપુ જુદી ભૂમિકા પરથી કરી રહ્યા છે એટલું જ અનુમાન કાઢવું પૂરતું છે.

'બાપુ પોતાને બુદ્ધ ભગવાનના અવતાર માનવા માંડે તો હું એમાં જોખમ જોઉં. હું નથી માનતો કે બાપુ કદી પોતાને બુદ્ધના અવતાર માની શકે. બાપુ ક્યારનાયે હિંદુ સમાજથી પર થઈ ચૂક્યા છે. પરંતુ તેમણે તેની સાથેનો પોતાનો સંબંધ તોડ્યો નથી. તેમણે છેવટ સુધી હિંદુ જ રહેવું જોઈએ. હિંદુ રહીને જ તેઓ દુનિયાની સેવા કરશે અને રૂઢ હિંદુ ધર્મને પોતાના આદર્શ મુજબનો ઉજ્જ્વળ હિંદુ ધર્મ બનાવશે.'

## ૫૩. દક્ષિણા આપો એટલે આશીર્વાદ મળશે

અમે દક્ષિણમાં પ્રવાસે ગયા હતા. સ્થળ બરાબર યાદ નથી પણ બૅંગલોર હોવું જોઈએ. બાપુ પોતાના ઓરડામાં કામ કરતા હતા. દર્શન કરનારા આવતાજતા હતા. એટલામાં એક ભાઈ એક નવ-પરિણીત દંપતીને લઈને આવ્યા. બંનેનો પોશાક અમીરી હતો. નવ-પરિણીત વરવધૂનો પોશાક કાંઈક કીમતી અને ભપકાદાર હોય જ. પણ આમનો એથીયે વધારે હતો. પેલા કોઈએ કહ્યું, 'મહાત્માજી, આજે જ આમનું લગ્ન થયું છે. આપના આશીર્વાદ માટે આવ્યાં છે.' બાપુએ બંનેને પોતાની સામે બેસાડ્યાં ને બોલ્યા, 'એમ મફત આશીર્વાદ ન મળે! હરિજનો માટે કંઈ લાવ્યાં છો? લગ્નમાં પુરોહિતોને તો ખૂબ દક્ષિણા આપી હશે. હરિજનોને કંઈ આપ્યું? હરિજનોને ઠગો એ નહીં ચાલે. લાવો, કંઈ દક્ષિણા આપો એટલે આશીર્વાદ મળશે.'

નવ-પરિણીત દંપતી બોલે શું? બંને તેમને લઈ આવનાર ભાઈની સામે જોવા લાગ્યાં.

એટલે પેલા ભાઈ બોલ્યા, 'મહાત્માજી, આપની વાત સાચી છે, પણ

આ એમ. સી. રાજાનાં* પુત્ર ને પુત્રવધૂ છે.'

બાપુ ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા, 'ત્યારે તો તમે મારા આ લાગામાંથી મુક્ત છો.'

મને મનમાં થયું કે વિનોદ તો થયો પણ આ હરિજન નવદંપતીએ પણ જોયું હશે કે બાપુના મનમાં આપણી જાતિ પ્રત્યે કેવો અનહદ પ્રેમ છે !

## ૫૪. દિવ્ય કામના

૧૯૨૬-૨૭ની વાત છે. દક્ષિણની ખાદીયાત્રા પૂરી કરી બાપુ ઓરિસા પહોંચ્યા. ત્યાં અમે ઇંટામારી નામના એક ગામમાં ગયા. બાપુએ ભાષણ આપ્યું. પછી લોકો જાતજાતની ભેટ લઈને આવ્યા. કોઈ કોળું લાવ્યા તો કોઈ બિજોરું લાવ્યા; કોઈ વેંગણ તો કોઈ જંગલની ભાજી લાવ્યા. કેટલાકે પોતાનાં ચીંથરાંમાંથી છોડીને થોડા થોડા પૈસા પણ આપ્યા. સભામાં ફરી હું એ પૈસા ભેગા કરતો હતો. પૈસાના કાટથી મારા હાથ લીલા થઈ ગયા. મેં બાપુને મારા હાથ બતાવ્યા. મારાથી બોલી ન શકાયું. બીજે દિવસે સવારે બાપુ સાથે ફરવા નીકળ્યો. રસ્તો છોડી અમે ખેતરોમાં ફરવા લાગ્યા. બાપુ કહેવા લાગ્યા, 'અહીં કેટલી ગરીબાઈ ને દીનતા છે ! આ લોકોને માટે શું કરી શકાય ? મને થાય છે કે મરણની ઘડી આવે ત્યારે અહીં ઓરિસામાં આવી આ લોકો વચ્ચે મરું. કંઈ નહીં તો તે વખતે જેઓ મને મળવા આવશે તે આ લોકોની કરુણ દશા જોશે. તેમાંના કોઈ ને કોઈનું હૃદય પીગળશે અને તે આ લોકોની સેવા કરવા અહીં આવીને વસશે.'

હું શું બોલું ! એમની આ પવિત્ર ભાવનાનો ધન્ય સાક્ષી થઈ શક્યો.

---

* એમ. સી. રાજા પોતે હરિજન છે અને દક્ષિણના હરિજનોના મુખ્ય આગેવાનોમાંના એક છે.

## ૫૫. આશાનું પ્રતીક

આ જ પ્રવાસમાં અમે ચારબટિયા પહોંચ્યા. ત્યાં પણ સભા ભરાઈ. હું ધારતો હતો કે ઈટામાટી કરતાં વધારે ખરાબ દશા તો ક્યાંય નહીં હોય. પણ ચારબટિયા એથીયે વધી ગયું. લોકો ઓછા આવ્યા હતા. પણ જેટલા આવ્યા હતા તેમાંથી કોઈના મોઢા પર ચેતન નહોતું જણાતું; શબ જેવી શૂન્યતા હતી.

અહીં પણ બાપુએ પૈસા માટે અપીલ કરી. લોકોએ પણ કંઈ ને કંઈ આપ્યું. મારા હાથ પૈસાના કાટથી પાછા લીલા થઈ ગયા.

આ લોકોએ રૂપિયા કદી જોયા નહોતા. તાંબાના પૈસા એ જ એમનું નાણું. પૈસો હાથમાં આવે તે ખરચવાની તેમની કદી હિંમત ચાલતી નહીં. ઘણા દિવસ સુધી કપડામાં બાંધી રાખવાથી કે દાટી રાખવાથી પૈસા પર કાટ ચડી જતો.

મેં બાપુને કહ્યું, 'આ લોકો પાસેથી આવા પૈસા લઈને શું વળશે?' બાપુએ કહ્યું, 'આ દાન પવિત્ર છે; આપણે માટે એ દીક્ષા છે. આની મારફતે અહીંની નિરાશ જનતાના હૃદયમાં પણ આશાનો અંકુર ફૂટ્યો છે. આ પૈસા એ આશાની નિશાની છે. આ લોકો માનવા લાગ્યા છે કે અમારો પણ ઉદ્ધાર થવાનો.'

એ સ્થળ અને એ દિવસ બંને યાદ રહેવાનું એક બીજું કારણ બન્યું. રાતે અમે ત્યાં જ સૂતા. બીજે દિવસે સૂર્યોદય એટલો સુંદર હતો કે બાપુએ મને જોવા બોલાવ્યો. પછી મને પૂછવા લાગ્યા, 'વિદ્યાપીઠની દશા તમે જાણો છો. એનો કબજો તમને સોંપું તો લેશો?' મેં કહ્યું, 'બાપુજી, વિદ્યાપીઠની દશા આપ જાણો છો એથી વધારે હું જાણું છું. સવાલ ગૂંચવણભર્યો બની ગયો છે. પણ કાંઈ નહીં તો કોઈ એક બાબતમાં આપને નચિંત કરવાને માટે હું તે જવાબદારી લેવા તૈયાર છું.' બાપુ બોલ્યા, 'દાક્તર પાસે કોઈ રોગી ગમે તેવી હાલતમાં આવે તોપણ દાક્તર તેનો ઉપચાર કરવાની ના ન પાડે. જેની બચવાની ખાતરી હોય

એવા રોગીની જ હું દવા કરું એમ દાકતરથી કેમ કહેવાય ?'

મેં કહ્યું, 'વિદ્યાપીઠની એટલી બધી ખરાબ દશા નથી. હું જરૂર વિદ્યાપીઠને સારા પાયા પર લાવી આપીશ અને ધીમે ધીમે તેને ગામડાંની સેવા તરફ વાળીશ.'

વિદ્યાપીઠની જવાબદારી લઈ મેં ત્યાં ખાદીકામ, સુથારીકામ, વગેરે શરૂ કર્યું. તે ઉપરાંત **ग्रामसेवा दीक्षित**ની નવી ઉપાધિ સ્થાપીને તેને માટે વિદ્યાર્થીઓ તૈયાર કર્યા. શ્રી બબલભાઈ મહેતા અને શ્રી ઝવેરભાઈ પટેલ એ ગ્રામસેવા મંદિરના પહેલા દીક્ષિત છે. આ બંને જાણ ગ્રામસેવાનું કામ કેવું સરસ ચલાવે છે તે સૌ જાણે છે. બબલભાઈએ **મારું ગામડું** નામના પુસ્તકમાં પોતાના અનુભવો આપ્યા છે તે કોઈ નવલકથાના જેવા રોમાંચક લાગે છે.

## ૫૬. અનોખી પ્રશ્નોતરી

૧૯૨૭ની સાલ પછીની વાત છે. મૈસૂરમાં સ્ટુડન્ટ્સ વર્લ્ડ ફેડરેશનનું – આખી દુનિયાના વિદ્યાર્થીઓના સંઘનું – અધિવેશન હતું. વિદ્યાર્થીઓમાં કામ કરનારા અમેરિકાના રેવરન્ડ મૉટ તેના પ્રમુખ હતા. હિંદુસ્તાન આવ્યા પછી તેઓ બાપુને મળ્યા વગર શેના જાય ? તેઓ અમદાવાદ આવ્યા ને બાપુ પાસે મુલાકાતને માટે વખત માગ્યો. બાપુ આખો દિવસ કામમાં હતા એટલે રાત્રે સૂતા પહેલાં દસ મિનિટ આપી. હું પણ વિદ્યાપીઠથી આશ્રમમાં ગયો હતો. મને કુતૂહલ થયું કે જોઈએ દસ મિનિટમાં તે શી શી વાતો થાય છે !

બાપુ આંગણામાં સૂતા હતા. રેવરન્ડ મૉટ આવીને પાસે એક બાંકડા પર બેઠા. તેઓ પોતાના સવાલ લખી લાવ્યા હતા. તેમણે હરિજન ચળવળ વિશે પૂછ્યું. મિશનરી લોકોની સેવાની શી અસર થઈ છે તે પૂછ્યું. પછી તેમણે જે બે સવાલો પૂછ્યા તેના ઉત્તર મારા મનમાં

કોતરાઈ ગયા છે. આવા સવાલ ભાગ્યે જ કોઈ પૂછતું હશે.

**સવાલ :** 'આપના જીવનમાં આશા-નિરાશાના પ્રસંગો ઘણા આવતા હશે તેમાં આપને શાથી વધારેમાં વધારે આશ્વાસન મળે છે ?'

**જવાબ :** 'ગમે તેટલી છંછેડવામાં આવે તોપણ આ દેશની જનતા પોતાની અહિંસાવૃત્તિ છોડતી નથી એ વાતથી મને વધારેમાં વધારે આશ્વાસન મળે છે.'

**સવાલ :** 'અને એવી કઈ વસ્તુ છે જે આપને રાતદિવસ ચિંતા કરાવે અને જેને લીધે આપને હંમેશાં બેચેની રહેતી હોય ?'

સવાલ વિચિત્ર હતો. બાપુ એક ક્ષણ થોભ્યા ને પછી બોલ્યા, 'ભણેલા લોકોમાંથી દયાભાવ સુકાઈ ગયો છે એ વાતથી મને હંમેશાં ચિંતા રહે છે.'

આ પ્રશ્નો ને તેમના ઉત્તરો સાંભળી હું લગભગ અસ્વસ્થ થઈ ગયો. વિદ્યાપીઠમાં જઈને સૂતો તો ખરો પણ ઊંઘ ન આવી. મેં વિચાર કર્યો કે અભણ જનતાના યુવકોને બોલાવી હું તેમને કેળવણી આપવા મથું છું એટલે કે બાપુને આશ્વાસન આપનાર વર્ગને ઘટાડી તેમને ચિંતા કરાવનાર અને બેચેન કરનાર વર્ગને વધારું છું. મારી મહેનતનું ફળ તો આ જ ગણાય ને ? હું જે કેળવણી આપું છું તેના પર રાષ્ટ્રીયતાની છાપ છે ખરી પણ એટલાથી મારાથી સમાધાન કેમ લેવાય ?

ત્યાર પછી જ મેં વિદ્યાપીઠમાં ગ્રામસેવા વિદ્યાલય શરૂ કર્યું.

## ૫૭. કેદી રસોઈયો દત્તોબા

સને ૧૯૩૦માં બાપુ સાથે હું યરવડા જેલમાં હતો ત્યારની વાત છે. બાપુની રસોઈ કરવા સુપરિન્ટેન્ડેન્ટ મેજર માર્ટિને દત્તોબા નામના એક મહારાષ્ટ્રી કેદીને મૂક્યો હતો. દત્તોબાને કામ બહુ નહોતું રહેતું. બાપુનાં કપડાં ધુએ, બકરીનું દૂધ ગરમ કરે, એવાં નાનાં નાનાં કામ કરે.

બિચારાના પગમાં કંઈક દરદ હતું એટલે બધું કામ લંગડાતો લંગડાતો કરતો.

એક દિવસ બાપુએ મેજર માર્ટિનને વાત કરી. તેણે કંઈક દવા આપી પણ દરદ ન મટ્યું. આમ લગભગ એક મહિનો વીત્યા પછી બાપુએ મેજર માર્ટિનને પૂછ્યું, 'આ માણસની હું દવા કરું તો તમને કંઈ વાંધો છે ?' 'બિલકુલ નહીં', મેજરે જવાબ આપ્યો. બાપુ કહે, 'મારા ઉપચારમાં આહાર મુખ્ય છે. હું તેને મારા તરફથી ખાસ ખોરાક આપીશ.' માર્ટિને એ વાતની પણ હા પાડી.

બાપુએ ઉપચાર શરૂ કર્યો. સૌથી પહેલાં તેમણે તેને થોડા ઉપવાસ કરાવ્યા, એનિમા, વગેરેથી તેનું પેટ સાફ કરાવ્યું અને પછી થોડા દિવસ કેવળ શાકભાજી પર રાખ્યો. પછી તેના ખોરાકમાં વારંવાર ફેરફાર થતા ગયા. લંગડાને સારો ફાયદો થયો. તેણે મને કહ્યું, 'કેટલાંય વરસો થયાં આ દરદથી હેરાન થતો હતો. હવે મારો પગ સારો થઈ ગયો. ચાલતાં જરાયે મુશ્કેલી પડતી નથી. મને પોતાને જ નવાઈ થાય છે કે હવે હું સૌની જેમ કેવી રીતે ચાલી શકતો હોઈશ.'

બાપુ છૂટ્યા પછી એ પણ છૂટી ગયો ને તેણે મુંબઈ કોલાબા તરફ ચાકૉફીની હોટલ કાઢી. એક દિવસ તેણે ક્યાંકથી સાંભળ્યું કે બાપુ મુંબઈ આવ્યા છે એટલે તે બાપુનાં દર્શન કરવા આવ્યો. આવીને તેણે બાપુને સાષ્ટાંગ દંડવત્ કર્યા. એની આંખોમાં કૃતજ્ઞતા ઊભરાતી હતી. બાપુએ મને કહ્યું, 'એને કહો કે આજે કામમાં છું. આવતી કાલે જરૂર મળવા આવે.' મેં દત્તોબાને સમજાવ્યું કે બાપુ તને મળવા માગે છે. આવતી કાલે જરૂર આવજે. તેણે કહ્યું, જરૂર આવીશ. પણ એ અભાગિયો ન આવ્યો. બાપુના મનમાં એમ કે દુકાન ચલાવવા એને પાંચપચાસ રૂપિયા આપીએ તો બિચારો રાજી થાય. તેણે મને પોતાનું પૂરું ઠેકાણું આપ્યું હોત તો હું તેને શોધી લાવત. પણ મુંબઈના માનવસાગરમાં હું એને ક્યાં શોધું ?

બીજે દિવસે તે ન આવ્યો તેથી દુ:ખી થઈને બાપુ કહેવા લાગ્યા, 'કાલે

જ એને કંઈક આપી દીધું હોત તો સારું થાત. મજૂરી કરીને જીવનાર માણસ વારે ઘડીએ આવવાનો વખત ક્યાંથી કાઢે ?'

## ૫૮. આ પણ અપરિગ્રહમાં આવે

થોડા દિવસ પછી બાપુએ સાંજે ફરવાનો વખત વધાર્યો. મેં પૂછ્યું, 'કેમ બાપુજી, પહેલાં તો આપ અરધો જ કલાક ફરતા હતા ને હવે લગભગ કલાક સુધી ફરવા માંડ્યું ? સવારે પણ આપ ઠીક ઠીક ફરો છો આપની તબિયત પર એની અસર નહીં થાય ?' બાપુએ જવાબ આપ્યો, 'મને મારામાં વધારે શક્તિ આવેલી જણાવા લાગી એટલે મેં જાણી જોઈને ફરવાનો વખત વધાર્યો છે. ફરવું એ બ્રહ્મચર્યવ્રતના પાલનનું એક અંગ છે.' મેં પૂછ્યું, 'એ કેવી રીતે ?' એટલે કહેવા લાગ્યા, 'માણસને આખો દિવસ કામ કરવાને માટે રોજ સવારે જે શક્તિ આપવામાં આવે છે તે તેણે સૂવાના વખત પહેલાં ખરચી નાખવી જોઈએ. આ અપરિગ્રહનું લક્ષણ છે. પૂરેપૂરી શક્તિ શ્રદ્ધાપૂર્વક ન વાપરી નાખો તો બાકી રહેલી શક્તિ વિકારનું રૂપ લે. રોજેરોજ આપણને જોઈતી શક્તિ મળે છે તો પછી આજની શક્તિ શા સારુ બચાવવી ? શરીરમાં પેદા થતા વીર્યને સખત મજૂરીથી પરસેવામાં પલટી નાખવામાં આવે તો રાતે ઊંઘ સારી આવે છે ને વિકારનો સંભવ ઓછો રહે છે. એટલે અપરિગ્રહ અને બ્રહ્મચર્ય બંનેની દૃષ્ટિએ પૂરેપૂરી મહેનત કરવી જોઈએ.' આટલું કહીને જરા અટક્યા ને પાછા બોલ્યા, 'દક્ષિણ આફ્રિકામાં જ્યારે ચાળીસ માઈલ ચાલવાની શક્તિ હતી ત્યારે કદી ઓગણચાળીસ માઈલ ચાલ્યો નથી. ખૂબ ખાતો ને ખૂબ મહેનત કરતો.'

* * *

એક દિવસ આશ્રમમાં કહેવા લાગ્યા, ''કેવળ અપરિગ્રહ વ્રતનો વિચાર કરીએ તો તેનો એટલો જ અર્થ નથી કે માણસ સાદાઈ રાખે. આપણે લોકો બહુ પરિગ્રહી છીએ. આપણી સરખામણીમાં ગોરા લોકો વધારે

અપરિગ્રહી છે. મહિને પાંચસો કમાય તોપણ મહિનાના અંત સુધીમાં બધી કમાણી ખરચી નાખે. ભવિષ્યમાં મારું શું થશે, મારાં બાળબચ્ચાંનું શું થશે એવી ફિકર તે નથી રાખતા. એવી ફિકર નરી નાસ્તિકતા છે. આપણા છોકરા આપણા કરતાં ઓછા પુરુષાર્થી થશે એવી અશ્રદ્ધા આપણે શા સારુ રાખીએ ? દીકરા માટે ધન સંઘરવું એટલે તેમના પ્રત્યે અશ્રદ્ધા બતાવવી, તેમને બગાડવા. લાહોરના બૅરિસ્ટર સંતાનમ્ પણ આ જ મતના છે. એમની પાસેથી જ મેં એક વાર સાંભળ્યું હતું કે 'પુત્રો માટે ધન મૂકી જવું એ તેમને અન્યાય છે.' ''

## ૫૯. ઉત્કટ સાધના

યરવડા જેલમાં એક દિવસ સાંજે અમે ફરતા હતા. કંઈક વાત નીકળતાં બાપુ બોલ્યા, 'કોઈ સવાલ ઊભો થતાં તેને વિશે લખતાં મને હવે વાર નથી લાગતી. પણ એનો અર્થ એવો નથી કે મેં એને માટે સાધના નથી કરી. દક્ષિણ આફ્રિકામાં એક સાથીને કાયદાની પરીક્ષામાં બેસવું હતું. તેની પાસે પૂરતો વખત નહોતો અને તેનામાં જોઈએ તેટલી શક્તિ પણ નહોતી. હું તેને માટે ડચ કાયદાની નોંધો તૈયાર કરતો ને રોજ પગે ચાલી તેને ઘેર જઈ કાયદો શીખવતો. મારા કેસ પણ હું એવા તૈયાર કરીને કોરટમાં લઈ જતો કે જાણે તે દિવસે મારે પરીક્ષામાં જ બેસવાનું હોય !'

આ પહેલાં શ્રી મગનલાલભાઈને મોઢે સાંભળેલી વાત પણ જણાવી દઉં. દક્ષિણ આફ્રિકામાં એક વખત એક મુસલમાન નોકરે આવીને બાપુને કહ્યું કે મને અંગ્રેજી આવડતું હોત તો સારો પગાર મળત. આજના પગારમાં મારું પૂરું નથી થતું. એટલે બાપુ તેને અંગ્રેજી શીખવવા તૈયાર થયા. પેલાએ કહ્યું કે, 'આપ મને શીખવવા તૈયાર થયા એ આપની મહેરબાની, પણ હું નોકરી કરું કે આપની પાસે અંગ્રેજી શીખવા આવું ?'

બાપુએ એનો ઈલાજ પણ શોધી કાઢ્યો. પોતે રોજ ચાર માઈલ પગે ચાલી તેને ઘેર જઈ તેને અંગ્રેજી શીખવવા લાગ્યા !

## ૯૦. દાક્તર પાસે ફી લીધી !

સિંધથી અમે લાહોર ગયા. ત્યાં અનારકલીમાં **सर्वन्ट्स ऑफ पीपल्स सोसायटी**ના મકાનમાં ઊતર્યા હતા. ત્યાંના એક પ્રખ્યાત દાક્તરને ખબર પડી કે મહાત્માજીની તબિયત સારી નથી ને પ્રવાસમાં પણ તેમને ઘણી હેરાનગતિ વેઠવી પડી છે. તેઓ તરત બાપુને જોવા આવ્યા. તેમણે કહ્યું, 'મહાત્માજી, હું આપની દાક્તરી તપાસ કરવા માગું છું.' બાપુએ કહ્યું, 'ઠીક, કરો. પણ હું કંઈ એવો બીમાર નથી.' દાક્તરે ભક્તિભીને અવાજે કહ્યું, 'પણ આપને તપાસી ન લઉં ત્યાં સુધી મને શાંતિ નહીં વળે.' બાપુએ કહ્યું, 'શાંતિ મેળવવી હોય તો ભલે. પણ મારી ફી લીધા વગર હું મારું શરીર તપાસવા નહીં દઉં. આટલા મુલાકાતીઓ રાહ જુએ છે ત્યાં તમારે માટે મફત વખત ક્યાં કાઢું ?'

ભલા દાક્તરે ખિસ્સામાંથી સોળ રૂપિયા કાઢ્યા અને બાપુ સામે મૂકતાં કહ્યું, 'અહીંયાં આવ્યો તે પહેલાં વિઝિટ પર ગયો હતો. જે કાંઈ મળેલું તે આપની આગળ મૂક્યું છે.' બાપુએ રાજી થઈને રૂપિયા લઈ લીધા અને હરિજન ફાળામાં જમે કર્યા.

લાહોરથી નીકળતી વખતે ત્યાંના પત્રકારોએ વખત માગ્યો. બધા એકઠા થઈને આવ્યા ત્યારે તેમની આગળ પણ બાપુએ પોતાની ફીની શરત મૂકી. વાઘે એક વાર લોહી ચાખ્યું હતું ને ! પત્રકારોએ ત્યાં ને ત્યાં ફાળો કરી થોડી રકમ આપી. બાપુ રાજી થયા ને પત્રકારો પણ રાજી થયા. પત્રકારોને છાપાં માટે મસાલો જોઈતો હતો એટલે સાથે સાથે તેમને આ સુંદર કિસ્સો પણ આયતો મળી ગયો.

---

Acc. No. 30371
Date 14-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

| | | | |
|---|---|---|---|
| | | | |

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

**આપણે સૌ એક પિતાનાં સંતાન** ગાંધીજી

ગાંધીજીનું જીવન અને વિચાર તેમના જ શબ્દોમાં રજૂ કરતા અને યુનેસ્કોએ તૈયાર કરાવેલ આ સંગ્રહની રચના એવી છે કે ગાંધીજીના વિશાળ સાહિત્ય સુધી જે ન પહોંચી શકે તે પણ આ પુસ્તક દ્વારા તેમનાં કાર્યનો, કાર્યપદ્ધતિનો, વિચારનો અને તેમની મહાન વિભૂતિનો પરિચય કરી શકે.

**કિંમત રૂ. ૨૫.૦૦**

**મારા સ્વપ્નનું ભારત** ગાંધીજી

સંકલન : આર. કે. પ્રભુ

ગાંધીજીના સ્વપ્નના ભારતનું ચિત્ર કેવું હતું તથા સ્વતંત્ર ભારત માટે દેશની આંતરિક બાબતોમાં તથા બીજા દેશો સાથેના સંબંધમાં તેઓ કેવા વર્તનની આશા રાખતા હતા, એ અંગેના તેમના વિચારો અહીં એકસાથે આપવામાં આવ્યા છે.

**કિંમત રૂ. 30.00**

Library IIAS, Shimla
GJ 891.474 G 151 K
00130371

**નવજીવન પ્રકા[illegible]**
**અમદાવાદ-[illegible]**

SABARMATI ASHRAM
000628 Ahmedabad
BAPUNI ZANKHI GUJ.
MRP : Rs. 10

રૂ. ૧૦.૦૦ ISBN 81-7229-338-0